...ર્યવાહક મંડળ

કવિવર્ય શ્રી નાનચંદ્રજી મહારાજ

[જેમની દેખરેખ નીચે બધાં પ્રકાશનો બહાર

લેખક

શતાવધાની શ્રી સૌભાગ્યચંદ્રજી મહા

કાર્યવાહકોઃ—

મંત્રી

શ્રી. લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી

સલાહકાર

શ્રી. બુધાભાઈ મહાસુખભાઈ શાહ

શ્રી. જુઠાભાઈ અમરશી શાહ

ખજાનચી

શ્રી. મણિલાલ ઉજમશી શાહ

વ્યવસ્થાપક

શ્રી. તારક રવાણી **શ્રી. જમુ રવાણી**

લેખકના મદદનીશ તરીકે રહેશે.

આર્થિક સહાયદાતા

શ્રી. ડુંગરશી ગુલાબચંદ સંઘવી

જેમની આર્થિક મદદથી સંસ્થા ચાલી રહી છે.

સહાયકોને

આ સંસ્થાને પ્રતિવર્ષે રૂા. ૧૫૦) આપી સંસ્થાના પોષ બની શકાશે.

આ સંસ્થાને પ્રતિવર્ષે રૂા. ૨૫) આપી સંસ્થાના શુભેચ્છક બની શકાશે.

આ સંસ્થાના આર્થિક સહાયદાતા શ્રી. ડુંગરશી ગુલાબચંદ સંઘવી તરફથી મળેલી રકમ વગર વ્યાજેજ રોકાઇ છે. એટલે વ્યાજનો કે તેવો કશો બોજો પ્રકાશન પર પડવાનો નથી.

ગ્રાહકોને

૧ અગાઉથી ગ્રાહક થનાર પાસેથી માત્ર કાગળ, છપાઇ, પુસ્તક-
બંધામણી તથા વ્યવસ્થાનુંજ માત્ર ખર્ચ લેવામાં આવશે.
૨ હાલ તેઓની પાસેથી-બે રૂપિયા પ્રથમ લેવામાં આવશે. અને
જેમ જેમ પુસ્તકો બહાર પડશે તેમ તેમ તેઓને મૂળ કિંમ
ટપાલ તથા રવાનગી ખર્ચ ઉમેરી ઘેર બેઠાં પહોંચાડવા
આવશે. તે કુલ ખર્ચ તેમની આવેલી રકમમાંથી બાદ થતું રહે
૩ ગ્રાહક થવાથી વી. પી. નું ખર્ચ બચી જશે તથા પુર
પહેલી તકે મેળવી શકાશે.

બીજું ઉપયોગી

૧ જે પહેલેથી ગ્રાહકો ન થયાં હોય તેઓને પુસ્તકો સિ
હશે તોજ આપવામાં આવશે.
૨ આ સંસ્થાના પ્રકાશનોમાં સ્વદેશી વસ્તુઓ વા
યથાશકય પ્રયત્ન થશે.
૩ થયેલા ખર્ચની વિગત હમેશાં પુસ્તકની પાછળ આપવામાં

બુકસેલરોને સૂચના

૧ કોઇ પુસ્તકની ૨૫ થી ઓછી નકલોનો ઓર્ડર સ્વીકા
૨ રેલભાડું અને રવાનાખર્ચ સહિત પૂરાં નાણાં કાર્યાલ
પછીજ મંગાવેલ પુસ્તકો મોકલવામાં આવશે.
પુસ્તકો મોકલવામાં આવશે નહિ.
૩ બધાં પુસ્તકોમાં ૬। ટકા કમિશન મળશે.
૪ રસ્તામાં દાગીનો ગેરવલ્લે પડે, બગડે, મોડો પડે
કોઇ હાનિ પહોંચે તેને સારુ કાર્યાલય જવાબદાર
દાગીનો સોંપતા સુધી કાર્યાલયની જવાબદારી રહે
૫ પુસ્તકની છાપેલી કિંમતથી વધારે કિંમતે અમદા
વેચી શકાશે નહિ.
૬ બુકસેલરોએ બધો વહેવાર નીચેને સરનામે કર


મહાવીર કાર્યાલય: સાબ

દશવૈકાલિક સૂત્ર

પ્રત ૫૦૦૦ ના ખર્ચની વિગત

ક્રાઉન ૧૬ પેજી સાઈઝ: ફોર્મ ૧૨ાા: પૃષ્ઠ ૨

કાગળ રીમ ૬૨ાા સત્તાવીસ રતલી ૫-૫-૬ લેખે	૩૩
છપામણી	૧૬
વળામણી અને મેળવણી	૩૧
બંધામણી	૨૦૦—
પૂંઠા તથા છપામણી	૪૦—
વ્યવસ્થાખર્ચ	૧૨૫—
પ્રચારખર્ચ	૨૦૦—૦
સરંજામખર્ચ	૭૦—૦
કાગળ વગેરેની મજૂરી	૨-૧૦—
	૧૧૭૧-૧૪—

નોંધ:—પ્રચારખર્ચમાં જાહેરખબરખર્ચ, ટપાલખર્ચ, મુસાફરી ખર્ચ, સમાલોચના, અભિપ્રાય તથા ભેટ માટે અપાતાં પુસ્તકો વગેરેના ખર્ચનો સમાવેશ થાય છે.

પ્રકાશક :
લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી
મંત્રી,
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, અમદાવાદ-૧.

પ્રથમ આવૃત્તિ પ્રત ૫૦૦૦

ફાલ્ગુન સુદ ૧ : ૧૯૯૧

મુદ્રક :
પટેલ મગનલાલ લક્ષ્મીદાસ
શ્રી "સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ."
ઠે. પાનકોર નાકા-અમદાવાદ.

નિવેદન

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિરનો આ બીજો ગ્રંથ બહાર પડે છે. લેખક મુનિરાજશ્રી વિહારમાં હોવાથી દશવૈકાલિકનું પ્રકાશન ધારવા કરતાં કંઈક મોડું થવા પામ્યું છે. પરંતુ આની જ સાથે ત્રીજું પ્રકાશન "સાધક સહચરી" પણ તૈયાર થઈ ગયું છે. અને તે ટૂંક સમયમાં પ્રસિદ્ધ થઈ, થોડાજ વખતને અંતરે ગ્રાહકોને મળવાથી અવશ્ય સંતોષ થશે એમ અમે માનીએ છીએ.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની પ્રથમ આવૃત્તિના પ્રકાશન વખતે જનતાની માગને અમો પહોંચી શક્યા નહતા. તેથી આ દશવૈકાલિક સૂત્રની પ્રથમ આવૃત્તિની ૫૦૦૦ પ્રત છપાવી છે.

બને ત્યાં સુધી સ્વદેશી વસ્તુઓજ વાપરવાનો સંસ્થાનો ઉદ્દેશ હોવાથી છીંટના પાકાં પૂંઠાને બદલે કાગળનુંજ પાકું પૂંઠું રાખ્યું છે. આમ કરવાથી ખર્ચ પણ ઓછું થાય છે અને પ્રકાશન ટકાઉ તથા સસ્તું બહાર પડી શકે છે.

આ પછી અમારી સંસ્થાનું ચોથું પ્રકાશન શ્રી આચારાંગ સૂત્ર [ગૂજરાતી અનુવાદ] બહાર પડશે.

આ સંસ્થાની પ્રકાશન સંબંધી યોજના અને તેના નિયમો આગળ જ આપેલા છે. તે વાંચી યોગ્ય લાગે તો જિજ્ઞાસુ બંધુઓએ ગ્રાહક થઇ જવું. તેમ થવાથી તેમને અને સંસ્થાને પોસ્ટખાતાની અને વધુ ખર્ચની તકલીફ રહેશે નહિ.

અમારાં ગ્રાહકોએ અને વિદ્વાનોએ અમારા પ્રથમ પુષ્પ શ્રી ઉત્તરાધ્યયનનો ભાવભીનો સત્કાર કરી સંસ્થાને આગળ ધપાવવાની પ્રેરણા આપી છે તે બદલ અમો તે સૌના આભારી છીએ, અને તેઓની આ સંસ્થાપર આવી શુભ ભાવના વધ્યા કરે એમ અમે ઇચ્છીએ છીએ.

આ સંસ્થાના હંમેશના નિયમમુજબ ખર્ચની વિગત પણ આગળ આપેલી છે.

મંત્રી

પ્રવેશતાં પહેલાં

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની પહેલી આવૃત્તિ બહાર પડી ત્યારે શ્રી દશવૈકાલિક સૂત્રનું અનુવાદન બહાર પાડવાની ઇચ્છા હતી. અને તેનો આરંભ પણ થઇ ચૂકેલો. પરંતુ અનેક સંયોગોની વચ્ચે પ્રબળ ઇચ્છા હોવા છતાં અમદાવાદમાં તો પૂર્ણ ન જ થયું.

અમદાવાદથી જેમ જેમ વિહાર કરી આગળ વધતા ગયા તેમ તેમ ત્યાં માર્ગમાં જેટલો અવકાશ મળે તેટલો લઇ તે તથા " સાધક સહચરી " (જે પુસ્તક તૈયાર થઇ છપાઇ રહ્યું છે તે) વૃદ્ધિ પામ્યે જતાં હતાં. પરંતુ તેની સમાપ્તિ તો કઠોર મુકામે જ થઇ. આ પરથી આ ગ્રંથનું પ્રસિદ્ધિકરણ કેમ મોડું થયું તે સમજી શકાશે.

ઉત્તરાધ્યયન જેટલું દશવૈકાલિક પ્રચાર પામશે કે કેમ તે અણ-ઉકેલ્યો પ્રશ્ન છે. કેમકે ઉત્તરાધ્યયન સૂત્રમાં તો અનેક કથાપ્રસંગો, સુંદર ઐતિહાસિક ઘટનાઓ તથા ઇષુકારીય, ચિત્તસંભૂતીય અને રથનેમીયમાં આવતા ચેતનવંતા સંવાદો સામાન્ય વાચકના હૃદયમાં પણ રસવૃત્તિ જગાડે તેવા છે. દશવૈકાલિકમાં નથી કથાવિભાગો કે નથી રોચક સંવાદો. તેમ છતાં પણ દશવૈકાલિકમાં એક એવું આકર્ષક તત્ત્વ તો જરૂર છે કે જેના તરફ જિજ્ઞાસુ વાચક આકર્ષાયા વગર રહી શકે નહિ.

આજે ભારતવર્ષમાં જેટલે અંશે આર્થિક સમસ્યાનું કોકડું ગુંચવાયેલું છે તેટલું જ ચારિત્ર વિષયનું પણ ગુંચવાયેલું છે. કારણ કે આર્થિક નિર્બળતાનું મૂળ જ આ છે, તેનો આજે કોઇ અસ્વીકાર કરી શકશે નહિ. આધુનિક યુગમાં જેટલું મ

અનેકાંતવાદની આવશ્યકતા

આજે લોકમાનસનું વલણ કઈ તરફ છે? સમાજ આજે કઈ પરિસ્થિતિમાં છે? શું આ પ્રસંગમાં [illegible] બંને અંગોનો ખ્યાલ કરી જો જે નિયમો ત્યાં બાધક થતા હોય તો વિવેકપૂર્વક તોડ કાઢી આત્મવિકાસનું ધ્યેય ન ચૂકાય તેમ દ્રષ્ટિબિંદુ બદલી અપવાદ-માર્ગનો ઉપયોગ કરવો તેજ અનેકાંતવાદનું પ્રયોજન છે. આવા અનિવાર્ય સંયોગોમાંજ અપવાદમાર્ગોની યોજના થાય છે અને હોઈ શકે.

જૈનદર્શનની વિકાસશ્રેણી

જૈનદર્શનનો વિકાસ બે વિભાગોમાં વિભક્ત છે. (૧) ગૃહસ્થ-જીવનમાં રહી વિકાસ સાધનાર સાધક અને (૨) ત્યાગાશ્રમી સાધક. તે બન્ને વર્ગનો આદર્શ તો સમાન જ હોય છે. પરંતુ વિકાસ સાધનાની ઝડપમાં જેટલું તારતમ્ય હોય છે તેટલું તે તે સાધકના સાધનોમાં પણ તારતમ્ય હોય છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ બધા વિકાસનાં સાધનો ગણાય. તેનું પાલન કરવામાં ગૃહસ્થસાધકને મર્યાદા હોય છે. કારણ કે તેને ગૃહસ્થધર્મ સાચવીને સાથે સાથે આત્મધર્મમાં આગળ વધવાનું હોય છે, અને તેથી બધાં વ્રતોમાં તેને માટે મર્યાદા રાખવામાં આવી

છે. કે જે મર્યાદા તેના જીવનમાં સુસાધ્ય થાય. પરંતુ શ્રમણ સાધકોને તેનું સંપૂર્ણ પાલન કરવાનું હોય છે. આથી જ ગૃહસ્થસાધકના વ્રતો અણુવ્રતો કહેવાય છે અને શ્રમણસાધકનાં વ્રતો મહાવ્રતો કહેવાય છે. આ પ્રમાણે ગૃહસ્થસાધિકા તેમજ સાધ્વીનું પણ અંતર સમજી લેવું ઘટે.

આ આખુંયે સૂત્ર જો કે શ્રમણસાધકને ઉદ્દેશીને કહેવાયેલું છે એટલે શ્રમણજીવનને સ્પર્શતી ઘટના વિશેષ હોય તે માત્ર સ્વાભાવિક છે. (પણ તે પ્રવૃત્તિ સાથે ગૃહસ્થસાધકનો સંબંધ ગૌણ હોવા જેવો છે તે તો આપણે પહેલે વિચારી ગયા.)

અહીં આપણે શ્રમણજીવનના કેટલાક અગત્યના પ્રશ્નો વિચારીએ અને તેમાં ઉત્સર્ગ અને અપવાદમાર્ગને સ્થાન છે કે કેમ? અને છે તો ક્યાંસુધી અને કયા હેતુએ તે જોઈએ.

સંયમી જીવનમાં અહિંસાનું મન, વાણી અને કર્મથી સંપૂર્ણ પાલન કરવા માટે વનસ્પતિ, અગ્નિ, જળ, વાયુ ઇત્યાદિ જીવનના આવશ્યક તત્ત્વો પણ જ્યાં સુધી સચિત્ત હોય ત્યાંસુધી તેના સૂક્ષ્મ જીવોની પણ હિંસા કરવાનો નિષેધ છે.* પરંતુ તે નિષેધ સંયમમાં બાધાકર ન થઈ પડે તે માટે તેજ અધ્યયનમાં તેનો ઉકેલ પણ સાથે જ સમજાવ્યો છે. કારણકે સંયમી એ કાષ્ઠનું પૂતળું નથી. પરંતુ દેહધારી પુરુષ છે. તેને પણ ખાવું, પીવું, સૂવું, ચાલવું, ઇત્યાદિ ક્રિયાઓ કરવાની હોય છે. તે આવશ્યક ક્રિયાઓમાં જ્યાં જ્યાં અનિવાર્ય હિંસા છે ત્યાં અપવાદ પણ છે. જેમકે:—

(૧) ચાલવામાં વાયુની હિંસા થાય પણ તેના કરતાં આળસની વૃદ્ધિ થાય એ સંયમને વધુ હાનિકર છે, માટે જ કહ્યું કે ઉપયોગપૂર્વક તે ક્રિયા કરે તો પાપકર્મનાં બંધન થતાં નથી.

---

* જુઓ દશવૈકાલિક સૂત્ર અધ્યયન ૪ થું

(૨) ત્યાં પણ ખોરાક અને પાણી માટે તો સચેત ખાવાનો અપવાદ નથી. કારણકે નિર્જીવ પાણી અને ખોરાક દુઃશક્ય ભલે હો છતાં અલભ્ય તો નથી. તેથીજ ત્યાગી માટે સચિત્ત આહાર પાણીનો અડકવા સુધીનો પણ સર્વથા નિષેધ છે. પરંતુ ચાલતાં ચાલતાં નદી નાળાનાં પાણી આવે તો શું કરવું ? ત્યારે બતાવ્યું કે બીજો માર્ગ ન હોય તો નદીઓ ઓળંગી શકાય અને પ્રાયશ્ચિત લઇ તે પાપથી નિવૃત્ત થઇ શકાય. પરંતુ ચાલવાનો ત્યાં નિષેધ ન કર્યો. કારણકે તે છૂટ આપવામાં પણ સંયમની રક્ષા છે. વસુધામાં સ્થળે સ્થળે વિચરી સંયમધર્મનો પ્રચાર કરવાનો તેમાં ગંભીર હેતુ રહેલો છે.

(૩) વરસાદ વરસતો હોય તો ખોરાક નિમિત્તે બહાર ન જઇ શકાય. (પરંતુ ત્યાં) પણ મળવિસર્જન સારુ નીકળવાની છૂટ આપી છે. કારણકે તે ક્રિયા અનિવાર્ય છે.

(૪) ગૃહસ્થના ઘરમાં ન ઉતરવું એમ શ્રમણસાધકને જૈનશાસ્ત્ર આજ્ઞા કરે છે. પણ બીજી બાજુ એકાદ દિવસ અનિવાર્ય રહેવું પડે તો છૂટ પણ આપી ત્યાં રહી શ્રમણધર્મ કેમ સાચવવો તેનો વિવેક સમજાવે છે. પરંતુ કનક અને કામિનીના સંગથી તો સર્વથા મુક્ત જ રહેવું. તેમાં શ્રમણસાધકને લેશમાત્ર અપવાદ કે છૂટ આપી નથી. કારણકે અબ્રહ્મચર્ય અને પરિગ્રહ એ બન્ને અંગો સંયમના રોધક અને સીધી રીતે આત્માના ઘાતક છે. તેજ રીતે જે જે સંયમજીવનને બાધક હોય તે તે ક્રિયાઓનો અને પદાર્થોનો સખ્ત નિષેધ છે સારાંશ કે ત્યાગી સાધકે વિવેકપૂર્વક સંયમી જીવન વહન કરવું તેજ તેનો નિષ્કર્ષ છે.

આ રીતે દશવૈકાલિકમાં આવતા નિયમોનો વિવેકપૂર્વક ઉકેલ કરવા માટે દશવૈકાલિકના વાક્યોને અનેકાંતવાદના સિદ્ધાંતનો આ માત્ર [illegible] નિર્દેશ છે.

છે. જ્યારે છેદસૂત્રોમાં શ્રમણજીવનના યમનિયમ સંબંધી થયેલ ભૂલોનું પ્રાયશ્ચિત લઈ વિશુદ્ધ થવાના ઉપાયો છે.

દશવૈકાલિકમાં સાધુજીવનના યમનિયમોનું વર્ણન મુખ્યતયા હોવાથી ઠાણાંગ સૂત્રના ચોથા ઠાણામાં વર્ણવેલા ચાર યોગો પૈકી ચરણકરણાનુયોગમાં તેનો સમાવેશ કરી શકાય.

મૂળ સંજ્ઞા શા માટે ?

અંગ, ઉપાંગ અને છેદ એ ત્રણે વિભાગોના સંબંધમાં તે તે સંજ્ઞા તેને કેમ મળી તે તો તેના અર્થ અને વિષયપરથી સ્પષ્ટ સમજાય છે. તેથી તેમાં કોઇ પણ પાશ્ચિમાત્ય કે પૌર્વાત્ય વિદ્વાનોનો લેશમાત્ર મતભેદ નથી. પરંતુ મૂળસૂત્ર શા માટે કહેવાયાં તે સંબંધમાં ભિન્નભિન્ન વિદ્વાનો ભિન્નભિન્ન કલ્પનાઓ કરે છે.

શાર્પેન્ટિયર નામના એક જર્મન વિદ્વાન મૂળસંજ્ઞાનું કારણ બતાવે છે કે તેમાં " Mahavir's own words "[1] એટલે કે તે સૂત્રોમાં ભગવાન મહાવીરનાં જ શબ્દો ગ્રથિત થયા છે અને તેથીજ તેને મૂળ સંજ્ઞા મળી હશે.

આ કથન શંકાસ્પદ છે. કારણકે ભગવાન મહાવીરના શબ્દો તેમાં છે અને ઇતરમાં નથી એવું કહી શકાય નહિ અને દશવૈકાલિક-ના ઘણા કથનો ઇતર આગમોમાંથી લીધા હોય એમ સ્પષ્ટ દેખાય છે, તેથી તે અભિપ્રાયનું નિરાકરણ કરવા સારૂ Dr. Walther Schubring (ડૉ. શૂબ્રિંગ) કહે છે કેઃ—

"This designation seems to mean that these four works are intended to serve the Jain Monks and Nuns in the beginning (મૂળ) of their career."

આ સૂત્રો જૈન સાધુ તેમજ સાધ્વીને સાધુજીવનના મૂળમાં જે યમનિયમાદિ (વર્તણૂક)ની આવશ્યકતા છે તેની આરાધના

1 See:- Utt. Su. Introduction. Page no. 79

પ્રસ્તાવના

દશવૈકાલિકસૂત્ર એ જૈન આગમમાં મૂળસૂત્ર તરીકે ઓળખાય છે. આગમ સાહિત્યના (શ્વે૦મૂ૦ અને શ્વે૦સ્થા૦ ને માન્ય ગણાતા) અંગ, ઉપાંગ, મૂળ અને છેદ એમ ચાર વિભાગો છે. તેની સંખ્યા ૩૧ અને એક આવશ્યક સૂત્ર મળી કુલ્લે ૩૨ સૂત્રો સર્વમાન્ય છે. તે પૈકી મૂળના વિભાગમાં દશવૈકાલિકનો સમાવેશ થાય છે.

આચારાંગ, સૂયગડાંગ આદિ બાર સૂત્રોની ગણના અંગવિભાગમાં થાય છે. પરંતુ તેમાંનું દ્રષ્ટિવાદ નામનું એક સમૃદ્ધ અને સુંદર અંગસૂત્ર હાલ આપણી પાસે ઉપલબ્ધ નથી તેથી અગિયારજ અંગો ગણાય છે. ઉવવાઈ, રાયપસેણી પન્નવણાદિની ગણના ઉપાંગમાં; ઉત્તરાધ્યયન, દશવૈકાલિક વગેરેની ગણના મૂળમાં અને વ્યવહાર બૃહત્કલ્પ વગેરેની ગણના છેદસૂત્રોમાં થાય છે.

અંગ અને ઉપાંગોમાં જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતો સિવાય બીજાં આવશ્યક તત્ત્વો જેવાંકે જીવ(આત્મા), અજીવ(કર્મ) અને તેના કાર્યકારણની પરંપરા તથા કર્મબંધનથી મુક્ત થવાના ઉપાયો પણ દર્શાવ્યા છે. મૂળસૂત્રોમાં સારભૂત તત્ત્વોનું વર્ણન તથા ત્યાગી જીવનના વર્તનનિયમો અને તેને લગતો ઉપદેશ વિશેષ આપ

છે. જ્યારે છેદસૂત્રોમાં શ્રમણુજીવનના યમનિયમ સંબંધી થયેલ ભૂલોનું પ્રાયશ્ચિત લઈ વિશુદ્ધ થવાના ઉપાયો છે.

દશવૈકાલિકમાં સાધુજીવનના યમનિયમોનું વર્ણન મુખ્યતયા હોવાથી ઠાણાંગ સૂત્રના ચોથા ઠાણામાં વર્ણવેલા ચાર યોગો પૈકી ચરણકરણાનુયોગમાં તેનો સમાવેશ કરી શકાય.

મૂળ સંજ્ઞા શા માટે ?

અંગ, ઉપાંગ અને છેદ એ ત્રણે વિભાગોના સંબંધમાં તે તે સંજ્ઞા તેને કેમ મળી તે તો તેના અર્થ અને વિષયપરથી સ્પષ્ટ સમજાય છે. તેથી તેમાં કોઇ પણ પાશ્ચિમાત્ય કે પૌર્વાત્ય વિદ્વાનોનો લેશમાત્ર મતભેદ નથી. પરંતુ મૂળસૂત્ર શા માટે કહેવાયાં તે સંબંધમાં ભિન્નભિન્ન વિદ્વાનો ભિન્નભિન્ન કલ્પનાઓ કરે છે.

શાર્પેન્ટિયર નામના એક જર્મન વિદ્વાન મૂળસંજ્ઞાનું કારણ બતાવે છે કે તેમાં " Mahavir's own words "[1] એટલે કે તે સૂત્રોમાં ભગવાન મહાવીરનાં જ શબ્દો ગ્રથિત થયા છે અને તેથીજ તેને મૂળ સંજ્ઞા મળી હશે.

આ કથન શંકાસ્પદ છે. કારણકે ભગવાન મહાવીરના શબ્દો તેમાં છે અને ઇતરમાં નથી એવું કહી શકાય નહિ અને દશવૈકાલિક-ના ઘણા કથનો ઇતર આગમોમાંથી લીધા હોય એમ સ્પષ્ટ દેખાય છે, તેથી તે અભિપ્રાયનું નિરાકરણ કરવા સારુ Dr. Walther Schubring (ડૉ. શૂબ્રિંગ) કહે છે કે:—

"This designation seems to mean that these four works are intended to serve the Jain Monks and Nuns in the beginning (मूळ) of their career."

આ સૂત્રો જૈન સાધુ તેમજ સાધ્વીને સાધુજીવનના મૂળમાં જે યમનિયમાદિ (વ્રતગુણ)ની આવશ્યકતા છે તેની આરાધના

1 See:- Utt. Su. Introduction. Page no. 79

શાસ્ત્ર ઉપદેશ્યાં છે, માટેજ તે મૂળસૂત્રો કહેવાયાં હોય તેવું [illegible]
પરથી અનુમિત થાય છે.

પરંતુ Prof. Guerinot (પ્રો. ગેરીનો) એમ માને છે કે આ ગ્રંથો Traites Originaux[2] અર્થાત્ કે સ્વતંત્ર ગ્રંથો [illegible] [illegible] અનેક ટીકાઓ અને નિર્યુક્તિઓ થઇ છે. ટીકા [illegible] [illegible] પણ જે સંગ્રહ ટીકા કરી હોય તે [illegible] [illegible]. જૈન ધાર્મિક ગ્રંથોમાં આ ગ્રંથો [illegible] [illegible] છે, તેની ટીકાઓની [illegible] [illegible] જૈન આગમમાં પ્રથા પડી [illegible] [illegible]

ાય તેમ અનુમાન થાય છે. પરંતુ તે માન્યતાની દલીલ ખહુ વજન-ર જણાતી નથી. કારણકે જેમ દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન પર અનેક ટીકાઓ રચાઇ છે તેમ ઇતર એટલે અંગ ઉપાંગોની ણ પુષ્કળ ટીકાઓ ઉપલબ્ધ છે. તેથી ટીકાઓ ઉપરથી તેની ળસંજ્ઞા માનવામાં આપણને પૂર્ણ સંતોષ થતો નથી.

ત્યારે હવે મૂળ સંજ્ઞા શા માટે મળી હશે તે સંબંધમા ચારણા કરતાં એમ જણાય છે કે આખાયે જૈનદર્શનના સિદ્ધાં-ાનું અને જૈનજીવનનું રહસ્ય સંક્ષિપ્તમાં અને યથાર્થ સમજવું હોય ા તેને માટે આ મૂળ ગ્રંથોજ સુસાધ્ય ગ્રંથો ગણી શકાય છે. અને ા અંગેજ તે મૂળ ગ્રંથો તરીકે સ્વીકારાયાં હોય તે સુસંગત ાગે છે.

દશવૈકાલિક પોતેજ આપણને તેમ માનવા માટે વધુ પ્રેરણા રે છે, અને આજ માન્યતાને શ્રી હેમચંદ્રાચાર્ય પણ પુષ્ટ કરે છે.

From this mixture of contents it can easily ›e understood why tradition, as represented in Hemacandra's Parisistaparvan 5, 81 ff. in accord-ance with earlier models should ascribe the origin of the Dasaveyaliya Sutt to an intention o condense the essence of the sacred lore into in anthology.

"અહીં જુદી જુદી વસ્તુઓનો સમાવેશ થયેલો હોવાને લીધે તકથા પ્રમાણે હેમચંદ્રાચાર્યના પરિશિષ્ટપર્વ ૫, ૮૧ માં દશવૈકાલિક ત્રને જૈનધર્મનું તત્ત્વબોધ સમજાવનાર તરીકે આ પુસ્તક માન્યું છે." આ પ્રમાણે ડૉ. શૂબ્રિંગ પણ આ મતને પોતાની પ્રસ્તાવનામાં રજુ રી પોતે પણ તેને સ્વીકારે છે.

મૂળ સંજ્ઞાનો પ્રારંભકાળ

વાસ્તવિકરીતે તો આ ગ્રંથોને મૂળ સંજ્ઞા શ્રી હેમચંદ્રાચાર્યના કાળમાંજ (૧૨ માં સૈકાની આસપાસ) પ્રાપ્ત થઇ હોય તેમ અનુમાન થાય છે. કારણ કે અન્ય સૂત્રગ્રંથોમાં ક્યાંય તેવો ઉલ્લેખ નથી. નંદીસૂત્રમાં આગમગ્રંથના બે વિભાગ છે. (૧) અંગપ્રવિષ્ટ અને (૨) અંગબાહ્ય. તેમજ અંગબાહ્યના પણ બે ભેદો છે. (૧) કાલિક (૨) ઉત્કાલિક. તેમાં દશવૈકાલિક સૂત્રની ઉત્કાલિકમાં ગણના બતાવી છે. પરંતુ ત્યાં મૂળ સંજ્ઞાનો ઉલ્લેખ મળતો નથી.

ગ્રંથકાર કોણ?

સળંગ સંકલના

પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથામાં જૈનધર્મનું સંપૂર્ણ સ્વરૂપ
દર્શાવ્યું છે. જૈનદર્શનનું ધ્યેય સંપૂર્ણ આત્મસ્વરૂપની પ્રાપ્તિનું છે.
કર્મથી સંપૂર્ણ મોક્ષ થયા વિના સંપૂર્ણ અધ્યાત્મભાવની પ્રાપ્તિ થઈ
કે નહિ, અને સંપૂર્ણ મુક્તિ તો ક્રોધાદિ ષડ્‌રિપુઓના સંપૂર્ણ ક્ષય
વિના સાવ અશક્ય છે. તેથી જ તે રિપુઓનો સંહાર કરવા સારુ તે
અપ્પાણ મેવ જુજ્ઝાહિ । ઇત્તાયેવ ધર્મ નક્કો । આત્મા સાથે યુ
કરવાનું સૂચવે છે, અને સાધનરૂપ અહિંસા, સંયમ અને તપશ્ચર્યા
ધર્મ બતાવી ગૃહસ્થ અને શ્રમણને માટે વિકાસના રાજમાર્ગ
નિર્દેશ કરે છે. ત્યારથી માંડીને ત્રીજી સંખ્યાના અંતમાં અધ્યયનો મ
શ્રમણને કેમ વર્તવું તે સંબંધમાં સાંકળરૂપે ચાલ્યા આવે છે.
ચોથાથી માંડીને બીજી સંખ્યાના બધા અધ્યયનો વિશેષતઃ શ્ર
જીવનની શિક્ષા સંબંધમાં છે.

આવી સળંગ સંકલના પરથી સિદ્ધ થાય છે કે આ સૂત્ર
શ્રમણશિષ્યને ઉદ્દેશીને જ તેમના ગુરુદેવે બનાવ્યું હોય.

ગ્રંથકારની પોતાની જ કૃતિ છે?

જો કે આ સૂત્રના લેખક શય્યંભવ પોતે સ્વતંત્ર લાગ
કારણકે જો તેમની સ્વતંત્ર કૃતિ હોત તો ફરી ફરી
વસ્તુ ન આવે. પરંતુ આમાં કેટલેક સ્થળે એકને એક વર
આવે છે. એટલે જાણે કોઈ પોતાના પ્રિયજનને સરળ
શિક્ષા આપી ન રહ્યું હોય! તેમ જણાય છે. અને આ
આચાર્યે પોતાના લઘુશિષ્ય મનકને ઉદ્દેશીને આ ગ્રંથનું
હોય તેમ માનવાનું સમુચિત પ્રમાણ પ્રાપ્ત થાય છે.

આ ગ્રંથ તેમની સ્વતઃકૃતિ નથી પણ ભિન્ન ભિ.
સારાસાર ચૂંટી તેને વિસ્તૃત રૂપ આપ્યું હોય તેમ ની
સ્વયંસિદ્ધ થાય છે.

પ્રમાણો:—

પહેલું અધ્યયન

उरग गिरि जलन सागर
नहतल तरुगण समो य जो होइ।
भमर मिय धरणि जल रुह
रविपवण समो अ सो समणो ॥

એ અનુયોગદ્વાર સૂત્રની બાર ઉપમાઓ પૈકીની ભ્રમરની ઉપમાનું વિસ્તૃત સ્વરૂપ છે.

બીજું અધ્યયન

ઉત્તરાધ્યયન સૂત્ર બાવીસમા અધ્યયનની સાથે મળતું આવે છે. અને તેની કેટલીક ગાથાઓ પણ સમાન છે.

ત્રીજું અધ્યયન

નિશીથ આદિ સૂત્રમાંથી લીધું હોય તેમ જણાય છે.

ચોથું અધ્યયન

આચારાંગના ચોવીસમા અધ્યયનને મળતું છે.

પાંચમું અધ્યયન

આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના પિંડૈષણા નામના પ્રથમ અધ્યયનનો પ્રાયઃ અનુવાદ છે. પણ અહીં ઘણી સુંદર રીતે લખવામાં આવ્યું છે.

છઠ્ઠું અધ્યયન

સમવાયાંગ સૂત્રના અઢાર સમવાયની અઢાર શિક્ષાનું વિવેચન છે.

સાતમું અધ્યયન

આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના ૧૩ મા ભાષા નામના અધ્યયનનું વિસ્તૃત રૂપ છે.

આઠમું અધ્યયન

દશવૈકાલિકના આઠમા અધ્યયનની વસ્તુ છે.

નવમું અધ્યયન

આમાં ઉત્તરાધ્યયનના પ્રથમ અધ્યયનની વસ્તુનું માત્ર ભિન્ન રચરૂપ છે.

દસમું અધ્યયન

ઉત્તરાધ્યયનના પંદરમા અધ્યયનને મળતું છે. અને તેની ગાથાઓ પણ તેને મળતી છે. એટલે કે ઇંદ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા, વંશસ્થ, વૈતાલીય વગેરે પદ્યબંધોનું એવું એવું મિશ્રણ છે.

છેવટની બે ચૂલિકાઓ છે તેનું સંપાદન દશ અધ્યયનો પછી કંઇક પાછળથી થયું હોય તેમ લાગે છે. કારણકે પ્રથમ અધ્યયનના પ્રથમ શ્લોકમાં આદિ મંગળ છે, સાતમા અધ્યયનમાં મધ્યમ મંગળ છે અને દસમા અધ્યયનમાં જ અંત્ય મંગળ છે. ચૂલિકામાં નથી. પરંતુ ભાષાદ્રષ્ટિએ જોતાં આગળના દસ અધ્યયન કરતાં તે બહુ અર્વાચીન હોય તેમ લાગતું નથી. અને તેના સંપાદક પણ શ્રી. શય્યંભવ હોય એમ માનવામાં ખાસ હરકત જણાતી નથી.

દશવૈકાલિકનો કાળનિર્ણય

ભગવાન મહાવીરના નિર્વાણ પછી તેમની પાટે શ્રી સુધર્મસ્વામી ગણધર થયા. ત્યારબાદ જંબૂસ્વામી અને તેમની પછી પ્રભવ સ્વામી આવ્યા.

પ્રભવસ્વામીના ઉત્તરાધિકારી જે શય્યંભવસ્વામી થયા તે જ આ ગ્રંથના નિર્માતા. તેઓ વીર સંવત ૭૫ થી ૯૮ ની વચ્ચે આચાર્યપદ વિભૂષિત હતા. તે નિમ્નોક્ત પ્રમાણથી સિદ્ધ થાય છે.

...દયયનગાં जाणं.* તેજ પ્રમાણે જુઓ સૂત્રકૃતાંગ–जाणं–૧–૧–૧.
તેજ પ્રમાણે પ્રા૦ नच्चा સં૦ ज्ञात्वा અર્થમાં દશવૈકાલિક ૮ મા

આ સિવાય छोसद्द, संछेद्दम, सुइय, लिसद्द, जत्ता, मल्लगं, अयंपिरो માં કેટલાક તો Archaic (આર્ષ) પ્રયોગો અને કેટલાક ...ચારાંગ, શ્રી સૂયગડાંગ અને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં વપરાયેલી ...ીન ભાષાના પ્રયોગો છે.

આ રીતે દશવૈકાલિકની પ્રાચીનતા, ઉપયોગિતા અને પ્રમા-...ુકતા અનેક દ્રષ્ટિબિંદુથી સિદ્ધ થાય છે.

...શવૈકાલિક નામ શા માટે?

નિર્યુક્તિકાર કહે છે કેઃ–" चेयालियाए ठविया तम्हा दसकालियं નામ । " દસ વિકાલમાં (સાંજે) દશ અધ્યયનો કહ્યાં માટે તે સંયમનું નામ પણ દશવૈકાલિક રખાયું.

બન્ને ચૂલિકાઓ+ તો પાછળથી જ લખાઇ છે. તેથી આ ઘટના પ્રમાણિત હોવાનો સંભવ છે.

દશવૈકાલિકમાં શું વસ્તુ છે?

પ્રથમ અધ્યયનમાં ધર્મની પ્રશંસા અને ભ્રમર સાથે સા જીવનની બહુ સુંદર સરખામણી આપી છે.

બીજું અધ્યયન પ્રાચીન વાર્તાને લઇને ખૂબ ઉપયોગી છે.

ત્રીજું અધ્યયન સાધુજીવનના સુંદર નિયમો અને વ્યવ સૂચિત કરે છે.

ચોથા અધ્યયનમાં જૈનધર્મના સિદ્ધાંતો, દુનિયાના . અને શ્રમણજીવનના મૂળ વ્રતો એટલે કે કેમ વર્તવું તે બતા

પાંચમા અધ્યયનમાં ભિક્ષાવૃત્તિએ કેમ જીવવું તે .

...લોક આનો અર્થ ક્વચિત્ વર્તમાન કૃદંતમાં પણ जानन् તરી ...ા છે છતાં ઉપરનો અર્થ અહીં વધુ સંગત છે.

+ ચૂલિકાના સંબંધમાં પરંપરાથી એક કિંવદન્તી ચાલી ...ણ તેની વાસ્તવિકતા બુદ્ધિગમ્ય ન હોવાથી આપણે ન માની શકીએ, તેથી અહીં લીધી નથી.

વેદધર્મમાં પણ બ્રહ્મજિજ્ઞાસુની યોગ્યતાનાં ચાર લક્ષણો
બતાવ્યાં છેઃ—

विवेकीनो विरक्तस्य शमादिगुणशालिनः ।
मुमुक्षोरेव हि ब्रह्म जिज्ञासा योग्यता मता ॥
विवेक चूडामणि

વિવેક, વૈરાગ્ય, શમાદિ ષટ્સંપત્તિ અને મુમુક્ષુતા એ ચાર
જ્ઞાસુનાં લક્ષણો છે. તેટલી યોગ્યતા ઉત્પન્ન ન થાય ત્યાંસુધી
ધક બ્રહ્મપ્રાપ્તિને યોગ્ય થઇ શકતો નથી.

બૌદ્ધધર્મ પણ ચાર આર્યસત્યોને બતાવી દુઃખ, સમુદય, માર્
નિરોધ એ ચાર વસ્તુના વિવેકથી જે સ્મૃતિમાન થાય છે તે
ર્વાણનો અધિકારી થાય છે તેમ સમજાવે છે.

આ રીતે એ ભારતના ત્રણ પ્રાચીન ધર્મોનાં તત્ત્વો ભિ
ભન્ન હોવા છતાં એકજ માર્ગ દિશાનાં સૂચક છે તેમ જોઇ શ
ધર્મસમન્વય પ્રબોધક ધર્મચુસ્તોને આ બુદ્ધિવાદ અને સર્વ
સમન્વયના જમાનામાં સ્વીકારવા કયો જિજ્ઞાસુ તૈયાર ન હોય

આવૃત્તિઓ

દશવૈકાલિક સૂત્રની નીચે પ્રમાણે આવૃત્તિઓ બહાર પ

દશવૈકાલિક પર સૌથી પ્રાચીન શ્રીભદ્રબાહુ સ્વામીની,
ત્યારબાદ હરિભદ્રસૂરિની ટીકા અને સમયસુંદરગણીની દીપિ
આ ત્રણ ટીકાઓ સુંદર, અને સર્વમાન્ય છે અને ત્યારબા
સૂરિની લઘુટીકા અને પ્રાકૃત ચૂર્ણિ સંસ્કૃત અવચૂરિ તથા
ગુજરાતી ટીકા વગેરે ટીકાઓ અનુક્રમે શ્રી તિલોકસૂરિ
સાગર અને તેમના શિષ્યે રચેલી છે.

સંવત ૧૬૪૩ માં રાજહંસ મહોપાધ્યાય કે જે
જિનરાજસૂરિના પ્રશિષ્ય હતા તેમણે ગુજરાતી ટીકા

ઇ. સ. ૧૮૯૨ માં Dr. Ernest Leuman
of the German Oriental Society) ડૉ.
લિકની પ્રથમ આવૃત્તિ છપાવી. ત્યાર પહેલાં બધી
લિખિત હતી. ત્યાર પછી ઘણી આવૃત્તિઓ હિંદુસ્તા

સંવત ૧૯૫૭ માં રાયધનપતિ સિંહબહાદુરની આવૃત્તિ છપાઇ હતી. જે પંચાગી સહિત અર્થાત્ મૂળ હરિભદ્રસૂરિની બૃહદ્વૃત્તિ, નિર્યુક્તિ ગૂજરાતી અનુવાદ, અવચૂરિ અને દીપિકા સહિત હતી.

ડા. જીવરાજ ઘેલાભાઇએ દશવૈકાલિકની ત્રણ ચાર આવૃત્તિઓ બહાર પાડેલી. ઇ. સ. ૧૯૩૨ માં ડૉ. શુબ્રિંગે જર્મનીમાં અમદાવાદના શેઠ આણંદજી કલ્યાણજીની માગણીથી છપાવી; અને તેજ અરસામાં પ્રો. અભ્યંકરે જૈન સાહિત્યના અભ્યાસી કોલેજીયનોની સગવડ માટે શ્રી ભદ્રબાહુ નિર્યુક્તિ સહિત સંપૂર્ણ અંગ્રેજી અનુવાદ સાથે દશવૈકાલિક પ્રકાશિત કર્યું.

આ પુસ્તક ટિપ્પણી તથા નોટોથી અલંકૃત થઇ સુંદર આકારમાં પ્રસિદ્ધ થયું છે.

આ સિવાય આગમોદય સમિતિ : સુરત. જૈનધર્મ પ્રસારક સભાઃ ભાવનગર. અજરામર જૈન વિદ્યાશાળાઃ લિંબડી તથા ઋષિ સમિતિ હૈદ્રાબાદ તરફથી પણ મૂળ. સંસ્કૃત અનુવાદ, હિન્દી અનુવાદ વગેરે સહિત પ્રગટ થયાં છે. તેમ છતાં ગુજરાતી આલમમાં વધારે પ્રચાર ન થએલો હોવાને અંગે તે આવશ્યકતા પૂરી પાડવા મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર તરફથી આ બીજો ગ્રંથ બહાર પડે છે.

આ ગ્રંથમાં પણ ઉત્તરાધ્યયન સૂત્રની જેમ ઉપયોગી નોંધો દાખલ કરી સૂત્રનું હાર્દ સરળતાથી સમજાય તે દ્રષ્ટિથી સરળ ભાષા લાવવા અને ગાથાનો પ્રવાહ ન તૂટે તેવી રીતે અવિચ્છિન્ન ચાલુ રાખવા યથાશક્ય પ્રયત્ન સેવ્યો છે.

અંતિમમાં જણાવવાનું કે આ ગ્રંથમાં અજાણતાં કોઇ ત્રુટિ રહી ગઇ હોય તો તે લક્ષમાં લાવવા તજજ્ઞ વિદ્વાનો સૂચવશે તો તેને બીજી આવૃત્તિમાં ઘટતો ન્યાય અવશ્ય મળશે એ અભિલાષા સાથે વિરમું છું.

સુરત
તા. ૨૯ : ૧ : '૩૫ સંતબાલ

અનુક્રમણિકા

માંડીને મુક્તિની પ્રાપ્તિ સુધીની બધી ભૂમિકાઓનું ક્રમપૂર્વક નિરૂ
વર્ણન-કયો સાધક સદ્ગતિ અને કયો સાધક દુર્ગતિને પામે? સાધકના
આવશ્યક ગુણો કયા?

૫ પિંડૈષણા — પ્રથમ ઉદ્દેશક — ૪૩

ભિક્ષાની વ્યાખ્યા-ભિક્ષાનો અધિકારી કોણ? -ભિક્ષાની ગવેષ વિધિ-જેમાં કયા માર્ગે અને કેવી રીતે જવું?-પાકશાળામાં, ભોજનશા વગેરે ક્રિયામાં કેટલું જાગૃત રહેવું?-કયાંથી ભિક્ષા મેળવવી?-કેવી રી મેળવવી?-ગૃહસ્થને ઘેર કેમ ઉભા રહેવું?-નિર્દોષ ભિક્ષા કોને કહેવાય? કેવા દાતાર પાસેથી ભિક્ષા લઈ શકાય?-ભોજન કેમ કરવું? આ સ્થૂલ આહારમાં સંયોગાપત્તિ કેમ જાણવી વગેરે વર્ણન છે.

દ્વિતીય ઉદ્દેશક

ભિક્ષાને સામેલ ભિક્ષા માટે નિર્ગમન-થોડી પણ ભિક્ષા [illegible] ભિક્ષા શુદ્ધ આચારવિચારવાળા અનેક ઘરમાંથી [illegible] ત્યાગ.

બાધક ન હોય તેવું સત્ય બોલવું પણ વિવેક હોય તે
ઇત્યાદિ ભાષાનું સમૃદ્ધ સમાલોચન.

૮ આચારપ્રણિધિ

સદ્‌ગુણોની સાચી લગની કોને હોય?–સદાચાર
કઠિનતા– સદ્વર્તનના સાધકને કેવી મુશ્કેલીમાં કઈ રીતે
તેની સળંગ વિચારણા અને વસ્તુનિર્દેશ–ક્રોધાદિ આત્મ
વિજય શી રીતે મેળવવો?–માનસિક, વાચિક અને કાિ
સાધનોથી બ્રહ્મચર્યની રક્ષા શી રીતે કરવી?–આસક્તિ ને
કેમ નિવારવા?–જ્ઞાનનો સદુપયોગ કઇ રીતે કરવા? કઇ
ઓનો સાધુજીવનમાં આદર કરવો અને કઇ કઇનો ત
વગેરે સાધક જીવનના પ્રત્યેક કોયડાને ઉકેલતું વિવેચન.

૯ વિનયસમાધિ પહેલો ઉદ્દેશક

વિનયની વિશાળ વ્યાખ્યા–ગુરુકુળના શ્રમણ સાધ
ગુરુદેવો પ્રત્યે વિવેકપૂર્ણ ભક્તિનું દર્શન–અવિનીત સા
મેળેજ પોતાનું પતન કેમ નોતરે છે તેનો સ્પષ્ટ ચિ
વયમાં લઘુ જાણી જે સાધકો ગુરુનું અપમાન કરે છે તેન
ભયંકરતા–જ્ઞાની સાધકને પણ ગુરુભક્તિની આવશ્યક્તા-
શિષ્યનો વિકાસ– વિનીત સાધકનાં વિશિષ્ટ લક્ષણો.

બીજો ઉદ્દેશક

વૃક્ષના ક્રમિક વિકાસની સાથે આધ્યાત્મિક માર્ગ
તુલના–ધર્મથી માંડીને તેના અંતિમ પરિણામ સુધીનું
વિનય અથવા અવિનયના ફળની સરખામણી—વિનય
શત્રુઓનું આબેહૂબ વર્ણન.

ત્રીજો ઉદ્દેશક

પૂજ્યતાની અવશ્યકતા છે કે? આદર્શ પૂજ્યતા
પ્રાપ્ત કરવા માટે કયા કયા ગુણોની આવશ્યકતા છે?-
અને મન એ ત્રણેને વિનીત સાધક કયાં કયાં અને કે

ચોથો ઉદ્દેશક

સમાધિની વ્યાખ્યા અને તેના ચાર સાધનોનું વર્ણન–
જ્ઞાન, આદર્શ વિનય, આદર્શ તપ અને આદર્શ આચારની
ધના શી રીતે થાય ?—તેની પ્રાપ્તિમાં કયા પ્રકારની સાવચેતી રા
છે તેનું બયાન.

૧૦ ભિક્ષુ નામ

ત્યાગનું આકર્ષણ ક્યારે થાય ?–સગાં સંબંધી અને સંપત્તિને
નાર ભિક્ષુની જવાબદારી—જીવનપર્યંત પાળવાની પ્રતિજ્ઞાપર
સ્થિર રહે તેની શિક્ષા—ત્યાગનો સંબંધ વેશ સાથે નહિ
આત્મવિકાસ સાથે છે તેનું નિદર્શન—આદર્શ ભિક્ષુની પ્રત્યેક
તલસ્પર્શી કથન.

૧૧ રતિવાક્ય : પ્રથમ ચુલિકા

ગૃહસ્થ જીવન કરતાં સાધુ જીવનની મહત્તા શાથી ?–ભિ
પરમ પૂજનીય હોવા છતાં શાસનના બંધારણને ન્યાય આપવા
ફરજ–વાસનાના અભ્યાસની જીવનપર થતી અસર–સંયમથી
ચયેલા ચિત્તરૂપી અશ્વને તુરત વશ કરવા સારુ લગામરૂપ અ
સચોટ અને સફળ અઢાર ઉપાયો–સંયમી જીવનથી પતિત થયા
ભયંકર સ્થિતિનો આબેહૂબ ચિતાર–ભ્રષ્ટ થયેલા ભિન્નભિન્ન
દૃષ્ટાંત સાથે પતિતની સરખામણી–પતિતનો પશ્ચાત્તાપ–સંયમી
ક્ષણભંગુરતા અને ભ્રષ્ટ જીવનની ભયંકરતાનો ખ્યાલ–મનના
કચરાને સાફ કરવાના ઉપાયો.

૧૨ વિવિક્તચર્યા : દ્વિતીય ચૂલિકા

એકાંતચર્યાની વ્યાખ્યા–સંસારના પ્રવાહમાં વહી રહેલા
દશા–એ પ્રવાહની સામે જવાનો અધિકારી કોણ ? અને તેની
સ્થિતિ–આદર્શ એકચર્યાની અને સ્વચ્છંદી એકચર્યાની તુલના–
એકચર્યામાં કયા સદ્ગુણોની આવશ્યકતા છે ?–કયા નિયમો પા
હોય છે ? તેનું વિસ્તૃત વર્ણન–એકાંતચર્યાનું રહસ્ય અને
ભોગવવાનો અધિકાર–એક આત્મલક્ષી એજ એકચર્યા અથવા
ચર્યા તે સૂત્રકારે બતાવેલો મોક્ષનો રાજમાર્ગ.

પ્રારંભ

तत्थिमं पढमं ठाणं, महावीरेण देसिअं ।
अहिंसा निउणा दिट्ठा, सव्व भूएसु संजमो ॥

तत्रेदं प्रथमं स्थानं, महावीरेण देशितम् ।
अहिंसा निपुणा दृष्टा, सर्वभूतेषु संयमः ॥

વ્રતોમાં સર્વથી શ્રેષ્ઠ, અહિંસા વીર વર્ણવે;
સર્વ જીવો દયા પાળો, દયાનું મૂળ સંયમ.

દશ૦ અ૦ ૬ : ૯

દ્રુમ પુષ્પિકા

(વૃક્ષના ફૂલસંબંધી)

૧

...નો સ્વભાવ એજ ધર્મ, તેના ઘણા પ્રકારો હોઇ
– દેહધર્મ, મનોધર્મ, આત્મધર્મ. તેજ પ્રકારે વ્ય
ર્મ, રાષ્ટ્રધર્મ, વિશ્વધર્મ વગેરે. અહીં તો ખાસ
જાળવવાનો સાધુધર્મ સમજાવવામાં આવ્યો છે કે
મુખ્યતયા નહિ તો ગૌણતાએ પણ ઇતર ધર્મોનો
સમાજધર્મ, રાષ્ટ્રધર્મ, અને વિશ્વધર્મનો) સમાવેશ

ભગવાન મહાવીરની પાટે બેસી તેમનાં જે પ્રવચનો
...ીએ જંબૂને ઉદ્દેશીને કહ્યાં હતાં તેજ પ્રવચનો
...ષ્ય મનકને શ્રી સ્વયંભવ સ્વામીએ કહ્યાં.

ગુરુદેવ બોલ્યાઃ—

...] ધર્મ એ સર્વોત્તમ (ઉચ્ચ પ્રકારનું) મંગળ
સંયમ અને તપ એજ ધર્મનું સ્વરૂપ છે. આવા
મન હમેશાં લીન રહે છે તેવા પુરુષને દેવો પણ

નોંધ—કોઇ મનુષ્ય મંગળ જોયા વિના કોઇ પ
પ્રારંભ કરતું નથી માટે મંગળની સૌ કોઇને આવશ્યકત
પ્રકારનાં છે (૧) શુદ્ધ મંગળ-પુત્રાદિનો જન્મ (૨) અશ

હોય તેમાં શું જ આશ્ચર્ય નથી. અર્થાત્ કે જેમાં અહિંસાનું વાતાવરણ જ જેટલું સુંદર હોય છે કે ત્યાં દેવો પણ સહેજે નમી પડે છે.

[૨] જેમ ભમરો વૃક્ષોનાં ફૂલોમાંથી મધ ચૂસે છે (રસ પીએ છે) ત્યારે તે ફૂલોને દુઃખ પહોંચાડ્યા વિના પણ પોતાની જાતને પોષી શકે છે,

[૩] તેમ સંસારના રાગબંધનથી (આસક્તિથી) રહિત એવા પવિત્ર સાધુઓ આ વિશ્વમાં વસે છે, કે જેઓ ફૂલમાં ભમરાની માફક આ સંસારમાં માત્ર પોતાની ઉપયોગી સામગ્રી (વસ્ત્રપાત્રાદિ) તથા શુદ્ધ-નિર્દોષ ભિક્ષા (અન્નપાન) અને તે પણ ગૃહસ્થે આપેલી તે મેળવીને સંતુષ્ટ રહે છે.

નોંધઃ—બીજાને પીડા ન આપવી તે અહિંસા. પરને પીડા ન ઉપજે તેવી રીતે બહુ થોડામાં જીવનનિર્વાહ કરી લેવો તે સંયમ અને તેમ કરવા જતાં પોતાની ઇચ્છાનો નિરોધ થાય તે તપ. આવી રીતે સાધક જીવનમાં સ્વાભાવિક ધર્મનું વ્યવહારિક અને નિશ્ચય એમ બન્ને દ્રષ્ટિએ પાલન સ્વયં થતું રહે છે. ભમર અને સાધુ એ બન્નેમાં ભિક્ષુની વિશેષતા એ છે કે ભમરો તો વૃક્ષનું પુષ્પ ઇચ્છે કે ન ઇચ્છે તો પણ તેમાંથી રસને ચૂસે છે પરંતુ ભિક્ષુઓ તો ગૃહસ્થ પોતાનામાંથી રાજીખુશીથી આપે તેટલું ગ્રહણ કરે છે.

[૪] તે અહિંસક શ્રમણ સાધકો કહે છે કે " અમે અમારી ભિક્ષા તેવી રીતે મેળવીશું કે જે ભિક્ષાદ્વારા કોઈ પણ દાતારને દુઃખ ન થાય અથવા અમે એવું જીવન ગાળીશું કે જે જીવનમાં કોઈ પણ પ્રાણી જાતને અમારા નિમિત્તે હાનિ ન પહોંચે. " વળી ભમરાઓ જેમ અકસ્માત પ્રાપ્ત થયેલાં ફૂલો પર બેસી જાય છે, તેમ તેવા શ્રમણવરો અપરિચિત ઘરોમાં (પોતાના નિમિત્તે જ્યાં ભોજન ન થયું હોય તેવા ઘરોમાં (ભિક્ષાર્થે) જ ગમન કરે છે.

શ્રામણ્યપૂર્વક

(સાધુત્વ સૂચક)

૨

ઇચ્છા આકાશ જેવી અનંત છે. એટલે આખાએ વિશ્વના પદાર્થો ભલે ને હો ! તેમ છતાં તે પરિમિતજ છે. તેથી ઇચ્છાની અનંતતા તેમાં ક્યાંથી સમાય ! ઇચ્છાનો પાર સંસારની વસ્તુઓમાં ક્યાંથી પમાય !

તેથીજ જ્યાં ઇચ્છા, તૃષ્ણા કે વાસના છે ત્યાં અતૃપ્તિ શોક અને ખેદ છે. જ્યાં ખેદ છે ત્યાંજ વિકલ્પો છે અને વિકલ્પો છે ત્યાં શમતા નથી તેથી શમરસના પિપાસુ સાધુએ બાહ્ય ઈચ્છાઓનેજ તિલાંજલિ આપી દેવી ઘટે. અને જ્યાં અનંતતા છે એવા આત્મસ્વરૂપમાંજ તેને જોડી દેવી જોઇએ. તેજ સાચું શ્રામણ્ય છે.

ગુરુદેવ બોલ્યાઃ—

[૧] જે વિષયવાસના કિંવા દુષ્ટ ઇચ્છાઓને નિવારી શકે નહિ તે સાધુ, સાધુતા કેમ પાળી શકે ? અને તેવી ઇચ્છાઓને આધીન થયેલો તે પગલે પગલે ખેદ પામીને સંકલ્પ વિકલ્પોને વશ થાય.

નોંધઃ—વાસના એજ અનર્થનું મૂળ છે. તેનો વેગ ન દબાવાય તો સાધુધર્મનો લોપ થાય. વિકલ્પોની વૃદ્ધિ થવાથી મન ડોલાયમાન થાય અને ચિત્તની ચંચળતા ડગલે અને પગલે ખેદ ઉત્પન્ન કરી ઉત્તમ યોગીને પણ પતિત કરી દે.

ાપેલો પ્રસંગ તેની પ્રતીતિ આપે છે. કદાચિત્ સંયમથી અસ્થિર ચિત્ત ાય તો તેને સ્થિર કરવાના સચોટ વિચારો અને ઉપાયો માટે જુઓ આ સૂત્રની પાછળ આપેલી ચૂલિકા ૧.

જો માત્ર ચિંતનથી મનોનિગ્રહ ન થાય તો શું કરવું?

૫] (મહાપુરુષો કહે છે કેઃ—) "શરીરનું સુકોમળપણું ત્યાગી ઋતુ પ્રમાણે શીત કે તાપની આતાપના લો. અથવા પોતાને અનુકૂળ બીજી તપશ્ચર્યા કરો. અને આવી રીતે કામભોગોની વાંછાને ઓળંગશો તો દુઃખ પણ ઉલ્લંઘી શકશો. દ્વેષને છેદી નાખો અને આસક્તિને દૂર કરો. બસ આમ કરવાથી આ સંસારમાં સુખી થશો."

નોંધઃ—કામથી ક્રોધ, ક્રોધથી સંમોહ, સંમોહથી રાગ અને દ્વેષ અને રાગદ્વેષથી દુઃખ. એમ દુઃખની પરંપરાનું મૂળ વાસના જ છે. માટે વાસનાનો ક્ષય કરવાની ક્રિયારૂપ તપશ્ચર્યા કરવી તેજ દુઃખનાશનો ઉપાય છે.

અહીં રથનેમિ તથા રાજીમતીનું દૃષ્ટાંત આપી તે વસ્તુને વિશેષ સ્પષ્ટ કરે છે.

સોરઠ દેશમાં એક અલકાપુરી સમાન વિશાળ દ્વારિકા નામે નગરી હતી. ત્યાં બત્રીસ યાદવકુળ સહિત શ્રીકૃષ્ણ રાજ્ય કરી રહ્યા હતા. તેમના પિતાશ્રીનું નામ વસુદેવ અને વસુદેવના મોટેરા ભાઈનું નામ સમુદ્રવિજય હતું. તે સમુદ્રવિજયનાં શિવાદેવી નામનાં પટરાણીના અંગજાત સુપુત્રનું નામ નેમિનાથ હતું.

નેમિનાથ જ્યારે યુવાનવયનાં થયા ત્યારે કૃષ્ણ મહારાજની પ્રબળ ઇચ્છાથી તેમનું વેવિશાળ ઉગ્રસેન (જેનું અપર નામ *ભોજરાજ કિંવા ભોગરાજ હતું તે) રાજાનાં ધારણી નામના રાણીની અંગપ્રસૂત રાજીમતી નામની સૌંદર્યવતી કન્યા સાથે થયેલું.

* ડૉ. હર્મન જેકોબી તેને ભોજરાજ તરીકે સિદ્ધ કરે છે.

શ્રાવણ સુદ છઠ્ઠના શુભ મુહૂર્તે મોટા ઠાઠમાઠ સાથે તે કુમાર ઠરાવેલા નિયમ પ્રમાણે પરણવા સારુ શ્વસુર ગૃહે પધારતા હતા. તેવામાં માર્ગે ચાલતાં પાંજરામાં પૂરેલાં પશુઓનો પીડિત પોકાર તેના કર્ણદ્વારે અથડાયો. સારથિને પૂછતાં તેને ખબર પડી કે આ તો પોતાના જ લગ્નનિમિત્તે આટલા પશુઓની હિંસા થવાની છે.

આ સાંભળતાં જ તેને આ અને એવા અનેક અનર્થો એ એક કાર્યમાં દેખાવા લાગ્યા. આ સંસારના સ્વાર્થો પર તેને વૈરાગ્યની સ્ફુરણા જાગી. પૂર્વના સંસ્કારોનો તેમાં વેગ મળ્યો અને તેની ભાવ નાનો પ્રવાહ સહજ વારમાં પલટી ગયો. ત્યાંથીજ રથ પાછો વાળીને તે ઘેર આવ્યા અને ખૂબ ચિંતન કરી આખરે તેણે ત્યાગમાર્ગને અંગીકૃત કર્યો. તેની ઉત્કટ ભાવનાથી બીજા પણ એક હજાર સાથે તેની સાથે યોગમાર્ગને આરાધવા સારુ નીકળી પડ્યા.

પાછળથી રાજીમતી પણ આ નિમિત્તે પ્રબળ વૈરાગ્યપૂર્ણ સાધ્વી થયાં. સાતસો સહચરીઓ સાથે તેણે પ્રવ્રજ્યા અંગીકાર કરી લીધી.

એકદા રૈવતક પર્વત પર નેમિનાથ ભગવાનને વંદન કર જતાં માર્ગમાં ખૂબ મેઘવૃષ્ટિ થતાં તેનાં વસ્ત્રો ભિંજાયાં. એક એક ગુફામાં તે પોતાના બધાં વસ્ત્રો ઉતારીને સુકવવા લાગ્યાં.

તેવામાં તેજ ગુફામાં ધ્યાનસ્થ રહેલા નેમનાથના નાનાભ રથનેમિ કે જે બાળવયથી યોગમાર્ગમાં પ્રવૃત્ત થયા હતા; તેની રાજીમતીના દેહ પર પડી. સૌંદર્યમય શરીર અને એકાંતવાસ તેને નહિ અનુભવેલ વેદના થઇ આવી. વિકારની વાસનાઓ વ્યાકુળ બનાવ્યા. તેને પોતાની યોગદશાનું ભાન ન રહ્યું. છેવટે સાધ્વી રાજીમતીએ રથનેમિને કેવી રીતે સંયમ માર્ગમાં સ્થિર કરે છે તે વાંચવા માટે નેમનાથ તથા સતી રાજીમતીનો પરસ્પર વાર્તાલાપ ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનમાં જોઇ લો.*

* ઉત્તરાધ્યયન સૂત્રનું [illegible]

ગોગેશ્વરી રાજીમતી દેવીએ જે વચનરૂપ અંકુશથી
ાર્ગ પર દોર્યા તે વચનોનો સારાંશ નીચેની ગાથાઓમાં

[૬] અગંધન કુળમાં ઉત્પન્ન થયેલા સર્પો ઝળહળતી અગ્નિ
મરવું પસંદ કરે છે. પરંતુ વમેલું વિષ ફરીથી પીવાનું ઇચ્છ

[૭] અપયશના અભિલાષિન્ ! તને ધિક્કાર હો ! કે જે તું
મય જીવન માટે વમેલા ભોગોને ભોગવવા ઇચ્છે
પતિત જીવન કરતાં તારું મૃત્યુ વધારે ઉત્તમ છે.

[૮] હું ભોજકવિષ્ણુની પૌત્રી અને ઉગ્રસેન મહારાજાની
અને તું અંધક વિષ્ણુનો પૌત્ર અને સમુદ્રવિજય મ
પુત્ર છે. રખે આપણે ગંધનકુળના સર્પ જેવા થ
સંયમીશ્વર ! નિશ્ચળ થઈ સંયમમાં સ્થિર થા.

નોંધઃ—હરિભદ્રસૂરિના કથનના આધારે ડૉ. હર્મન જેકો
નોંધમાં લખે છે કે ભોગરાજ કિંવા ભોજરાજ એ ઉગ્રસેન
અપરનામ છે. અંધકવિષ્ણુ એ સમુદ્રવિજય મહારાજાનું અપરના

[૯] હે મુનિ ! જે જે સ્ત્રીઓને જોઇશ અને તે સ્ત્રીએ
પછી જો આમ કામભોગની વાંછના રાખ્યા કરીશ
કિનારે હડ નામનો વૃક્ષ જેમ પવનથી ઉખડી જા
તારો આત્મા ઉચ્ચ ભૂમિકાથી પતિત થશે.

[૧૦] બ્રહ્મચારિણી અને સાધ્વીનાં આ આત્મસ્પર્શી અ
વચનોને સાંભળી જેમ અંકુશ વડે (મદોન્મત્ત) હાથી
તેમ રથનેમિ શીઘ્ર વશ થયા અને સંયમધર્મમ
સ્થિર થયા.

નોંધઃ—ત્યાં હાથીરૂપ રથનેમિ, માવતરૂપ રાજીમતી અને
વચનો હતાં. રથનેમિનો વિકાર ક્ષણવારમાં ઉપશાંત થયો અને
થવાથી તે પશ્ચાતાપપૂર્વક પોતાના માર્ગમાં સ્થિર થયા. ચારિ
શું ન કરે ?

[૧૧] જેમ તે પુરુષશ્રેષ્ઠ રથનેમિએ વિષયભોગથી મનને શીઘ્ર હટાવી લીધું તેમ વિચક્ષણ અને તત્ત્વજ્ઞ પુરુષો પણ વિષય ભોગોથી નિવૃત્ત થઇ પરમ પુરુષાર્થ કરે.

નોંધઃ—ચિત્તની ચંચલતા મર્કટ જેવી છે. મનનો વેગ વાયુ જેવો છે. સંયમમાં સતત જાગૃતિ અને વૈરાગ્ય એ બન્ને તેની લગામો છે. લગામો શિથિલ થાય કે તુરતજ ચિંતનથી તેને સજ્જડ કરવી.

માનસિક ચિંતનની સાથેજ શારીરિક સંયમની પણ પ્રમાણ પુરતી આવશ્યકતા છે. તે વિવેક ભુલાવો ન જોઇએ.

શરીર, પ્રાણ અને મન એ ત્રણે પર કાબુ રાખવાથી ઇચ્છાઓને નિરોધ થાય છે અને શાંતિની ઉપાસના (સાધના) સિદ્ધ થતી રહે છે જેમ જેમ રાગ અને દ્વેષનો ક્રમશઃ ક્ષય થતો રહે છે તેમ તેમ આનંદનો સાક્ષાત્કાર થતો જાય છે.

એમ કહું છું.

એ પ્રમાણે શ્રામણ્યપૂર્વક નામનું બીજું અધ્યયન પૂર્ણ થયું.



ક્ષુલ્લકાચાર

(લઘુ આચાર)

૩

ત્યાગ એ જેટલો વ્યક્તિગત આધ્યાત્મિક વિકાસમાં સહાયક છે તેટલોજ સમાજ, રાષ્ટ્ર અને વિશ્વને પણ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉપકારક થઈ પડે છે.

જે સમાજમાં આદર્શ ત્યાગની પૂજા છે તે સમાજ નિઃસ્વાર્થી સંતોષી અને પ્રશાન્ત હોવાનો. તેની નિઃસ્વાર્થતા રાષ્ટ્રની પીડાતી પ્રજાને આશ્વાસન આપી શકે અને તેની શાંતિના આંદોલનો વિશ્વમાં શાંતિનો પ્રચાર કરી શકે.

આથી જે રાષ્ટ્રમાં ત્યાગની મહત્તા છે ત્યાં સુખનો સાગર સ્વયં ઉછળવાનો, તે સાગરની લહેરમાં વૈરીનાં વૈમનસ્ય લય થવાનાં અને વિરોધક શક્તિના પ્રચંડ બળો પણ શમી જવાનાં.

પરંતુ જે રાષ્ટ્રની પ્રજામાં ભોગવાસનાનુંજ પ્રાધાન્ય છે તે દેશમાં ધન હોવા છતાં સ્વાર્થ, મદાંધતા, રાષ્ટ્રદ્રોહ ઈત્યાદિ શાંતિના શત્રુઓનું સ્વરાજ્ય વ્યાપી રાષ્ટ્રશાંતિનું આજે, કાલે કે પછી અપહરણ થવાનું. સારાંશકે આદર્શ ત્યાગમાં વિશ્વશાંતિનું મૂળ છે, અને વાસનાનું પોષણ વિશ્વની અશાંતિનું કારણ છે.

આદર્શ ત્યાગીને ત્યાગ એજ જીવન છે. જીવનમાં સાંપ્રદાયિકતાના વિષ ન ભળે કે તે જીવન કલુષિત ન થાય તે સારુ સાધક

દશામાં ત્યાગીને ખુબ સાવધ રહેવું પડે છે. તેથી તે સાવધાનતા અને વ્યવસ્થા જાળવવા માટેજ આધ્યાત્મિક દર્દોના પ્રબળ ચિકિત્સક મહર્ષિ દેવોએ માનસિક મંથનથી સંશોધન કરી ત્યાગી સાધુતાના સંરક્ષણ સારુ સૂક્ષ્મથી માંડીને મોટા આકાર સુધીના આવશ્યક અનાચીર્ણ (નિષેધાત્મક) નિયમોનું આ અધ્યયનમાં વર્ણન આપ્યું છે.

ગુરુદેવ બોલ્યાઃ—

[૧] જેઓનો આત્મા સંયમમાં સુસ્થિર થયો છે. જેઓ સાંસારિક વાસનાથી કિંવા આંતરિક અને બાહ્ય પરિગ્રહથી મુક્ત રહ્યા છે, જેઓ પોતાના અને પરના આત્માને દુર્માર્ગથી બચાવી શકે છે અથવા જેઓ છકાય (દુન્યવી પ્રાણીમાત્ર)ના રક્ષક છે, જેઓ આંતરિક ગ્રંથીથી રહિત છે તેવા મહર્ષિઓને તે અનાચીર્ણ (નહિ આચરવા યોગ્ય) છે. તે નીચે પ્રમાણે છે.

નોંધ—સ્ત્રી, ધન, પરિવાર ઇત્યાદિ બાહ્ય પરિગ્રહ અને ક્રોધાદિ જે આત્મદોષો છે તે આંતરિક પરિગ્રહ કહેવાય છે. ત્રાયી શબ્દ રક્ષક વાચી છે.

છકાયમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ (હાલતા ચાલતા બધા જીવો) એમ છયે જીવોનો સમાવેશ થાય છે.

[૨] બાવન પ્રકારનાં અનાચીર્ણોનાં નામો ક્રમશઃ આ પ્રમાણે છેઃ— (૧) ઔદ્દેશિક (પોતાને ઉદ્દેશીને બનાવેલો આહાર જો સાધુ લે તો આ આધાકર્મિક દોષ લાગે.) (૨) ક્રીતકૃત (સાધુ માટે ખરીદીને બનાવેલો આહાર લેવો તે દોષ). (૩) નિયાગ (રોજ એક જ ઘેર આમંત્રણ આપી જાય ત્યાં ભિક્ષા લેવી તે), (૪) અભિહૃત (દૂરથી સાધુ માટે ઉપાશ્રય આદિ સ્થાનમાં સન્મુખ લાવેલો આહાર લેવો તે). (૫) રાત્રિભોજન (રાત્રિ ભોજન કરવું), (૬) સ્નાન કરવું. (૭)

ચંદન વગેરેની ગંધોનો ઉપયોગ કરવો, (૮) પુષ્પોનો ઉપયોગ કરવો, (૯) પંખાથી પવન નાખવો,

નોંધઃ—આમંત્રણ આપે તેમાં પોતાનું નિમિત્ત હોવાનો પાકો સંભવ છે માટે તે આહાર શાસ્ત્રીય દૃષ્ટિએ સાધુ માટે વર્જ્ય કહ્યો છે.

[૩] (૧૦) સંનિધિ (પોતાને કે પરને માટે ઘી, ગોળ કે કોઈપણ પ્રકારના આહારનો રાત્રિએ સંગ્રહ કરી રાખવો તે), (૧૧) ગૃહિપાત્ર (ગૃહસ્થના પાત્રમાં આહારાદિ કરવો ,તે). (૧૨) રાજપિંડ (ધનિક લોકો પોતાને માટે બલિષ્ઠ ઔષધિ નાખી ખોરાક બનાવે છે તે), (૧૩) કિમિચ્છક (તમોને શું જોઈએ એમ પૂછીને બનાવેલો આહાર લેવો તે અથવા દાનશાળાનો આહાર લેવો તે), (૧૪) હાડ, માંસ, ત્વચા, રોમ ઈત્યાદિને સુખ થાય તેવું તૈલાદિકનું મર્દન કરાવવું તે, (૧૫) દંતપ્રધાવન (દાતણ કરવું), (૧૬) સંપ્રશ્ન (ગૃહસ્થોના શરીર કે ગૃહ સંબંધી કુશળક્ષેમ પૂછી તેવી વાર્તામાં રસ લેવો તે), (૧૭) દેહપ્રલોચન (આરસો કે તેવા સાધનથી શરીરની શોભા નીરખવી,

નોંધઃ—બલિષ્ઠ આહાર કરવાથી શરીરમાં વિકાર થવા સંભવ છે. અને વિકાર વધવાથી સંયમમા હાનિ પહોંચવાનો સંભવ રહે, માટે તે વર્જ્ય છે. દાનશાળાનો આહાર લેવાથી અન્ય યાચકોની લાગણી દુભાવાનો સંભવ છે.

[૪] (૧૮) અષ્ટાપદ (જુગાર ખેલવો), (૧૯) નાલિકા (શેતરંજ વગેરે બીજી રમતો રમવી), (૨૦) છત્રનું ધારણ કરવું, (૨૧) ચિકિત્સા (જે દ્વારા હિંસા થાય તેવું વૈદું કરાવવું તે), (૨૨) પગમાં પગરખાં પહેરવાં, (૨૩) અગ્નિનો સમારંભ કરવો,

નોંધઃ—નાલિકા એ એક જાતની પ્રાચીન રમત છે. પરંતુ તે શબ્દથી ચોપાટ, ગંજીપો, શેતરંજ વગેરે સૌ રમતો સમજી લેવી, તે રમતો સાધુજન માટે વર્જ્ય છે. કારણકે તેમાં અનેક દોષોનો સંભવ છે.

[५] (२४) शय्यातरपिंड ([illegible]) [illegible] तेनुं [illegible] (२५) [illegible] (खाटलामांथी [illegible] पलंग पर बेसवुं), (२६) गृहांतर निषद्या (घरनी वच्चे बेसवुं अथवा गृहस्थने त्यां बेसवुं), (२७) शरीरनुं उद्वर्तन करे (शरीरने पीठी वगेरे चोळे).

नोंध--जेनी आज्ञाथी मकानमां उतर्या होय तेना घरना आहार पाणी लेवानी मनाईनुं कारण ए छे के [illegible] तेम आहारपाणीने [illegible] थाय अने तेथी दोष थवानो संभव छे.

आसंदी के खाटलामां के खाटलामांथी [illegible] आसन छे. तेने स्थळे बेसवाथी प्रमादादि दोषोनो संभव छे.

के घरनी वच्चे बेसवाथी ते ते घरना माणसोने [illegible] थशे तेनी शंका थवानो संभव छे.

गृहस्थने त्यां रोगी, असक्त के तपस्वी साधु [illegible] आशक्तिना कारणे बेसे तेने छूट छे. ते सिवाय गृहस्थने त्यां बेसी न शके. गृहस्थने त्यां बेसवाथी परिचय वधे अने परिचयथी संयमी जीवनने बाधा पहोंचे.

[६] (२८) गृहस्थनी सेवा करवी अथवा गृहस्थनी सेवा लेवी, (२९) पोतानुं कुळ के जाति ओळखावी भिक्षा मेळववी, (३०) तप्तानिर्वृतभोजित्व (जे गरम पाणी बराबर अग्निनुं शस्त्र लागी उकळ्युं नहोय तेवुं सचेत पाणी लेवुं). (३१) रोग किंवा क्षुधानी पीडा उपस्थित थाय त्यारे वहालानुं स्मरण करवुं के कोईनुं शरण इच्छवुं ते.

नोंध—अहीं सेवानो अर्थ अंग वगेरे दबाववां इत्यादि क्रियाओ छे. विना कारण आवी सेवाओ लेवाथी आळस वगेरे दोषोनो संभव छे. वासणना उपर, नीचे अने मध्य ए त्रणे भागमां बराबर तपेलुं होय तेवुं गरम पाणी अचित्त गणाय छे.

[७] (३२) मूळा, (३३) आदु के (३४) शेरडीना ककडा जे निवृत न होय अर्थात् सचित्त होय ते भोगववां ते, (३५) सचेत

સૂરણ વગેરે કંદ કે (૩૬) સચિત્ત જડીબુટ્ટી,[x] (૩૭) સ
(૩૮) કે સચિત્ત બીજ ગ્રહણ કરવાં તે.

નોંધઃ—જીવસહિત હોય તો સચિત્ત ગણાય અને જીવરહિત ગચિત્ત ગણાય. અન્ય જાતિના કોઇ પણ શસ્ત્રથી પરિણત થયેલી કાવેલી વસ્તુઓ અચિત્ત થઇ જાય છે.

(૮) (૩૯) ખાણનું સંચળ, (૪૦) સિંધાલૂણ, (૪૧) સામાન્ય (૪૨) રોમદેશનું (રોમક) મીઠું, (૪૩) સમુદ્રનું મીઠું, ખારો (પાંશુ લવણ) તથા (૪૫) કાળું મીઠું એમ અનેક મીઠું જો સચેત ગ્રહણ કરાય તો તે દૂષિત છે.

[૯] (૪૬) ધૂપન (ધૂપ દેવો કિંવા બીડી વગેરે પીવાં), વમન (ઔષધદ્વારા ઉલટી કરવી), (૪૮) બસ્તિકર્મ (સ્થાનદ્વારા અંલિષ્ટ ઔષધિનો શરીર માટે ઉપયોગ કરવો હઠયોગની તેવી ક્રિયા કરવી), (૪૯) વિરેચન (વિના ઔષધદ્વારા જુલાબ લેવો), (૫૦) નેત્રશોભાર્થે અં ઇત્યાદિનો ઉપયોગ કરવો, (૫૧) દાંતને રંગવા, (૫૨) ગા ભ્યંગ (શરીરની ટાપટીપ કરવી કિંવા શરીરની વિભૂષા કર

નોંધઃ—ધૂપનનો અર્થ વસ્ત્રાદિકને ધૂપ દેવો એવો પણ થાય ઘણું ખાઈ પછી તેને ઔષધદ્વારા મ્હોંથી ઉલટી કરીને કે વિરેચન કાઢવાનો પ્રયત્ન કરવો તે દૂષણ છે તે દૃષ્ટિએ વમન અને વિરેચન બન્નેનો નિષેધ કર્યો છે.

[૧૦] સંયમમાંજ યોજાયેલા અને દ્રવ્યથી (ઉપકરણથી) હળવા તેમ આભ્યંતર (ક્રોધાદિ કષાયો)થી હળવા એવા નિર્ગ્રંથ મહર્ષિએ માટે ઉપર કહેલાં બાવન અનાચીર્ણો (નહિ આચરવા યોગ્ય વસ્તુઓ) છે.

× કેટલીક વસ્તુઓ સંબંધી સચિત્ત-અચિત્તનો નિર્ણય સામાન્ય રીતે ન થઈ શકે તે સારુ સચિત્ત-અચિત્ત નિર્ણાયક કમિટિનો નિબંધ કોન્ફરન્સ રિપોર્ટમાં વાંચી લેવો.

[૧૧] ઉપરના અનાચીર્ણોથી રહિત, પાંચ આસવદ્વારોના ત્યાગી, મન, વચન અને કાયા એ ત્રણે ગુપ્તિઓથી ગુપ્ત, છકાય જીવોના પ્રતિપાલક (અહિંસક), પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરનારા, ધીર અને સરળ સ્વભાવી જે નિર્ગ્રંથ મુનિઓ હોય છે;

નોંધઃ—મિથ્યાત્વ (અજ્ઞાન), અવ્રત, કષાય, પ્રમાદ અને અશુભ યોગ એ પાંચ વસ્તુઓથી જ પાપનું આગમન થાય તે આસવદ્વાર કહેવાય છે.

[૧૨] તે સમાધિવંત સંયમી પુરુષો ગ્રીષ્મ ઋતુમાં આતાપના લે છે, હેમંત (શીત) ઋતુમાં વસ્ત્રને વેગળાં કરી ઠંડી સહન કરે છે અને વર્ષા ઋતુમાં માત્ર પોતાના સ્થાનમાંજ અંગોપાંગનું સંવરણ કરી બેસી રહે છે.

નોંધઃ—સાધુજનો ત્રણે ઋતુઓમાં ભિન્નભિન્ન પ્રકારની તનને અને મનને કસવા માટે તપશ્ચર્યા કરે છે. અહિંસા, સંયમ અને તપ એ ત્રિપુટિની આરાધના કરવી તેજ સાધુતા છે. ભિન્ન ભિન્ન ઋતુએ જે કષ્ટો પડે તેનો પ્રતિકાર કરવો નહિ તેમાં સાધુતાની રક્ષા છે.

[૧૩] પરિષહ (આકસ્મિક આવી પડેલાં સંકટો) રૂપ શત્રુઓનું દમન કરવાવાળા, મોહને દૂર કરનારા અને જિતેન્દ્રિય (ઇન્દ્રિયોના વિષયોને જીતનારા) મહર્ષિઓ સર્વ દુઃખનો નાશ કરવા માટે સંયમ અને તપમાં પ્રવૃત્ત થાય છે.

[૧૪] અને તેમાંના કેટલાક સાધુઓ દુષ્કર એવું (તપ) કરીને અને ન સહન થઈ શકે તેવું (કષ્ટ) સહીને ઉચ્ચ પ્રકારના દેવલોકમાં ગમન કરે છે અને કેટલાક કર્મરૂપ રજથી સાવ મુક્ત થઈને સાધ્યસિદ્ધ થાય છે. અર્થાત્ મુક્તિ પામે છે.

[૧૫] (જેઓ દેવગતિને પામે છે તે સંયમી પુરુષો પણ ફરીથી મનુષ્ય લોકમાં આવીને) છ કાયના પ્રતિપાલકો સંયમ અને તપ દ્વારા પૂર્વ કર્મોનો ક્ષય કરીને સિદ્ધિ માર્ગને આરાધીને નિર્વાણ પામે છે.

તેવી યોગ્યતા પછી તે કોઈ પીઢ, મેધાવી, સમયજ્ઞ અને સમભાવી ગુરુને શોધી લે છે અને શ્રમણભાવની આરાધના સારુ ગૃહસ્થસ્વાંગ તજી દીક્ષિત થઈ શ્રમણકુળમાં પ્રવેશે છે.

પ્રવેશતા પહેલાં ગુરુદેવ શિષ્યના માનસની સંપૂર્ણ ચિકિત્સા કરે છે અને સાધકની યોગ્યતા જોઇ ત્યાગમાર્ગના જવાબદારીનું ભાન કરાવે છે તથા શ્રમણધર્મનું બોધમય ભાવથી યથાર્થ રહસ્ય સમજાવી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચેનું સંપૂર્ણ પાલન અને છઠ્ઠા અણુવ્રતમાં રાત્રિભોજનના ત્યાગની કડક પ્રતિજ્ઞા લેવડાવે છે. એ પ્રતિજ્ઞા યાવત્જીવન પાળવાની હોય છે. તે આત્માર્થી સાધક વિવેકપૂર્વક પ્રતિજ્ઞા સ્વીકારી લે છે અને સ્વીકાર્યા પછી પોતાના સંયમમય જીવનને નિભાવવા છતાં પૃથ્વીથી માંડીને વનસ્પતિ સુધીના સ્થિર જીવો, ક્ષુદ્ર નાના મોટા જંતુઓ તથા અન્ય પ્રાણીઓની રક્ષા કેવી રીતે કરી શકે? તેનો સંપૂર્ણ ખ્યાલ આ અધ્યયનમાં આપે છે:—

ગુરુદેવ બોલ્યા:—

સુધર્મ સ્વામીએ પોતાના સુશિષ્ય જંબૂસ્વામીને કહ્યું હતું કે:— હે આયુષ્મન્ જંબૂ! મેં સાંભળ્યું છે કે ષડ્જીવનિકા નામનું અધ્યયન છે તે કાસ્યપ ગોત્રીય શ્રમણ તપસ્વી ભગવાન મહાવીરે કહ્યું છે. ખરેખર તે પ્રભુએ આ લોકમાં તે ષડ્જીવનિકાની પ્રરૂપણા કરી છે, સુંદર રીતે તેની પ્રસિદ્ધિ કરી છે અને સુંદર રીતે તેનો સદ્બોધ પણ કરાવ્યો છે.

શિષ્યે કહ્યું:—શું તે અધ્યયનને શીખવામાં મારું કલ્યાણ છે?

ગુરુએ કહ્યું:—હા, તેથી ધર્મનો બોધ થાય છે.

શિષ્યે કહ્યું:—હે ગુરુદેવ! તે કયું ષડ્જીવનિકા નામનું અધ્યયન જે કાસ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર પ્રભુએ ફરમાવ્યું છે, જેની પ્રરૂપણા અને પ્રસિદ્ધિ કર્યાં છે? અને જે અધ્યયનનું પઠન કરવાથી મારું કલ્યાણ અને ધર્મબોધ થવાનાં છે તે અધ્યયન કયું?

ષડ્ જીવનિકા

(સમગ્ર વિશ્વના છ પ્રકારના જીવોનું વર્ણન)

૪

ગદ્યવિભાગ

ભોગની વાસનામાંથી તીવ્રતા મટી જઈ તે તરફની ઇચ્છાનો વેગ મંદ પડે તેનું જ નામ વૈરાગ્ય.

તે વૈરાગ્ય બે રીતે ઉદ્ભવે છેઃ—(૧) વિલાસના અતિરેકથી સાંપડેલું માનસિક અને કાયિક સંકટ અથવા (૨) ઇચ્છેલી તૃપ્તિનું તેમાંથી અનુભવેલું અદર્શન. આમાંથી તે સ્વયં જાગૃત થઈ જાય છે અથવા તો તે જાગૃતિમાં ક્વચિત્ કોઇ પ્રબળ નિમિત્તની પ્રેરણા પણ હોય છે.

આવી વૈરાગ્યભાવના વિવેકબુદ્ધિને જાગૃત કરે છે અને ત્યારથી તે સાધક ચાલવામાં, ઉઠવામાં, બોલવામાં અને બેસવામાં એમ પ્રત્યેક કાર્યપરત્વે તેની ઉત્પત્તિ, હેતુ અને પરિણામનું ઊંડું ચિંતન કરતાં શીખે છે.

આવી સ્થિતિમાં તે પોતાની આવશ્યકતા ઘટાડે છે અને આવશ્યકતા ઘટવાથી તેનું પાપ ઘટવા માંડે છે. આનું જ નામ જ્ઞાનપૂર્વકનો સંયમ.

તેવા સંયમ પછી જ ત્યાગની ભૂમિકા છે. જ્યારે તે સાધક પોતાની માલિકી પ્રત્યેક પદાર્થ પરથી ત્યાગી દે છે, જ્યારે તે પોતાનું જીવન હળવું ફૂલ જેવું બનાવી દે ત્યારે તેને જૈન શ્રમણની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

તેવી યોગ્યતા પછી તે કોઈ પીઢ, મેધાવી, સમયજ્ઞ અને સમભાવી ગુરુને શોધી લે છે અને શ્રમણભાવની આરાધના સારુ ગૃહસ્થસ્વાંગ તજી દીક્ષિત થઈ શ્રમણકુળમાં પ્રવેશે છે.

પ્રવેશતા પહેલાં ગુરુદેવ શિષ્યના માનસની સંપૂર્ણ ચિકિત્સા કરે છે અને સાધકની યોગ્યતા જોઇ ત્યાગમાર્ગના જવાબદારીનું ભાન કરાવે છે તથા શ્રમણધર્મનું બોધમય ભાવથી યથાર્થ રહસ્ય સમજાવી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચેનું સંપૂર્ણ પાલન અને છઠ્ઠા અણુવ્રતમાં રાત્રિભોજનના ત્યાગની કડક પ્રતિજ્ઞા લેવડાવે છે. એ પ્રતિજ્ઞા યાવત્જીવન પાળવાની હોય છે. તે આત્માર્થી સાધક વિવેકપૂર્વક પ્રતિજ્ઞા સ્વીકારી લે છે અને સ્વીકાર્યા પછી પોતાના સંયમમય જીવનને નિભાવવા છતાં પૃથ્વીથી માંડીને વનસ્પતિ સુધીના સ્થિર જીવો, ક્ષુદ્ર નાના મોટા જંતુઓ તથા અન્ય પ્રાણીઓની રક્ષા કેવી રીતે કરી શકે? તેનો સંપૂર્ણ ખ્યાલ આ અધ્યયનમાં આપે છેઃ—

ગુરુદેવ બોલ્યાઃ—

સુધર્મ સ્વામીએ પોતાના સુશિષ્ય જંબૂસ્વામીને કહ્યું હતું કેઃ— હે આયુષ્મન્ જંબૂ! મેં સાંભળ્યું છે કે ષડ્જીવનિકા નામનું અધ્યયન છે તે કાશ્યપ ગોત્રીય શ્રમણ તપસ્વી ભગવાન મહાવીરે કહ્યું છે. ખરેખર તે પ્રભુએ આ લોકમાં તે ષડ્જીવનિકાની પ્રરૂપણા કરી છે, સુંદર રીતે તેની પ્રસિદ્ધિ કરી છે અને સુંદર રીતે તેનો સદ્બોધ પણ કરાવ્યો છે.

શિષ્યે કહ્યુંઃ—શું તે અધ્યયનને શીખવામાં મારું કલ્યાણ છે?

ગુરુએ કહ્યુંઃ—હા, તેથી ધર્મનો બોધ થાય છે.

શિષ્યે કહ્યુંઃ—હે ગુરુદેવ! તે કયું ષડ્જીવનિકા નામનું અધ્યયન જે કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર પ્રભુએ ફરમાવ્યું છે, જેની પ્રરૂપણા અને પ્રસિદ્ધિ કર્યાં છે? અને જે અધ્યયનનું પઠન કરવાથી મારું કલ્યાણ અને ધર્મબોધ થવાનાં છે તે અધ્યયન કયું?

ગુરુએ કહ્યું:—ખરેખર તે આ ષડ્જીવનિકા નામનું અધ્યયન કાસ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરે ફરમાવ્યું છે, પ્રરૂપ્યું છે અને પ્રસિદ્ધ કર્યું છે. વળી એ અધ્યયન શીખવાથી કલ્યાણ અને ધર્મબોધ પણ થઇ શકશે. તે આ પ્રમાણે:—(છ કાય જીવનાં પૃથક્ પૃથક્ નામો કહે છે) (૧) પૃથ્વીકાય સંબંધીના જીવો, (૨) જળકાય સંબંધીના જીવો, (૩) અગ્નિકાય સંબંધીના જીવો, (૪) વાયુકાય સંબંધીના જીવો, (૫) વનસ્પતિકાય સંબંધીના જીવો અને (૬) ત્રસકાય સંબંધીના જીવો.

નોંધ:—દુ:ખાદિથી જે જીવોની દુભાતી લાગણી પ્રત્યક્ષ ન દેખી શકાય પરંતુ અનુમાનથી જાણી શકાય અને જે સ્થિર હોય તેનો સમાવેશ સ્થાવરમાં થાય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવોને સ્થાવર કહેવાય છે અને દુ:ખાદિથી જેની દુભાતી લાગણી પ્રત્યક્ષ દેખી શકાય છે તેવા બધા હાલતા ચાલતા જીવોનો સમાવેશ ત્રસજીવોમાં થાય છે.

[૧] પૃથ્વીકાયમાં અનેક જીવો હોય છે. પૃથ્વીકાયની જુદી જુદી ખંડકાયામાં પણ ઘણાં જીવો રહ્યા હોય છે. પૃથ્વીને અગ્નિ ઇત્યાદિ બીજું (પૃથ્વી સિવાયનું) શસ્ત્ર પરિણમે (લાગે) નહિ (તે શસ્ત્રદ્વારા હણાય નહિ). ત્યાંસુધી પૃથ્વી પોતે સચેત કહેવાય છે. પૃથ્વીના જીવોનો અગ્નિ વગેરેથી નાશ થાય છે.

[૨] એક પાણીના બિંદુમાં અસંખ્યાત (અનેક) પૃથક્ પૃથક્ જીવો રહ્યા હોય છે. તેને બીજું અગ્નિ વગેરે શસ્ત્ર પરિણમે (લાગે) નહિ ત્યાંસુધી તે સચેત (જીવસહિત) કહેવાય છે. પરંતુ જ્યારે તેને બીજું શસ્ત્ર લાગે છે ત્યારે તે જીવોનો નાશ થાય છે. અને તેથી અમુક કાળ સુધી તે અચિત (જીવરહિત) રહે છે.

નોંધ:—હમણાં હમણાં વૈજ્ઞાનિક શોધથી એક પાણીના બિંદુમાં સેંકડો જીવો રહે છે તેનો પ્રયોગ જાહેર થઈ ચૂક્યો છે.

૩] એક અગ્નિના તણખામાં પૃથક્ પૃથક્ અસંખ્યાત અગ્નિના જીવો હોય છે તેથી તેને જો બીજું (પાણી વગેરે) શસ્ત્ર પરિણુગે (લાગે) નહિ તો તે સચેત કહેવાય છે અને શસ્ત્ર પરિણુમ્યા પછી તે અજીવ (જીવ રહિત) થવાથી અચેત કહેવાય છે.

[૪] વાયુકાયમાં પણ પૃથક્ પૃથક્ રહેલા અનેક જીવો હોય છે અને તેને બીજું શસ્ત્ર પરિણુગે (લાગે) નહિ ત્યાંસુધી સચેત કહેવાય છે. પણ અન્ય શસ્ત્ર વાગે ત્યારે તો અચેત જ થાય છે.

નોંધઃ—વીંજણા ઇત્યાદિ વતી વીંજવાથી વાયુકાયના જીવો નાશ પામે છે તેથી તે વાયુનાં શસ્ત્રો ગણાય છે.

[૫] વનસ્પતિકાયમાં પણ જુદા જુદા શરીરોમાં સંખ્યાત, અસંખ્યાત અને અનંત જીવો પૃથક્ પૃથક્ રહેલા છે તેથી વનસ્પતિને જ્યાંસુધી અગ્નિ કે લવણ ઇત્યાદિ શસ્ત્ર પરિણુમે (સ્પર્શે) નહિ ત્યાંસુધી તે સચેત કહેવાય છે.

હવે તે વનસ્પતિના ભેદો કહે છેઃ—

(૧) જેની ટોચ પર બીજ છે તેવી અગ્રબીજા વનસ્પતિ (કોરંટાદિ વૃક્ષ), (૨) જેના મૂળમાં બીજ છે તે મૂળબીજા વનસ્પતિ (ઉત્પલ કંદાદિ), (૩) જેના પર્વ (કાતળીઓ)માં બીજ હોય છે પર્વબીજા વનસ્પતિ (શેરડી વગેરે), (૪) જેના સ્કંધમાં બીજ છે સ્કંધબીજા વનસ્પતિ (વડ, પીપળો વગેરે), (૫) જેના બીજમાં બી રહે તે બીજરૂહા વનસ્પતિ (ચોવીસ પ્રકારનાં અનાજ), (૬) સંમૂર્છિમ (પોતાની મેળે ઉગે તે) વનસ્પતિ (અંકુરાઓ વગેરે), (૭) તૃણ તરીકે ઘ્રો વગેરે, (૮) લતા–ચંપા વગેરે વેલો. એવા એવા પ્રકાર બીજવાળી વનસ્પતિમાં પૃથક્ પૃથક્ અનેક જીવો રહેલા છે અને બીજું શસ્ત્ર લાગે નહિ ત્યાંસુધી તે સચેત કહેવાય છે.

હવે ત્રસકાય જીવોના ભેદો કહે છેઃ—

વળી આ હાલતા ચાલતા ત્રસ (બે ઈંદ્રિયાદિ) જીવો પણ આઠ પ્રકારના કહ્યા છે. તે જીવોને ઉત્પન્ન થવાનાં મુખ્યતયા આઠ સ્થાનો છે તે કહે છેઃ—(૧) અંડજ (ઈંડાથી ઉત્પન્ન થાય) તે પક્ષી વગેરે, (૨) પોતજ (ચર્મથી વિંટાયેલા જન્મ પામે) તે હાથી વગેરે, (૩) જરાયુજ (ઓરથી વિંટાયેલા જન્મે) તે ગાય ભેંસ વગેરે, (૪) રસજ (બગડી ગયેલા રસમાં ઉત્પન્ન થાય) તે બે ઈંદ્રિય વગેરે, (૫) સ્વેદજ (પરસેવાથી ઉત્પન્ન થાય) તે જૂ, માકડ વગેરે, (૬) સંમૂર્છિમ (નરમાદાના સંયોગ વિના જન્મે) તે માખી, કીડી વગેરે, (૭) ઉદ્‌ભિજ્જ (જમીન ફાડીને નીકળે) તે તીડ, પતંગ વગેરે, (૮) ઓપપાતિક (ગર્ભ વિના સ્થાનમાં ઉત્પન્ન થાય) તે દેવ તથા નારકીના જીવો

એ સૌ જીવો સુખનાજ અભિલાષી છે, માટે એ છએ જીવનિકાયો પૈકી કોઈ પર સ્વયં (પોતે) દંડ આરંભવો નહિ (હિંસા કરવી નહિ), બીજા પાસે દંડ આરંભાવવો નહિ (ઘાત કરાવવી નહિ), તેમજ જે કોઈ બીજા માણસો દંડ આરંભતાં (હિંસા કરતાં) હોય તેને અનુમોદન સુદ્ધાં આપવું નહિ.

ઉપરની પ્રતિજ્ઞા ગુરુદેવે કહી ત્યારે શિષ્ય કહે છે કે હે ભગવન્! હું પણ જીવનપર્યંત મન, વચન અને કાયા એ ત્રણે યોગથી હિંસા નહિ કરું, નહિ કરાવું કે બીજા કરતા હોય તેને અનુમોદન પણ નહિ આપું.

અને હે ભદંત! પૂર્વ કાળમાં થયેલા પાપથી હું નિવૃત્ત થાઉં છું. મારા આત્માની સાક્ષીએ તે પાપને નિંદું છું. આપની સાક્ષીએ તે પાપની અવગણના કરું છું અને હવે તેવા પાપકારી કર્મથી મારા આત્માને સર્વથા અળગો કરું છું.

હવે ઉપરના છ કાય જીવોની રક્ષા માટે પાંચ મહાવ્રતોની વિગત કહે છે:—

શિષ્યે કહ્યું:—હે પૂજ્ય! પહેલા મહાવ્રતમાં શું કરવાનું હોય છે?

ગુરુદેવે કહ્યું:—પહેલા મહાવ્રતમાં જીવની હિંસાથી (પ્રાણાતિપાતથી) વિરમવાનું હોય છે.

અહો ભગવન્! હું સર્વપ્રકારે પ્રાણાતિપાતનાં પ્રત્યાખ્યાન કરું છું.

ગુરુએ કહ્યું:—તે પ્રાણીઓ ચાર પ્રકારનાં છે:—(૧) સૂક્ષ્મ (નાના શરીરવાળા જીવો) તથા (૨) બાદર (મોટા શરીરવાળા જીવો) તેમજ (૩) ત્રસ (હાલતા ચાલતા) તથા (૪) સ્થાવર (પૃથ્વીથી માંડીને વનસ્પતિ સુધીના) જીવો.

આ પ્રવૃત્તિઓનો સ્વયં અતિપાત (નાશ) કરવો નહિ, અ[illegible] પાસે કરાવવો નહિ કે નાશ કરનારાઓને અનુમોદન આપવું નહિ.

આ પ્રમાણે શિષ્ય કહે છે:—હે ગુરુદેવ ! જીવનપર્યંત હું [illegible] પ્રકાર અને ત્રણ યોગોથી અર્થાત્ મન, વચન કે કાયાથી હિ[illegible] કરીશ નહિ, કરાવીશ નહિ, કે હિંસા કરનારને અનુમોદન આ[illegible] નહિ. અને પૂર્વકાળમાં જે હિંસાદ્વારા પાપ કર્યું છે તેથી હું નિ[illegible] [illegible] આત્માની સાક્ષીએ તે પાપને નિંદું છું, આ[illegible] [illegible] કરું છું અને હિંસક [illegible] પાપકારી [illegible] [illegible] અપણો [illegible] છું. હે પૂજ્ય ! એ પ્રમાણે [illegible] [illegible] પ્રાણાતિપાત (=હિંસા)થી વિરમ[illegible] ॥

[illegible] અપ્રમત્ત [illegible] બીજા મહાવ્રતમાં [illegible]

શિષ્યે કહ્યું:—હે ગુરુદેવ! હવે ત્રીજા મહાવ્રતમાં શું કરવાનું છે?

ગુરુએ કહ્યું:—ત્રીજા મહાવ્રતમાં અદત્તાદાનથી વિરમવાનું છે.

શિષ્યે કહ્યું:—હે પૂજ્ય! હું સર્વ પ્રકારે અદત્તાદાન (અણુ-હકનું લેવું કિંવા નહિ દીધેલું લેવું) તેનો ત્યાગ કરું છું.

ગુરુએ કહ્યું:—ગામમાં, નગરમાં કે અરણ્યમાં કોઈપણ સ્થળે અલ્પ હો કે બહુ હો અથવા નાની ચીજ હો કે મોટી વસ્તુ હો, સચિત્ત (પશુ, મનુષ્ય ઈત્યાદિ સજીવ વસ્તુ) હો કે અચિત્ત વસ્તુ હો; તેમાંનું કાંઇપણ અણદીધેલું સ્વયં ન ગ્રહણ કરવું, ન કરાવવું કે ગ્રહણ કરનારાને અનુમોદન પણ ન આપવું.

શિષ્યે કહ્યું:—હે પૂજ્ય! હું જીવનપર્યંત ત્રણ કરણ અને ત્રણ યોગે કરી અર્થાત્ મન, વચન અને કાયા દ્વારા ચોરી નહિ કરું, નહિ કરાવું કે ચોરી કરતો હોય તેને ઠીક કરે છે એમ નહિ માનું. અને પૂર્વકાળે તે સંબંધી જે કંઇ પાપ થયું હોય તેથી હું નિવૃત્ત થાઉં છું. આત્મસાક્ષીએ તે પાપને નિંદું છું, આપની સમક્ષ તેની અવગણના કરું છું અને હવેથી તેવા પાપકારી કર્મથી મારા આત્માને અળગો કરું છું. ॥ ૩ ॥

શિષ્યે કહ્યું:—હે ભગવન્! હવે ચોથા મહાવ્રતમાં શું કરવાનું હોય છે? તે કૃપા કરીને કહો.

ગુરુએ કહ્યું:—ચોથા મહાવ્રતમાં મૈથુન (વ્યભિચાર) થી નિવર્તવાનું હોય છે.

શિષ્યે કહ્યું:—હે ગુરુદેવ! હું મૈથુનનો સર્વથા ત્યાગ કરું છું.

ગુરુએ કહ્યું:—દેવ સંબંધી, મનુષ્ય સંબંધી કે તિર્યંચ સંબંધી એમ ત્રણે જાતિ પૈકી કોઇ સાથે સ્વયં મૈથુન સેવવું નહિ, બીજા પાસે મૈથુનસેવન કરાવવું નહિ કે તેવા મૈથુન સેવનારાને અનુમોદન આપવું નહિ.

શિષ્યે કહ્યું:—હે પૂજ્ય! હું જીવનપર્યંત ત્રણ કરણ અને ત્રણ યોગે કરી અર્થાત્ મન, વચન અને કાયા દ્વારા મૈથુન નહિ સેવું, બીજા પાસે મૈથુનસેવન નહિ કરાવું કે મૈથુન સેવનારાને અનુમોદન પણ નહિ આપું. તેમજ પૂર્વકાળે તત્ સંબંધી જે કંઈ પાપ થયું હોય તેનાથી હું નિવૃત્ત થાઉં છું, આપની પાસે તે પાપની અવગણના કરું છું અને હવેથી તેવા પાપકારી કર્મથી મારા આત્માને અળગો કરું છું. ॥૪॥

નોંધ:—સાધ્વીજાતિને તથા સાધુજાતિને બન્નેને ઉપરનાં પ્રત્યાખ્યાન પોતાની જાતિ પ્રમાણે લેવાનાં અને પાળવાના હોય છે.

શિષ્યે કહ્યું:—હે ભગવન્! હવે પાંચમા મહાવ્રતમાં શું કરવાનું છે?

ગુરુએ કહ્યું:—પાંચમા મહાવ્રતમાં પરિગ્રહ (પદાર્થપરતી આસક્તિ)થી વિરમવાનું છે.

શિષ્યે કહ્યું:—હે પૂજ્ય! હું સર્વથા પરિગ્રહને પરિહરું (ત્યાગું) છું.

ગુરુએ કહ્યું:—તે થોડું હો કે બહુ હો (થોડા મૂલ્યવાળું તથા ભારથી પણ હલકું તેવું કોડી વગેરે તથા વજનમાં ભારી અને મૂલ્યમાં હલકું તેવું કાષ્ઠાદિ દ્રવ્ય), નાનું હો કે મોટું હો (ભાર થોડો અને મૂલ્ય ઘણું તે હીરા, રત્ન વગેરે તથા ભાર વધુ અને મૂલ્ય પણ ઘણું તે હાથી વગેરે) સચિત્ત (શિષ્ય વગેરે) હો કે અચિત્ત (બીજું દ્રવ્ય) હો તેમાંની કોઇ પણ વસ્તુનો પરિગ્રહ કરવો નહિ, બીજા પાસે પરિગ્રહ કરાવવો નહિ અને પરિગ્રહ કરનારાને અનુમોદન પણ આપવું નહિ.

નોંધ:—પરિગ્રહમાં સચેત ગણાવવાનું કારણ એ છે કે પરિગ્રહના ત્યાગી મુનિઓ શિષ્યાદિને તેના વાલીની રજા વગર સાથે રાખી શકે નહિ અને તેવી પ્રવૃત્તિ કરે તો તેથી પરિગ્રહ નામનું પાંચમું મહાવ્રત ખંડિત થાય છે.

શિષ્યે કહ્યું:—હે પૂજ્ય! જીવનપર્યંત ત્રણ કરણ અને ત્રણ યોગે કરી અર્થાત્ મન, વચન અને કાયાદ્વારા હું પરિગ્રહ કરીશ નહિ, બીજા દ્વારા પરિગ્રહ કરાવીશ નહિ કે પરિગ્રહ કરનારને અનુમોદન પણ આપીશ નહિ. પૂર્વકાળે તત્ સંબંધી જે કંઇ પાપ થઈ ગયું હોય તેનાથી હું નિવૃત્ત થાઉં છું, તે પાપને આત્મસાક્ષીએ નિન્દુ છું, આપની સમક્ષ તે પાપની અવગણના કરું છું અને હવેથી તેવા પાપકારી કર્મથી મારા આત્માને સર્વથા અળગો કરું છું. ॥૫॥

નોંધ:—જ્યારે જ્યારે સાધુને બીજી પરિપક્વ દીક્ષા અપાય છે ત્યારે ઉપરનાં પાંચ મહાવ્રતોની જીવનપર્યંતની પ્રતિજ્ઞા આપવામાં આવે છે. અને તે પાકી પ્રવ્રજ્યાને છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવાય છે. આ પાંચ મહાવ્રતના વિશેષ ભાંગાઓ મળીને તેના ૨૫૨ ભેદો થાય છે.

શિષ્યે કહ્યું:—હે ભગવન્! હવે છઠ્ઠા વ્રતમાં શું કરવાનું છે?

ગુરુએ કહ્યું:—છઠ્ઠા વ્રતમાં રાત્રિભોજનથી નિવર્તવાનું છે.

શિષ્યે કહ્યું:—હે ગુરુદેવ! હું રાત્રિભોજનનો જીવનપર્યંત સર્વથા ત્યાગ કરું છું.

ગુરુએ કહ્યું:—અન્ન, પાણી, ખાદિમ (મેવા વગેરે ખોરાક) તથા સ્વાદિમ (મુખવાસાદિ) એમ ચારે પ્રકારના આહારને રાત્રે સ્વયં ન ભોગવવો, બીજા પાસે રાત્રિએ ભોજન કરાવવું નહિ કે રાત્રિભોજન કરનારને અનુમોદન આપવું નહિ.

શિષ્યે કહ્યું:—હે પૂજ્ય! હું જીવનપર્યંત ત્રણ કરણ અને ત્રણ યોગે કરી અર્થાત્ મન, વચન અને કાયા દ્વારા રાત્રિભોજન કરીશ નહિ, કરાવીશ નહિ કે રાત્રિભોજન કરનારને અનુમોદન પણ આપીશ નહિ. પૂર્વે જે રાત્રિભોજન સંબંધી પાપ કર્યું હોય તેનાથી હું નિવૃત્ત થાઉં છું, આત્મસાક્ષીએ તે પાપને નિંદું છું, આપની પાસે તે પાપને અવગણું છું અને હવેથી તે પાપકારી કર્મથી મારા આત્માને સર્વથા અલગ કરું છું. ॥૬॥

નોંધઃ—ઉપરનાં વ્રતોનો સંબંધ શરીર કરતાં વિશેષ તો આત્મવૃત્તિની સાથે જ છે જીવનની સાથે કુદ વૃત્તિઓ અનાદિ કાળના અભ્યાસને લઈને એવી તો રૂઢ થઈ ગઈ હોય છે કે આવી પ્રતિજ્ઞાઓનું સર્વથા પાલન કરવા સારુ સાધકને અખૂટ ધીરજ અને જાગૃતિની આવશ્યકતા રહે છે. અને તેથી જ તે પાંચ વ્રતોને તો મહાવ્રતો તરીકે ઓળખાવ્યાં છે. અને છઠ્ઠું વ્રત નિયમરૂપે યાવજ્જીવન અને ગમે તેવા કષ્ટમાં પણ પાળવાનું હોય છે. છતાં ઉપરનાં વ્રતો જેટલું કઠિન ન હોવાથી તેને વ્રત તરીકેજ ગણાવ્યું છે.

જ્યારે ઉપરના વ્રતોનો સંબંધ પણ માત્ર દેહ પૂરતો જ રહેવા પામે છે ત્યારે તે દંભપૂર્વક પળાય છે અને યથાર્થ ફળ નથી આપી શકતાં. તે વાત ભિક્ષુકે પ્રત્યેક પળે વિચારતા રહેવું ઘટે.

"એ પ્રમાણે એ પાંચ મહાવ્રતો તથા છઠ્ઠું રાત્રિભોજનથી નિવર્તવારૂપ વ્રત મળી એ છ વ્રતોને મારા આત્મહિત અર્થે અંગીકાર કરીને વિહરું છું." આમ શિષ્યે ગુરુ પાસેથી યાવજ્જીવન વ્રતો અંગીકાર કર્યાં.

આ ચારિત્રધર્મના અધિકાર પછી હવે છકાયના જીવોની શી રીતે રક્ષા કરવી? (જીવનપર્યંત શી રીતે પૂર્ણ દયાધર્મનું પાલન કરવું?) તે વિધિ બતાવે છે.

ગુરુએ કહ્યુંઃ—સંયમી, પાપથી વિરત અને નવાં પાપકર્મ બાંધવાનાં પ્રત્યાખ્યાન લેનાર ભિક્ષુ હો કે સાધ્વી હો, તેણે દિવસને વિષે કિંવા રાત્રિએ, એકાકી કિંવા સાધુ પરિષદ (સભા)માં, સૂતાં કે જાગતાં કદી પણ પૃથ્વી, ભીંત, શિલા, ઢેફું, સચેત રજવાળું શરીર કે સચેત રજવાળું વસ્ત્ર હોય તેને હાથથી, પગથી, કાષ્ઠથી, કાષ્ઠના ખંડથી, આંગળીથી, લોખંડની સળીથી કે લોખંડની સળીના સમૂહથી ખોતરવું, ખોદવું, હલાવવું (પરસ્પર અફળાવવું) કે છેદન ભેદન કરવું નહિ, તેમજ બીજા પાસે કોતરાવવું, ખોદાવવું, હલાવવું કે છેદન

ભેદન કરાવવું નહિ. કિંવા બીજા કોતરતા હોય, ખોદતા હોય, સંઘ-ટ્ટન કરતા હોય કે ભેદન કરતા હોય તેને અનુમોદન પણ આપવું નહિ

શિષ્યે કહ્યું:—હે ભગવન્! હું જીવનપર્યંત મનથી, વચનથી કાયાથી તેવું કરીશ નહિ, કરાવીશ નહિ તેમજ અનુમોદન પ આપીશ નહિ. તથા પૂર્વકાળે તત્સંબંધી જે પાપ થયું હોય તેના હવે પાછો ફરું છું, તે પાપને આત્મસાક્ષીએ નિંદું છું, આ સાક્ષીએ તે પાપને અવગણું છું તથા હવેથી તેવા પાપકારી ક આત્માને અળગો કરું છું. ॥

ગુરુએ કહ્યું:—સંયમી, પાપથી વિરત અને નવાં બાંધવાનાં પ્રત્યાખ્યાન લેનાર ભિક્ષુ હો કે સાધ્વી હો તેણે [રાત્રે એકાકી કે પરિષદમાં, સૂતાં કે જાગતાં કદી પણ કુવા પાણી, ઓસનું (ઝાકળ) પાણી, બરફ, ધુમસ, કરા કે લીલ પર પડેલાં બિન્દુઓ, વર્ષાનું પાણી, સચેત પાણીથી ભિંજે પાણીથી ભિંજાયેલું વસ્ત્ર, પાણીનાં બિંદુથી સ્નિગ્ધ થયેલી તેવું સ્નિગ્ધ વસ્ત્ર હોય તેને મસળવું નહિ, તેનો સ્પર્શ ક તેને કચરવું નહિ, દબાવવું નહિ, ઝાટકવું નહિ, પછાડવું ન નહિ કે તપાવવું નહિ તેમજ અન્ય પાસે મસળાવવું કરાવવો નહિ, કચરાવવું નહિ, દબાવવું નહિ, ઝટકાવ ડાવવું નહિ, સુકાવરાવવું કે તપાવરાવવું પણ નહિ. વ મસળતો હોય, સ્પર્શ કરતો હોય, કચરતો હોય, ઝાટકતો હોય, પછાડતો હોય, સુકાવતો હોય કે તપાવ કરે છે તેવું માનવું નહિ.

શિષ્યે કહ્યું:—હે પૂજ્ય! હું જીવનપર્યંત મન કાયાથી તેવું કરીશ નહિ, કરાવીશ નહિ કે અનુમ નહિ તથા પૂર્વકાળે તત્ સંબંધી જે પાપ થયું ફરું છું. તે પાપને આત્મસાક્ષીએ નિંદું છું,

ટકાથી, વૃક્ષની શાખાથી કે શાખાના કટકાથી, મોરપીંછથી કે મોરપીંછના હાથાથી, વસ્ત્રથી કે વસ્ત્રના છેડાથી, હાથથી કે મુખથી પોતાની કાયાને (ગરમીથી બચાવવા સારુ) કે બહારના (ઉષ્ણ) પુદ્‌ગળ (પદાર્થ)ને (ઠારવા માટે) ફૂંક મારવી નહિ કે વીંજણાથી વાયુ નાખવો નહિ, બીજા પાસે ફૂંક મરાવવી નહિ કે વીંજણાથી વાયુ નાખતો હોય તો તે ઠીક કરે છે એમ માનવું નહિ.

શિષ્યે કહ્યું:—હે પૂજ્ય! હું જીવનપર્યંત મનથી, વચનથી કે કાયાથી તેવું કરીશ નહિ, કરાવીશ નહિ તેમજ અનુમોદન પણ આપીશ નહિ. પૂર્વકાળે પણ તત્ સંબંધી જે કંઈ પાપ થયું હોય તેનાથી હું નિવૃત્ત થાઉં છું, તે પાપને આત્મસાક્ષીએ હું નિંદું છું, આપની પાસે તે પાપની અવગણના કરું છું અને હવેથી તેવા પાપકારી કર્મથી મારા આત્માને અળગો કરું છું. ॥ ૧૦ ॥

ગુરુએ કહ્યું:—સંયમી, પાપથી વિરત, અને તેવાં પાપકર્મ બાંધવાના પ્રત્યાખ્યાન લેનાર ભિક્ષુ હો કે સાધ્વી હો તેણે દિવસે કે રાત્રે, એકાકી કે પરિષદમાં, સૂતાં કે જાગતાં કદી પણ બીજ પર કિંવા બીજે પર રહેલી વસ્તુઓ પર અંકૂરા ઉપર કે અંકૂરા પર રહેલી વસ્તુઓ ઉપર, ઉગેલા ગુચ્છો પર કે ઉગેલા ગુચ્છ પર રહેલી વસ્તુઓ ઉપર, છેદેલી સજીવ વનસ્પતિ પર અથવા તેના પર રહેલી વસ્તુઓ પર અથવા જીવડાની ઉત્પત્તિ થાય તેવા કાષ્ઠ ઉપર ન જવું, ન ઉભા રહેવું, ન બેસવું કે ન પાસાં ફેરવવાં (સૂવું). તેમજ બીજા કોઈને તેના પર ચલાવવા નહિ, ઉભા રાખવા નહિ, બેસાડવા નહિ કે સુવાડવા નહિ. વળી જે કોઈ તેના પર ચાલતો હોય, ઉભો રહેતો હોય, બેસતો હોય કે સૂતો હોય તો તે ઠીક કરે છે તેમ પણ માનવું નહિ.

શિષ્યે કહ્યું:—હે પૂજ્ય! હું જીવનપર્યંત મનથી, વચનથી કે કાયાથી તેવું કરીશ નહિ, કરાવીશ નહિ તેમજ અનુમોદન પણ આપીશ નહિ. પૂર્વકાળે પણ તત સંબંધી જે કંઈ પાપ થયું હોય

તેનાથી હું નિવર્તું છું, તે પાપને આત્મસાક્ષીએ નિંદું છું. આપની સાક્ષીએ તે પાપને ગર્હું છું અને તેવી બધી પાપકારી પ્રવૃત્તિથી મારા આત્માને અળગો કરું છું. ॥ ૧૧ ॥

નોંધઃ—અહીં કોઈને એમ પણ લાગે કે માટી, પાણી, વાયુ અને વનસ્પતિ જેવા સૂક્ષ્મ જીવોને બચાવવા માટે આટલો બધો ભાર શા માટે આપ્યો હશે? આવી અહિંસા શું જીવનમાં શક્ય છે? એવી રીતે પાળી જ કેમ શકાય?

આનો ઉત્તર એ છે કે ત્યાગી જીવન એટલે જાગ્રત જીવન. તેથી જ એવા જાગ્રત સાધકો જ સંપૂર્ણ ત્યાગના અધિકારી છે એમ જૈનદર્શન માને છે. જે સાધક પ્રત્યેક પળે આટલો જાગૃત હોય તેને આ વસ્તુ [illegible] માત્ર અસાધ્ય નથી તેમ અશક્ય પણ નથી. અને ત્યાગીને તો તે સાધ્ય છે તેથી જ આવા કઠિન નિયમો તેના માટે છે. ગૃહસ્થજીવનમાં અસાધ્ય છે તેથી તેના સારુ અહિંસાની વ્યાખ્યા પણ મર્યાદિત અને તેને સુસાધ્ય થાય તેવા વ્રત નિયમોનું વિધાન જૈનશાસ્ત્રોમાં સ્પષ્ટ છે.

જેટલી લાગણી અને જેટલું દુઃખનું વેદન મહાપ્રાણીને થાય છે તેટલું જ વેદન સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રાણીને થાય છે તેથી સર્વથા અહિંસાની પ્રતિજ્ઞાવાળા ભિક્ષુકો સંપૂર્ણ અહિંસા પાળે છે અને તેથી જ તે દરેક જીવોના પ્રતિપાલક ગણાય છે. તેવા ભિક્ષુજીવનની ઉપરની પ્રતિજ્ઞા છે.

ગુરુએ કહ્યુંઃ—સંયમી, પાપથી વિરત અને નવાં પાપકર્મ બાંધવાનાં પ્રત્યાખ્યાન લેનાર સાધુ હો કે સાધ્વી હો તેણે દિવસે કે રાત્રે એકાકી કે પરિષદમાં, સૂતાં કે જાગતાં, હાથ પર, પગ પર, બાહુ પર, સાથળ પર, ઉદર પર, મસ્તક પર, વસ્ત્ર પર, ભિક્ષાપાત્ર પર, કંબલ પર, પાદપુંછના પર, રજોહરણ પર, ગુચ્છા પર, માત્રાના ભાજન પર, દંડ પર, બાજોઠ પર, પાટિયાં પર, શય્યાપર કે સંથારા (બેસવાના આસન) પર કે તેવાં કોઈ પણ અન્ય ઉપકરણો (સંયમનાં સાધનો) પર રહેલા કીડાને, પતંગિયાને, કુંથવાને કે કીડીને જુએ તો તેને ઉપયોગપૂર્વક જુએ, જોઇને પરિમાર્જન કરે અને પછી તે

છતાંયે (દુઃખ ન થાય તેવી) ક્રિયાઓમાં ભલે જાય, પણ તેને પીડા ઉપજાવે નહિ. ॥ ૩૨ ॥

નોંધ—અહિંસા એ એક એવો ગુણ છે જેને સર્વ ધર્મો આવકારે અને આધ્યાત્મિક વસ્તુ છે … આચરણમાં … તેથી અહિંસા તે ગમે તે આશ્રમમાં સહુથી પહેલું સ્થાન ધરે છે.

અહિંસા એ નિર્મળ જીવનનો પ્રાણ અને વિકાસની જનની છે. અહિંસા રૂપ દેવને હૃદયમાં જે નિત્ય અર્ચના (આરાધના) નિરંતર કર્યા કરે છે. તેઓ જ અહિંસાની દેવી પર વારી જઈ અંતઃકરણ પૂર્વક પોતાનો પ્રવેશ કરે છે અને પંચમહાવ્રત પાલન રૂપ આત્મા, ક્રોધ, લોભ, મોહ અને એવાં ભિન્ન ભિન્ન દુર્ગુણો ત્યાગીને શુદ્ધ આત્માના અંત સુધી આગળ વધી શકે છે.

પ્રશ્નવિભાગ

સાધકની જિજ્ઞાસાથી માંડીને સાધકની આધ્યાત્મિકતાના આખા-ય વિકાસક્રમની પ્રત્યેક ભૂમિકાઓનો આ પ્રમાણે ઉલ્લેખ છે:—

[૧] અજ્ઞાનથી (ઉપયોગ રહિત) ચાલનાર પ્રાણીઓ (નાના પ્રકારના જીવો)ની હિંસા કરે છે અને તેથી તે જે પાપકર્મનો બંધ કરે છે તે કર્મનું કડવું પરિણામ તેને પોતાને જ ભોગવવું પડે છે.

નોંધ—ઉપયોગનો અર્થ ખૂબ વ્યાપક છે છતાં અહીં જો તેનો અર્થ જાગૃતિ લેવાય તો તે વધુ ઠીક છે. જાગૃતિ કે સાવધાનતા વગર ચાલવું થાય તો એને ચાલતા નાના પ્રકારના જીવોની હિંસા થાય, કોઈ ખાડા ખાબોચિયામાં પડી જવાય કિંવા તેથી અનેક પોતાને અને બીજાને આપત્તિનો સંભવ રહે. તેજ પ્રકારે દરેક ક્રિયામાં સમજી લેવું.

કરવું અને ઉપયોગપૂર્વક બોલવું. તેમ કરવાથી પાપકર્મ બંધાય નહિ.

નોંધઃ—ઉપયોગ એજ ધર્મ છે. તેથી ઉપયુક્ત એટલે કે જાગૃત સાધક ઇરાદાપૂર્વક પાપકર્મ કરતો નથી. અને બેસતાં, ઉઠતાં, ચાલતાં, ખાતાં, પીતાં તેવી ક્રિયામાં જે કંઇ પાપકર્મ સહજ ભાવે થઈ જાય તેનું તપશ્ચર્યા અને પશ્ચાત્તાપ દ્વારા શીઘ્ર નિવારણ કરી નાખે છે.

[૯] જે સર્વ પ્રાણીઓને પોતાના આત્મા સમાન જાણનાર તથા પ્રાણી માત્ર પર સમદષ્ટિથી જોનાર અને પાપના આસવો, (પાપનાં આગમનો) ને રોકનાર હોય છે તેવા દમિતેન્દ્રિય સંયમીને પાપકર્મનો બંધ થતો નથી.

નોંધઃ—સમભાવ, આત્મભાવ, પાપત્યાગ તથા ઈંદ્રિયદમન આ ચારે વસ્તુઓ પાપકર્મની રોધક છે. તેથી નવાં પાપોનું આવવું થતું નથી અને પૂર્વકૃત પાપો ક્રમશઃ નષ્ટ થતાં જાય છે.

[૧૦] પ્રથમ જ્ઞાન (સમજણ-સારાસારનો વિવેક) અને પછી જ દયાનું સ્થાન છે. આ પ્રમાણે જ્ઞાનપૂર્વક દયા પાળવાથી સાધુ સર્વથા સંયમી રહી શકે છે તેવું જાણીને-સંયમી પુરુષો વર્તે છે કારણ કે અજ્ઞાની જન પોતાને માટે શું કલ્યાણકારી છે કે શું પાપકારી છે તેને જાણી શકતો નથી.

નોંધઃ—ઉપરની બધી ગાથાઓમાં કેવળ પ્રાણીદયાનું વિધાન આપ્યું છે. તેથી રખે કોઈ દયાનો શુષ્ક અર્થ કરે ! તે માટે અહીં પ્રથમ જ્ઞાન એટલે વિવેકને સ્થાન આપ્યું છે. જો અહિંસામાં વિવેક ન હોય તો ઉપરથી દેખાતી અહિંસા પણ હિંસા રૂપે પરિણમે છે. માટે દરેક ક્રિયામાં વિવેકનું સ્થાન પહેલું રાખ્યું છે.

હવે ઉત્ક્રાન્તિનો ક્રમ બતાવે છેઃ—

[૧૧] ધર્મનું યથાર્થ શ્રવણ કરીને જ્ઞાની સાધક કલ્યાણકારી શું છે ? તેમજ પાપકારી શું છે ? તે બન્નેને જાણી શકે છે અને તે પૈકી જે હિતાવહ છે તેને જ તે આચરે છે.

[૧૨] જે જીવને (ચેતનતત્ત્વને) પણ જાણી શકતો નથી તેમજ અજીવ (જડતત્ત્વને) પણ જાણી શકતો નથી તે જીવાજીવને નહિ જાણવાથી સંયમને કેમ જાણી શકશે ?

નોંધઃ—સૌથી પ્રથમ આત્મતત્વને જાણવું ઘટે. તેને જાણવાથી અજીવનું જ્ઞાન થઇ શકે છે અને તે બે તત્ત્વોને યથાર્થ જાણ્યા પછી આખા જગતના સ્વરૂપનો ખ્યાલ આવે છે. અને તેવી સમજ આવ્યા પછી સાચા સંયમને સમજી તેની આરાધના થઇ શકે છે.

[૧૩] જે જીવોને તથા અજીવોને પણ જાણે છે તે જીવાજીવોને જાણીને સંયમને પણ યથાર્થ જાણી શકશે.

હવે જીવાદિના જ્ઞાનથી માંડીને મુક્તિ સુધીનો ક્રમ કહે છેઃ—

[૧૪] જ્યારે જીવ તથા અજીવ એમ બન્ને તત્ત્વોને જાણે છે ત્યારે તે સર્વ જીવોની બહુ પ્રકારની (નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ સંબંધી) ગતિને પણ જાણી શકે છે.

[૧૫] જ્યારે બધા જીવોની સર્વ પ્રકારની ગતિ જાણે છે ત્યારે તે સાધક પુણ્ય, પાપ, બંધ અને મોક્ષ એમ ચારે વસ્તુઓને જાણી શકે છે.

નોંધઃ—પાપ અને બંધથી શી ગતિ થાય છે ? અને પુણ્યથી કેવું બાહ્યસુખ અને કર્મમુક્તિથી કેવો આનંદ મળે છે તે તેવો સાધક બરાબર સમજી શકે છે.

[૧૬] જ્યારે પુણ્ય, પાપ, બંધ અને મોક્ષના સ્વરૂપને જાણે છે ત્યારે તે દુઃખના મૂળરૂપ દેવ અને મનુષ્ય ઇત્યાદિ સંબંધીના કામભોગોથી નિર્વેદ પામે છે. (વૈરાગ્ય પામી કામભોગોથી નિરક્ત થાય છે.)

[૧૭] જ્યારે દેવતા અને મનુષ્ય સંબંધી ભોગો પરથી નિર્વેદ પામે છે ત્યારે તે આભ્યંતર અને બાહ્ય સંયોગની આસક્તિને તજી શકે છે.

નોંધઃ—આભ્યંતર સંયોગ એટલે કષાયાદિનો સંયોગ અને બાહ્યસંયોગ એટલે કુટુંબાદિનો સંયોગ.

[૧૮] જ્યારે આભ્યંતર અને બાહ્ય સંયોગોને તજે છે ત્યારે જ તે દ્રવ્ય અને ભાવથી મુંડિત બનીને સાચુ સાધુત્વ અંગીકાર કરે છે.

[૧૯] જ્યારે મુંડિત થઈને તે અણગારપણું સ્વીકારે છે ત્યારે જ તે સંવર (પાપનું રુંધન) રૂપ ઉત્તમ ધર્મનો સ્પર્શ કરે છે.

નોંધઃ—ઉત્તમ ધર્મ એટલે આધ્યાત્મિક ધર્મ. આટલાં સોપાન આગળ વધ્યા પછીજ તે આધ્યાત્મિક ધર્મને આરાધી શકે છે.

[૨૦] જ્યારે સંવરરૂપ ઉત્કૃષ્ટ ધર્મને સ્પર્શ કરે છે ત્યારે અબોધિ (અજ્ઞાન) રૂપ કલુષતાથી સંચિત કરેલા પાપકર્મરૂપી મેલને દૂર કરી શકે છે.

[૨૧] જ્યારે અજ્ઞાનદ્વારા અનાદિ કાળથી એકઠો કરેલો કર્મરૂપી મેલ દૂર કરે છે ત્યારે જ સર્વલોકવ્યાપી (કેવળ) જ્ઞાન અને કેવળ દર્શનને સાધક પામી શકે છે.

નોંધઃ—જે દ્વારા ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળના સર્વ ભાવોનું એકી સાથે સંપૂર્ણ જ્ઞાન થાય તે સંપૂર્ણ જ્ઞાનને જૈનદર્શન કેવળ જ્ઞાન કહે છે.

[૨૨] જ્યારે તે સર્વલોકવ્યાપી (કેવળ) જ્ઞાન અને કેવળદર્શનને પામે છે ત્યારે તે જિન (રાગ અને દ્વેષરહિત) કેવળી થઈને લોક અને અલોકના સ્વરૂપને જાણી શકે છે.

[૨૩] જ્યારે તે કેવળી જિન લોક અને અલોકના સ્વરૂપને જાણે છે ત્યારે તે મન, વચન અને કાયાના સર્વ વ્યાપારોને રૂંધીને શૈલેશી (જ્યાં મેરુ જેવી આત્માની અડોલ સ્થિતિ થાય છે તે) અવસ્થાને પામે છે.

[૨૪] જ્યારે તે યોગોને રૂંધીને શૈલેશી અવસ્થાને પામે છે ત્યારે સર્વ કર્મોનો ક્ષય કરીને કર્મરૂપી રજથી સર્વથા રહિત બની સિદ્ધગતિને પ્રાપ્ત થાય છે.

[૨૫] જ્યારે સર્વ કર્મનો ક્ષય કરીને કર્મરૂપી રજથી રહિત થઈ સિદ્ધગતિને પામે છે ત્યારે સ્વાભાવિક રીતે આલોકના મસ્તક પર જઇ તે શાશ્વત સિદ્ધ થાય છે.

નોંધઃ—આત્માનો સહજ સ્વભાવ ઉર્ધ્વ ગમનનો છે છતાં કર્મવશાત્ તેની વિલોમગતિ થયા કરે છે. જ્યારે તે કર્મથી સર્વથા રહિત થાય છે ત્યારે તે કર્મથી રહિત બની સરલગતિએ ઉર્ધ્વ જઈ રહે છે.

[૨૬] જે સુખનો સ્વાદક અર્થાત્ માત્ર બાહ્ય સુખનો જ અભિલાષી હોય, પોતાને કેમ સુખ મળે તે માટે સદા આકુળ રહેતો હોય, ઘણું ઊંઘી રહેવાના સ્વભાવવાળો હોય અને સતત હાથ પગ ઇત્યાદિ અંગોને વિભૂષા અર્થે ધોયા કરવાનો જેને સ્વભાવ હોય તેવા સાધુને સુગતિ દુર્લભ છે.

નોંધઃ—પોતાનાં શરીર તથા ઈંદ્રિયોને કેમ સુખ થાય તે માટે સતત ચિંતા રાખતો હોય, આળસુ હોય અને શરીરવિભૂષામાં રાચતો હોય તેનું ચિત્ત સંયમ પ્રત્યે સ્વાભાવિક રીતે જ ઓછું રહે છે અને તેવા સાધકને વિકાસ રોધાય છે.

નિકામશાયિન્ શબ્દમાં ઈન્ પ્રત્યયનો પ્રયોગ સ્વભાવાર્થમાં વપરાયો છે.

[૨૭] જેનામાં આભ્યંતર તથા બાહ્ય તપશ્ચર્યાના ગુણ પ્રધાનપણે છે, પ્રકૃતિથી સરળ, ક્ષમા તથા સંયમમાં રક્ત, બાવીસ પરિષહોને જીતનાર એવા સાધકને સુગતિ પ્રાપ્ત થવી સુલભ છે.

નોંધઃ—પરિષહોનું વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રના બીજા અધ્યયનમાં અને તપશ્ચર્યાનું વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીસમા અધ્યયનમાં જુઓ.

[૨૮] જેમને તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય વહાલાં છે તે પાછલી વયમાં પણ સંયમ માર્ગમાં ગયેલા (માર્ગને પ્રા

થયેલા) સાધકો શીઘ્રતાથી અમરભવનો (ઉચ્ચ પ્રકારનાં દેવલોકનાં સ્થાનો)ને પામે છે.

નોંધ:—અલ્પકાળનો પણ ઉગ્ર સંયમ ઉચ્ચગતિને આરાધી શકે છે.

[૨૯] આ પ્રકારે હમેશાં યત્નાવાન અને સમ્યક્ દૃષ્ટિ સાધુએ દુઃખે કરીને પામી શકાય તેવી આદર્શ સાધુતાને પામીને (પૂર્વોક્ત ષડ્ જીવનિકાયની) મન, વચન અને કાયા એમ ત્રણે યોગોથી વિરાધના ન કરે.

નોંધ:—પ્રમાદ એજ પાપ–અવિવેક એજ પાપ અને ઉપયોગ એજ ધર્મ–વિવેક એજ ધર્મ. આટલું જે સાધક જાણીને વર્તે છે તેજ સાધક આધ્યાત્મમાર્ગનો અધિકારી છે અને તેજ જ્ઞાન, વિજ્ઞાન, સંયમ, વૈરાગ્ય, ત્યાગ, અને એમ ક્રમશઃ સંપૂર્ણ કર્મ ક્ષય કરી સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ દર્શન આરાધીને રાગદ્વેષથી સર્વથા મુક્ત અડોલ યોગી થઈ સાધ્યસિદ્ધ, બુદ્ધ અને ભવબંધનથી સર્વથા મુક્ત થાય છે.

એમ કહું છું.

એ પ્રમાણે ષડ્જીવનિકા નામનું ચોથું અધ્યયન પૂર્ણ થયું.



તેમાં કેમ પાર ઉતરવું? તેના આ અધ્યયનમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. ભિક્ષાર્થે જવાથી માંડીને ભિક્ષા લઇ પાછા ફરી કેવી રીતે ભોજન કરવું? ત્યાં સુધીની પ્રત્યેક ક્રિયાઓનું તલસ્પર્શી વર્ણન નીચે આપ્યું છે.

ગુરુદેવ બોલ્યા:—

[૧] ભિક્ષાનો કાળ પ્રાપ્ત થાય ત્યારે આકુળતારહિત (ધૈર્યવાન) અને મૂર્છારહિત સાધુ આ ક્રમયોગથી ભાત પાણી (ભિક્ષા)ની ગવેષણા કરે.

નોંધ:—સાધક ભિક્ષુએ પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન અને ત્રીજા પ્રહરમાં બહ્રોપકરણ (સંયમને ઉપયોગી સાધનો) ની પ્રતિલેખના કરી વર્તમાન કાળની પરિસ્થિતિને અનુલક્ષી જે ગામમાં જે સમય ગોચરી (ભિક્ષા)નો હોય તે સમયે ભિક્ષાચરી જવું ઘટે.

[૨] તે ગામ અથવા નગરમાં ગોચરી ગયેલો મુનિ ઉદ્વેગરહિત બની અવ્યાકુળ ચિત્તથી મંદ મંદ (ઉપયોગ પૂર્વક) ચાલે.

ચાલતી વખતે કેમ ચાલવું તે વિધિ બતાવે છે:—

[૩] આગળ યુગ (ચાર હાથ) પ્રમાણ સુધી દૃષ્ટિ બરાબર સંભાળીને બીજ, વનસ્પતિ, પ્રાણીઓ, સચેત જળ અને સચેત મૃત્તિકા (થી દૂર રહીને)ને દૂર છોડીને બરાબર જોયા પછી જ ઉપયોગ પૂર્વક પૃથ્વી પર ચાલે.

[૪] પૂર્વોક્ત ગુણસંપન્ન સાધુ: ખાડ કે ઊંચી નીચી વિષમ જગ્યા, અને વૃક્ષના ઠુંઠાં કે કાદવવાળી જગ્યાને છોડી દે. તેમજ બીજો સારો માર્ગ હોય તો ખાડને ઓળંગવા સારુ કાષ્ઠ, પાષાણ વગેરે ગોઠવ્યાં હોય તો તે પર પણ ચાલે નહિ.

[૫] કારણ કે તેવા વિષમ માર્ગે જતાં ત્યાં તે સંયમી કદાચ લપસી પડે કે ખાડામાં પડી જાય તો ત્રસ (હાલતા ચાલતા) જીવોની તથા સ્થાવર જીવોની હિંસા થાય.

[૬૫+૬૬] ભિક્ષાર્થે ગયેલો ભિક્ષુ વર્ષા ઋતુમાં કાદવથી બચવા
માટે રસ્તામાં લાકડું, પત્થર, ઈંટ કે જે કંઇ સાધન ઉલ્લઘવા
સારુ રાખેલાં હોય તે સ્થિર ન હોય (હાલતા ચાલતા હોય) તે
પાંચે ઈંદ્રિયોને દમન કરનાર સમાધિવંત સાધુ તે પર થઈ
ગમન ન કરે. કારણ કે તેની જગ્યા કેટલી પોલી કે ઊંડી છે તે
ખબર ન પડવાથી તેવા સ્થળે અસંયમનો ભય દેખાય છે.

નોંધઃ—તેવી ચાલતી વસ્તુ પર પગ મૂકવાથી પડી જવાય તો
પીડા થવાનો અને પોલી જગ્યામાં રહેલા સૂક્ષ્મ જીવોની પણ
સંભવ છે.

સાધુજી માટે કોઇ દાતાર નિસરણી, પાટિયું કે બાજોઠ
કિંવા મેડા કે માળ પર ચઢીને ઊંચેથી લાવેલી વસ્તુ.
તો તે માળ પર ચડતાં કદાચ તે બેન પડી જાય તો હા
ભાંગે અને તેના પડવાથી ત્યાંના પૃથ્વીકાયના જીવે
બીજા પણ ત્યાં રહેલા જીવોની હિંસા થાય.

૯] તેથી આ પ્રમાણે આવા મહા દોષોને જાણીને સંયમ
માળ પરથી લવાયેલી ભિક્ષાને ગ્રહણ કરતા નથી.

ભિક્ષા કેવી લેવી તે કહે છેઃ—

[૭૦] સૂરણ વગેરે કંદ (કાંદા), પિંડાળુ વગેરેનાં મૂળ,
શાક, તુંબડું અને આદુ આ બધી વસ્તુ કાચી
હોય (અગ્નિ જેવું શસ્ત્ર ન લાગ્યું હોય) તો તે
ન કરે.

નોંધઃ—કાચી અને છેદેલી વસ્તુમાં જીવો હોવાથી
ભિક્ષુ તેને તજી દે.

[૭૧+૭૨] જવનું ચૂર્ણ, (સાથવો) બોરનો ભૂકો,
... કે તેવી કોઈ પણ ચીજ કે જે દુ

પાણીનું આસ્વાદન કરી (ચાખી) તપાસીને પછી જ ભિક્ષુ ગ્રહણ કરે.

[૮૮+૮૯] જો વખતે ભિક્ષુ દાતારને કહે કે ચાખવા માટે મારા હાથમાં થોડું જળ આપો. (હાથમાં પાણી લીધા પછી) જો ખ્યાલ આવે કે એ પાણી અતિ ખાટું કે કોહી (બગડી) ગયેલું છે, તેમ જ પોતાની તૃષા છિપાવવા માટે પર્યાપ્ત નથી, તો તે દેનાર બહેનને કહે કે આ પાણી કોહેલું કિંવા ખાટું હોવાથી મારી તૃષા દૂર કરવા માટે યોગ્ય નથી. માટે મને તે કલ્પનીય નથી.

નોંધ:—કોઈ પણ ભોજન કે પાણી શરીરને અપથ્ય હોય તે ભિક્ષુએ ન લેવી કારણ કે તેમ કરવાથી શરીરમાં વ્યાધિ થવાનો ભય રહે અને રોગિષ્ઠ થવાથી સંયમમાર્ગમાં હાનિ પહોંચે.

[૯૦] કદાચિત્ ઇચ્છા વગર કે ખ્યાલ ન રહેવાથી તેવું પાણી કોઈ દાતારે વહોરાવી દીધું હોય તો તે પોતે પણ ન પીએ કે અન્ય ભિક્ષુને પણ તેવું જળ આપે નહિ.

[૯૧] પરંતુ એકાંતમાં લઈ જઈને પ્રાસુક (સાગ્નીજ રહિત) સ્થાન જોઈ તે પાણીને યત્નાપૂર્વક (કોઈ જીવને દુઃખ ન થાય તેવી રીતે) નાખી દે અને તે નાખી દીધા પછી ભિક્ષુ પાછો ફરે.

નોંધ:—પાછા ફરતી વખતે જે ક્રિયા કરવામાં આવે છે તેને 'ઈર્યાવહીનો કાયોત્સર્ગ' કહેવાય છે.

[૯૨+૯૩] ગોચરી ગયેલો ભિક્ષુ (તપશ્ચર્યાદિ કે રોગાદિ કારણથી પોતાને સ્થાને પહોંચ્યા પહેલાં ક્ષુધાથી પીડાઈને) ભોજન કરવાને ઇચ્છે તો શૂન્યગૃહ કે કોઈ ભીંતના મૂળ પાસે જીવરહિત સ્થાન તપાસી લે. ઉપરથી ઢાંકેલા કે છત્રવાળા તે સ્થાનમાં મેધાવી સાધુ તેના માલિકની આજ્ઞા લઈને પોતાના હાથને સાફ કરીને પછી ત્યાં આહાર કરે.

[૯૪+૯૫+૯૬] ઉપરની વિધિથી આહાર કરતા મુનિને ભોજનમાં

ગોટલી, કંટક, ઘાસ, કાષ્ઠનો ટુકડો કે કાંકરો અથવા એવા પ્રકારનો કોઈ કચરો નીકળે તો તેને (જો ખાવા યોગ્ય ન હોય) ત્યાંથી જ્યાં ત્યાં દૂર ફેંકે નહિ કે મોઢેથી થૂંકીને ફેંકે નહિ. પરંતુ તેને હાથમાં ગ્રહણ કરી એકાંતમાં જાય અને ત્યાં એકાંતમાં જઈને નિર્જીવ જગ્યા તપાસીને યત્નાપૂર્વક તે વસ્તુને ત્યાં મૂકી દે અને ત્યાં મૂકીને પાછો ફરી ઈર્યાપથિક ક્રિયા પ્રતિક્રમે.

નોંધ:—ઈર્યા એટલે માર્ગ : માર્ગમાં જતાં જે કંઈ દોષ થયો હોય તેનું નિવારણ કરી લેવું તે ક્રિયાને ઈર્યાપથિકી ક્રિયા કહેવામાં આવે છે.

[૮૭] અને જો પોતાના સ્થાને પહોંચ્યા પછી ભિક્ષા ખાવાની ઇચ્છા રાખે તો ભોજનસહિત આવીને તે પહેલાં ભોજન કરવાની જગ્યા (નિર્જીવ છે કે કેમ તે) તપાસી લે. અને પછી તેને (રજોહરણથી) સ્વચ્છ કરે.

નોંધ:—દરેક જૈનભિક્ષુ પાસે રજોહરણ હોય છે તે એવું કોમળ હોય છે કે તેથી સૂક્ષ્મ જીવ પણ ન મરતાં બાજુએ થઈ જાય છે.

[૮૮] પછી વિનયપૂર્વક તે સ્થાનમાં પ્રવેશ કરીને બહારથી આવેલો તે ભિક્ષુ; ગુરુની સમીપ આવી (આહાર મૂકી પછી માર્ગના દોષ નિવારવા માટે) ઈર્યાપથિકી ક્રિયા પ્રતિક્રમે એટલે કે કાયોત્સર્ગ કરે.

નોંધ:—સ્થાનમાં પ્રવેશ કરતાં મુનિશ્રી "નિસીહી" કહી ગુર્વાદિકને "મત્થેણ વંદામિ" એવું કહે છે.

[૮૯] પછી તે ભિક્ષુ; આહાર પાણી લેવા જતાં કે ત્યાંથી પાછા ફરતાં જે કંઈ અતિચાર કર્યા હોય તે બધાને ક્રમપૂર્વક યાદ કરી લે.

[૯૦] આવી રીતે કાયોત્સર્ગ કરી પ્રાયશ્ચિત લઈ નિવૃત્ત થયા બાદ સરલ બુદ્ધિમાન તથા શાંત ચિત્તવાળો તે મુનિ આહારપાણી કેવી રીતે મેળવ્યાં? ઈત્યાદિ બધું વ્યાકુળતા રહિત ગુરુ સમક્ષ સ્પષ્ટ કહે.

[૯૧] પહેલાં કે પછી થયેલા દોષોની કદાચિત્ તે વખતે બરાબર આલોચના ન થઈ હોય તો ફરીથી તેનું પ્રતિક્રમણ કરે અને તે વખતે કાયોત્સર્ગ કરી (દેહભાન ભૂલી) આવું ચિંતન કરે કેઃ—

[૯૨] અહો ! શ્રી જિનેશ્વર દેવોએ મોક્ષના સાધનરૂપ સાધુપુરુષના દેહને નિભાવવા સારુ કેવી નિર્દોષવૃત્તિ બતાવી છે ?

નોંધઃ—આવી નિર્દોષ ભિક્ષાવૃત્તિથી સંયમના અવલંબનભૂત શરી પણ પાલન થાય છે અને મોક્ષની પણ સાધનામાં બાધા થતી નથી.

[૯૩] (કાયોત્સર્ગમાં ઉપરનું ચિંતન કરી) નમસ્કારનું ઉચ્ચારણ કાયોત્સર્ગથી નિવૃત્ત થઈ તેમજ પછી જિનેશ્વર દેવોની સ (રૂપ લોગસ્સનો પાઠ) કરી પછી થોડો સ્વાધ્યાય કરીને ક્ષણવાર વિશ્રામ લે.

[૯૪] અને વિશ્રામ લઈને (નિર્જરારૂપ) લાભનો અર્થી તે પોતાના કલ્યાણ માટે આ પ્રમાણે ચિંતન કરે કે, " મુનિવરો મારા પર અનુગ્રહ કરીને આ મારા આહારમાં લે તો હું સંસારસમુદ્રથી તરી જઉં ?"

[૯૫] આ પ્રમાણે વિચારીને સૌથી પ્રથમ પ્રવ્રજ્યા (દીક્ષ પછી તેનાથી નાના મુનિજીને એમ ક્રમશઃ બધા . આમંત્રણ કરે. આ પ્રમાણે આમંત્રણ કરતાં જો આહાર કરવાની ઈચ્છા કરે તો તેની સાથેજ આહા

નોંધઃ—સૌથી પહેલાં દીક્ષા વડીલ મુનિને આમંત્રણ ક વિનયધર્મ જાળવવા માટે છે.

[૯૬] જો કોઈ સાધુજી આહાર કરવા ન ઈચ્છે તો સંય લોજ રાગ અને દ્વેષને દૂર કરી પહોળા મુખ ભાજનમાં યત્નાપૂર્વક નીચે ન વેરાય તેવી રીતે

[૯૭] ગૃહસ્થે પોતાને માટે બનાવેલું અને વિધિ

ભોજન તીખું, કડવું, કસાયેલું, ખાટું, મધુર કે ખારું ગમે તેવું હો પરંતુ સંયમી ભિક્ષુ તેને મધ કે ઘીની માફક પ્રેમપૂર્વક આરોગે.

નોંધઃ—ઉપર તીખી વસ્તુનો નિર્દેશ કર્યો છે માટે તીખું લેવાનું જ હોય છે તેવું વિધાન નથી. સંયમી માટે અતિ ખાટાં, ખારાં અને તીખાં ખાણાં ત્યાજ્ય છે પરંતુ કદાચ ભૂલથી તેવું આવી ગયું હોય તો મનમાં ગ્લાનિ લાવ્યા વગર વાપરી લેવું.

ઘી અને મધ જેમ ગ્લાનિ વગર ખવાય છે તેમ કડવું ભોજન પણ તેવી રીતે માનીને સંયમી તેનો ઉપયોગ કરે.

[૯૮] મળેલો આહાર, રસ (વઘાર) રહિત હો કે જુના ધાન્યનો હો. ઉત્તમ પ્રકારની શાક વગેરે સામગ્રીથી સહિત હો કે રહિત હો, સ્નિગ્ધ (ઘી વગેરે સહિત) હો કે શુષ્ક (લુખો) હો, બોરકુટ હો કે અડદના બાકળાનું ભોજન હો—

[૯૯] તેમજ ભોજન અલ્પ મળો કે બહુ મળો, પરંતુ તે મળેલા આહારની કે દાતારની નિંદા ન કરે. પરંતુ તે મુધાજીવી (કેવળ સંયમનું ધ્યેય રાખીનેજ જીવનાર ભિક્ષુ) નિર્જીવ, નિર્દોષ અને સહજ સહજ મળેલા આહારને નિઃસ્વાર્થ ભાવે શાંતિપૂર્વક આરોગે.

[૧૦૦](મહાપુરુષો કહે છે કેઃ—)આ દુનિયામાં કોઈ પણ બદલાની આશા વિના કેવળ નિઃસ્વાર્થ ભાવથી ભિક્ષા આપનાર દાતા અને કેવળ સંયમના નિર્વાહ માટે નિઃસ્વાર્થ ભાવે ભિક્ષા લેનાર ભિક્ષુ એ બન્ને મળવા દુર્લભ છે. જે નિઃસ્વાર્થી દાતાર અને નિઃસ્વાર્થી ભિક્ષુ હોય છે તે બન્ને ઉત્તમ ગતિને મેળવે છે.

નોંધઃ—સરળમાર્ગમાં ગમન, પોતાના ઉપયોગી કાર્યમાંજ સાવધાનતા, જતાં આવતાં માર્ગમાં રહેલા સૂક્ષ્મ જીવોની પણ લક્ષ્યપૂર્વક રક્ષા, બીજા ભિક્ષુકોને જરા પણ દુઃખ કે આઘાત ન પહોંચે અને દાતાની પ્રસન્નતા અનાયાસ જળવાઇ રહે તેવી વિશુદ્ધ ભિક્ષાની ગવેષણા, દાતાર ગફલત ન કરે કે ન ફુલાય તેનો સતત ઉપયોગ, સંપૂર્ણ નિર્જીવ ખાનપાનના શોધન

માટે બરાબર જાગરૂક રહો, ભિક્ષુવૃત્તિનું ચિંતન, ફરી સાધો અને શુદ્ધ ભોજનવૃત્તિ અને નિરાસક્તભાવે પ્રાપ્ત થયેલા પિંડનું ભોજન કરો. આ ભાવને સમજીને વર્તનારો ભિક્ષુ ખરેખર આદર્શભિક્ષુ છે અને તે ભિક્ષુની ભિક્ષાવૃત્તિ દાતારના દિલમાં સંયમ અને ત્યાગના સંસ્કાર જન્માવે છે.

આવી ભિક્ષાવૃત્તિથી સંયમી જીવનનો નિર્વાહ કરવો તેજ પિંડૈષણાનું રહસ્ય છે. અને કોઈ પણ પ્રકારના ભૌતિક સ્વાર્થ વિના કે કીર્તિની લાલસા વિના નિઃસ્વાર્થભાવે આપવું તે દાતાનું કર્તવ્ય છે અને તેજ ભાવ આધ્યાત્મિક વિકાસમાં તેને પ્રેરે છે.

એ પ્રમાણે કહું છું.

પિંડૈષણા અધ્યયનનો પ્રથમ ઉદ્દેશક સમાપ્ત થયો.

બીજો ઉદ્દેશક

ભિક્ષા દેહની પુષ્ટિ માટે નથી. ભિક્ષા પ્રમાદ અને આળસ વધારવા માટે નથી. ભિક્ષા કેવળ જીવન પ્રવાહને જીવંત રાખવા માટે છે.

જેમ શરીર તો હાડ, માંસ અને મળનું ભાજન છે, નિઃસાર છે, તેની ચિંતા શી? તેમ જાણી તેને સૂકવી નાખવું કે તેના પ્રત્યે બેદરકાર રહેવું એ કંઈ તપશ્ચર્યા નથી જણાતું પણ એ ભયંકર જડક્રિયા કહેવાય છે. તેજ રીતે દેહને સર્વાંગ પુષ્ટ કરવો, તેનાજ ટાપટીપમાં રક્ત રહી જીવનની ઇતિ સમાપ્તિ માની લેવી તે પણ નરી જડતા છે.

આ વસ્તુને સમજી શાણા સાધુઓ જે મધ્યસ્થવૃત્તિથી ભિક્ષાવૃત્તિ ચલાવે છે તેનું અહીં વર્ણન છે.

ગુરુદેવ બોલ્યા:—

[૧] સંયમી ભિક્ષુ ખપે આહાર પછી તે સુગંધી (મોદક વગેરે) હો

ખરાબ છે કે અહીં ખોરાક સુદ્ધાં મળતો નથી. એવા એવા અનિ
વિચારો ચાલવાનો પણ સંભવ રહે.

[૬] માટે ભિક્ષાનો સમય થાય ત્યારેજ ભિક્ષુએ ભિક્ષાર્થે ઉદ્યમ કરવો જોઇએ. ભિક્ષા સમયે નીકળવા છતાં કદાચિત ભિક્ષા ન મળે તો પણ દીનહીન થઇને શોક ન કરતાં આ સહજ સહજ તપ થયું થઇ એમ માનીને તે ક્ષુધાના સંકટને સમભાવપૂર્વ સહન કરે.

[૭] ભિક્ષુ; નાનાં મોટાં પશુ પક્ષીઓ ખોરાક માટે (કે ચણ માટે) એકઠાં થયાં હોય તેની સામે ગમન ન કરે પણ ઉપયોગપૂર્વ બીજેજ માર્ગેથી ગમન કરે અથવા બીજે માર્ગ ન હોય તે પાછો ફરે.

નોંધઃ—સામે જવાથી તે પ્રાણીઓને ભય ઉત્પન્ન થાય અને તે તેમની લાગણી દુભાય અથવા ઉડી જાય તો તેમને ખોરાકમાં અંતરા (વિઘ્ન) પડે.

[૮] ગૃહસ્થને ત્યાં ભિક્ષાર્થે ગયેલો સંયમી ભિક્ષુ કોઇ સ્થળે બેસે નહિ કે ઉભા રહીને વાતોના ગપાટા મારે નહિ.

નોંધઃ—ગૃહસ્થોનો અતિ પરિચય સંયમી જીવનને બાધાકર નીવ છે. માટેજ મહાપુરુષોએ પ્રયોજન પુરતું કાર્ય લેવાનું કહ્યું છે.

[૯] ગોચરીએ ગયેલો સંયમી કોઈ ગૃહસ્થના ઘરની ભોગળ, કમાડ પાટિયું, બારણું કે કમાડને ટેકો દઇને (તેનું અવલંબન લઇને) ઉભો રહે નહિ.

નોંધઃ—કદાચ તેને ટેકો દઇને ઉભા રહેતાં બારણું કે કમાડ વગે હલી જવાથી પડી જવાનો ભય છે.

[૧૦+૧૧] ગોચરીએ ગયેલો સંયમી બીજા ધર્મના અનુયાયી શ્રમ બ્રાહ્મણ, કૃપણ કે ભિખારી જો ગૃહસ્થનાં દ્વારની સન્મુખ બો

નને માટે કે પાણીને માટે આવી ઊભા હોય તો તેને ઓળંગીને ગૃહમાં પ્રવેશ ન કરે. તેમજ તેમની દૃષ્ટિ પડે તેવા સ્થાને ઊભા પણ ન રહે. પરંતુ એકાંતમાં (એક બાજુ) જઈને ત્યાં ઊભા રહે.

[૧૨] કારણકે તેમ કરવાથી તે ભિખારી કિંવા યાચક નાખુશ થાય અથવા આપનારને નાખુશ થાય તેમજ પોતાના ધર્મની પણ હલકાઈ દેખાય.

નોંધ:—આમાં બે વાત જણાવી છે। એક તો આવી ભિખારીનું હૃદય દુભાય અથવા આપનારની લાગણી દુભાય અને ભિખારીની આવી નિરાશા થઈ જતાં પોતાની કદર પણ ભિખારી જેવી થવાથી જૈનશાસનના સંયમી ધર્મની લઘુતા થાય.

[૧૩] પણ ગૃહપતિ તે આવેલા બીજા ભિક્ષુકને ભોજન આપે કિંવા ના પાડે અને તેથી જ્યારે તે ભિક્ષુક પાછો ફરે ત્યારબાદજ સંયમી ભોજન કે પાણીને માટે ત્યાં ગમન કરે.

[૧૪+૧૫] (નીલોત્પલ) લીલું કમળ, (પદ્મ) લાલ કમળ, ચંદ્રવિકાસી શ્વેત કમળ અથવા માલતી મોગરાનું કે તેવું બીજું કોઈ પણ ફૂલ ચૂંટીને કોઈ બાઈ ભિક્ષા આપે તો તે ભોજન અને પાન સંયમીને અકલ્પ્ય (અગ્રાહ્ય) છે. માટે આપનાર બેનને કહે કે એ આહાર પાણી હવે મને ગ્રાહ્ય (કલ્પ્ય) નથી.

[૧૬+૧૭] લીલું કમળ, લાલ કમળ, ચંદ્રવિકાસી શ્વેત કમળ અથવા મોગરાનું કે તેવું બીજું કોઇ પણ ફૂલ કચરીને, છેદીને કોઇ બાઇ ભિક્ષા વ્હોરાવે તો તે ભોજન અને પાન સંયમીને ગ્રાહ્ય નથી. માટે ભિક્ષા આપનાર બેનને ભિક્ષુ કહે કે બેન ! તે અન્ન-પાન મારા માટે કલ્પ્ય નથી.

[૧૮+૧૯] કમળનો કંદ, ખાખરાનો કંદ, કમળની નાળ (સાંઠા), લીલા કમળની નાળ, કમળના તંતુ, સરસવની ડાંડલી, શેરડીના કટકા

આ બધું સચેત હોય તો તે તથા નવી કુંપળી, વૃક્ષની, તૃણની તથા એવી બીજી પણ કોઇ વનસ્પતિની કાચી કુંપળીઓ વગેરે હોય તો તેને પણ સાધુ ગ્રહણ ન કરે.

[૨૦] તેમજ (જેનું બીજ બંધાણું નથી તેવી) કુણી ચોળા કે મગની ફળીઓ એકવાર શેકેલી હોય અથવા કાચી હોય તો તે આપનાર બેનને ભિક્ષુ કહે કે મને તેવું ગ્રાહ્ય નથી.

[૨૧] અગ્નિ આદિથી અપકવ બોરકૂટ, વાડાના કારેલાં, નાળિયેર, તલ-પાપડી તથા નિંબવૃક્ષનું ફળ (લિંબોળી) વગેરે કાચાં હોય તો મુનિ ગ્રહણ ન કરે.

[૨૨] તેમ જ ચોખાનો તથા તલનો આટો તેમજ સરસવનો ખોળ તથા અપકવ પાણી વગેરે કાચું હોય અથવા મિશ્ર પાણી હોય તો ભિક્ષુ તેને પણ ગ્રહણ ન કરે.

[૨૩] અપકવ કોઠું, બિજોરું, પાંદડા સહિત મૂળો કે મૂળાની કાતરી વગેરે કાચાં કિંવા શસ્ત્ર પરિણત ન હોય તો તે પદાર્થોને મુનિ મનથી પણ ન ઇચ્છે.

[૨૪] તે જ પ્રમાણે ફળોનું ચૂર્ણ, બીજોનું ચૂર્ણ, બહેડાં તથા રાવણનાં ફળ વગેરે કાચાં હોય તો સચેત જાણીને તેને છોડી દે.

[૨૫] હમેશાં ભિક્ષુ સામુદાનિક (ધનવાન અને નિર્ધન એ બન્ને સ્થળે) સમાન ગોચરી કરે. નિર્ધન કુળનું ઘર જાણી તે ઉલ્લંઘીને શ્રીમંતને ઘેર ન જાય.

નોંધઃ—શ્રીમંત હો કે ગરીબ હો. તપસ્વી ભિક્ષુ તે બન્ને પર સદ્રષ્ટિ રાખે અને રાગરહિત થઇ પ્રત્યેક ઘેર ગોચરી અર્થે ગમન કરે.

[૨૬] નિર્દોષ ભિક્ષાગ્રહણની ગવેષણા કરવામાં રત અને આહાર મર્યાદાને જાણનાર પંડિત ભિક્ષુ ભોજનમાં અનાસક્તિ ર

છે તે ઘણું પાપ પ્રસવે (સેવે) છે. અને માયારૂપી શલ્યને એકઠું કરે છે.

નોંધઃ—માયા અને દંભ એ બન્ને એકાંત અનર્થનાં મૂળ છે. તેનું જે સેવન કરે છે તે એવા અધર્મનો સંચય કરે છે, કે જે અધર્મથી તે આત્મા ઉચ્ચ સ્થિતિમાં હોવા છતાં નીચ ગતિમાં ગમન કરે છે.

[૩૬] સંયમી ભિક્ષુ પોતાના સંયમરૂપ નિર્મળ યશનું રક્ષણ કરતો જેના ત્યાગમાં કેવળી (જ્ઞાની) પુરુષોની સાક્ષી છે તે ભિક્ષુ દ્રાક્ષનો આસવ, મહુડાંનો રસ કે બીજા કોઇ પણ માદક રસને કદી પણ ન પીએ.

નોંધઃ—કોઈ પણ માદક વસ્તુ ભિક્ષુએ ન વાપરવી, માદક વસ્તુથી જાગૃતિનો નાશ થાય છે.

[૩૭] મને કોઇ દેખતું નથી તેમ માની જે કોઇ ભિક્ષુ એકાંતમાં ચોરી કરીને તેવો માદક રસ પીએ છે તેના દોષોને અને માયાને જુઓ અને હું તે વર્ણવું છું; માટે સાંભળો.

[૩૮] તેવા ભિક્ષુની આસક્તિ વધે છે અને છળકપટ તથા અસત્યાદિ દોષો પણ વધે છે. આ લોકમાં અપકીર્તિ પ્રસરે છે. તેમજ પારલૌકિક શાંતિ પણ તે પામતો નથી અને (સાધુપણાથી વંચિત થઇ) સતત અસાધુતાને મેળવ્યા કરે છે.

નોંધઃ—લેશ ત્રુટિ પણ પતનના મહાન નિમિત્તરૂપ બની જાય છે. સાધુતાના સાધકે સતત જાગૃતિ રાખવી જોઇએ.

[૩૯] જેમ ચોર પોતાના દુષ્કર્મોથી ભ્રાંતચિત્ત રહે છે તેમ દુર્બુદ્ધિ ભિક્ષુ પણ પોતાના દુષ્કર્મોથી અસ્થિરચિત્તવાળો રહે છે તેવો મુનિ મૃત્યુના અંતસુધી પણ સંવરધર્મની આરાધના કરી શકતો નથી.

નોંધઃ—જેનું ચિત્ત ભોગોમાં આસક્ત રહે છે તે કદી સંયમમાં દત્તચિત્ત રહી શકતો નથી.

[૪૦] આવો સાધુ [illegible] આચાર્યોની કે બીજા શ્રમણોની પણ આરાધના કરી શકતો નથી. ગૃહસ્થોમાં પણ [illegible] તેવા પર [illegible] નથી. તેથી ગૃહસ્થો પણ તેને નિંદે છે [illegible] જાણે છે.

[૪૧] એ પ્રમાણે દુર્ગુણોને ધારણ કરનાર અને ગુણોને ત્યજનાર એવો ભિક્ષુ મરણના છેડા સુધી (અંતકાળ) સંવર (પાપ રોકનાર) ધર્મની આરાધના કરી શકતો નથી.

નોંધ:– સદ્ગુણોની આરાધનાથી જ ધર્મની આરાધના થાય છે. જે ક્રિયાથી સદ્ગુણોની પ્રાપ્તિ કે વૃદ્ધિ ન થતી હોય તે ધર્મક્રિયા ગણાવાને પાત્ર હોઈ શકે નહિ

[૪૨] જે શાણો સાધુ (બુદ્ધિમાન સાધક) સ્નિગ્ધ અને સ્વાદિષ્ટ જેવા રસવાળાં રસિક ભોજનોને છોડી દઈ તપશ્ચર્યા કરે છે, જે મદ (અભિમાન) તથા પ્રમાદથી નિવૃત્ત થઈ તપસ્વી બની વિકાસ-માર્ગે વહન કરે છે;

[૪૩] તે ભિક્ષુના કલ્યાણરૂપ સંયમ તરફ નજર કરો. કે જે અનેક ભિક્ષુઓથી પૂજનીય છે. તથા વિસ્તીર્ણ મોક્ષના અર્થથી યુક્ત બને છે. તેનું હું ગુણ કથન કરીશ. કહેતા એવા મને સાંભળો.

[૪૪] ઉપર પ્રમાણે સદ્ગુણોનો ઇચ્છુક અને દુર્ગુણનો ત્યાગી ભિક્ષુ મરણના છેડા સુધી સતત સંવર ધર્મનું આરાધન કરે છે.

[૪૫] તેવો શ્રમણ આચાર્યોને તથા બીજા સાધુઓને પણ આરાધે છે. અને તેને તેવો ઉત્તમ ભિક્ષુ જાણીને ગૃહસ્થો પણ તેની પૂજા કરે છે.

[૪૬] જે તપનો, વાણીનો, રૂપનો અને આચારભાવનો ચોર હોય છે તે દેવયોનિને પ્રાપ્ત થવા છતાં કિલ્બિષી જાતનો (હલકી જાતનો) દેવ બને છે.

નોંધ:—જે તપ ન કરેલ હોય છતાં તપસ્વી કહેવડાવવાનો ઢોંગ કરે છે. તેમજ વાણી, રૂપ તથા આચારનું સુંદર ન હોય છતાં સુંદરતાનો ઢોંગ કરે તે ચોર કહેવાય છે.

[૪૭] કિલ્બિષક દેવના સ્થાનમાં દેવયોનિમાં ઉત્પન્ન થયેલો તે સાધક દેવપણું પામીને પણ "મારા કયા કર્મથી આવી ગતિ થઈ" તેને જાણી શકતો નથી.

નોંધ:—કિલ્બિષિક દેવો દેવ જાતના અધમ દેવો ગણાય છે. તેમને પૂર્વભવનું જ્ઞાન ઘણું ઓછું હોય છે તેથી કર્મનું ફળ પણ જાણી શકતા નથી.

[૪૮] તે કિલ્બિષિક ત્યાંથી ચ્યવીને (મરણ કરીને) મૂંગા (ન બોલી શકે તેવા) અવતારને કે બકરાની યોનિને પામે છે. અથવા નરકયોનિમાં કે તિર્યંચ યોનિમાં જન્મ લે છે કે જ્યાં (સમ્યક્ત્વ) સદ્બોધની પ્રાપ્તિ અતિ અતિ દુર્લભ છે.

[૪૯] આવા દોષને દેખીને જ જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે કહ્યું છે કે બુદ્ધિમાન સાધક લેશમાત્ર પણ માયા કે અસત્ય પણ સેવન ન કરે.

[૫૦] આ પ્રમાણે સંયમી ગુરુઓ પાસેથી ભિક્ષાની ગવેષણાશુદ્ધિને શીખીને તથા ઇંદ્રિયોને સમાધિમાં રાખીને તીવ્ર સંયમી અને ગુણવાન ભિક્ષુ સંયમમાં વિચરે.

નોંધ:—નિર્દોષતા એ ભિક્ષુનો મુદ્રાલેખ છે. સંતોષ એ તેનો ખજાનો અને ક્ષુધા સહન કરવી એ તેનું વ્રત છે. ભિક્ષા દુર્લભ હોવા છતાં ન મળે કે અલ્પ મળે તોપણ તે દીન કે લાચાર બનતો નથી.

રસવૃત્તિનો ત્યાગ, મૂળ સ્વાદની લોલુપતાનો ત્યાગ અને અનાવશ્યક વસ્તુઓનો ત્યાગ એ ભિક્ષુની વૃત્તિના સહજ ગુણો છે. ભિક્ષુના અંતરમાં તે વૃત્તિ જેટલી ખીલે તેટલો તે સહજાનંદની લહેરમાં એટલો મસ્ત રહે છે.

એમ કહું છું.

એ પ્રમાણે પિંડૈષણા નામનું પાંચમું અધ્યયન પૂર્ણ થયું.

અહિંસાનો આદર્શ, બ્રહ્મચર્યના લાભ, મૈથુનનાં દુષ્પરિણામ, બ્રહ્મચર્યપાલનના માનસિક ચિકિત્સાપૂર્ણ ઉપાયો, આસક્તિનું સચોટ સ્પષ્ટીકરણ એ બધું બહુ સુંદર રીતે અહીં વર્ણવ્યું છે.

ગુરુદેવ બોલ્યાઃ—

[૧] સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્‌દર્શનથી સંપન્ન, સંયમ અને તપશ્ચર્યામાં રત અને આગમ (શાસ્ત્ર) જ્ઞાનથી પરિપૂર્ણ એવા એક આચાર્યવર (શિષ્યોના સમૂહ સહિત એક પવિત્ર) ઉદ્યાનમાં પધાર્યા.

નોંધઃ—તે કાળમાં વિશેષતઃ મુનિઓ નગર સમીપના ઉદ્યાનમાં વન-પાલની આજ્ઞા માગીને રહેતા હતા. ત્યાં આગળ ધર્મપ્રવચનો સાંભળવા સારુ મહારાજા, મંત્રીઓ તથા નગરજનો આવી તેમનો લાભ લેતા અને ધર્મને આચરણમાં ક્રિયાન્વિત રહેતાં.

[૨] (તે પ્રસંગે સદ્બોધ સાંભળવા આવેલા) રાજા, રાજપ્રધાનો, બ્રાહ્મણો, ક્ષત્રિયો તથા ઈતર વૈશ્યજનો પોતાના મનને નિશ્ચલ કરીને (અથવા પોતાના આત્માને પ્રસન્ન કરીને) વિનયપૂર્વક તે મહાપુરુષને પૂછે છે કે હે ભગવન્! આપનો આચાર અને ગોચર વગેરે કેવાં છે તે કૃપા કરી કહો.

નોંધઃ—અહીં આચારનો અર્થ ધર્મ અથવા ધર્મપાલનના મૂળ નિયમોને લગતો છે અને ગોચર એટલે સંયમપાલનના ઈતર નિયમો કે જે દ્વારા મૂળવ્રતોની પુષ્ટિ થાય તે પ્રશ્નો સમજવો ઘટે.

[૩] ઇંદ્રિયોનું દમન કરનાર, જીવ માત્રનું સુખ ઇચ્છનાર અને નિશ્ચલ મનવાળા તે વિચક્ષણ મહાત્મા શિક્ષાથી યુક્ત થઈ આ પ્રમાણે કહેવા લાગ્યાઃ—

નોંધઃ—શિક્ષાના બે પ્રકાર છે. (૧) આસેવના શિક્ષા અને (૨) ગ્રહણ શિક્ષા. પ્રથમ શિક્ષામાં જ્ઞાનાભ્યાસનો સમાવેશ થાય છે અને બીજામાં તદનુસાર વર્તન કરવાનો સમાવેશ થાય છે.

[૪] (ગુરુદેવ બોલ્યાઃ) હે શ્રોતાઓ! ધર્મના પ્રયોજનરૂપ મોક્ષની ઇચ્છાવાળા નિર્ગ્રંથોના અતિ કઠિન અને સામાન્યજનોથી અસાધ્ય

ગણાતા એવા સંપૂર્ણ આચાર તથા ગોચરનું હું સંક્ષિપ્તમાં વર્ણન કરીશ. કહેતા એવા મને તમે શાંત ચિત્તથી સાંભળો.

[૫] આ લોકમાં જેનું પાલન કરવું અતિ અતિ કઠિન છે તેવું દુષ્કર વ્રત–આવો કઠણ આચાર એકાંત મોક્ષના ભાજનરૂપ ગણાતા અને સંયમના સ્થાનરૂપ વીતરાગના માર્ગ વિના બીજે ક્યાંય બતાવ્યો નથી અને બતાવશે પણ નહિ.

નોંધ:—જૈનદર્શન સિવાય સાંખ્ય, બૌદ્ધ ઇત્યાદિ કોઇ દર્શન કે મતોમાં આવી કઠિન પ્રતિજ્ઞાઓ પાળવાની હોતી નથી. જૈનદર્શનના નિયમો શ્રમણ તથા ગૃહસ્થવર્ગને માટે પણ કડક બનાવેલા છે. તે નિયમોનું પાલન જેટલે અંશે થાય તેટલે અંશે સ્વાભાવિક ત્યાગ અને તપની આરાધના થાય છે અને તે દ્વારા આત્મવિકાસ થતો રહે છે.

[૬] વયમાં બાલ કે (શારીરિક અને માનસિક શકિતમાં અપકવ), વ્યકત (શારીરિક અને માનસિક શકિતમાં પરિપકવ) કિંવા વૃદ્ધ એટલે જરાજીર્ણ તથા રોગિષ્ઠને પણ જે ગુણો અખંડ અને અત્રુટ રીતે આરાધવાનાં (પાળવાનાં) હોય છે તે પૂર્વના મહા પુરુષોએ જેવા આકારમાં કહ્યા છે તે રૂપેજ કહું છું. તમે સાંભળો.

નોંધ:—જે સ્થાનો નીચે કહેવામાં આવે છે તે સ્થાનો તો લઘુવયનો હો કે વૃદ્ધ હો, રોગિષ્ઠ હો કે આરોગી હો. સૌ કોઈ નિર્ગ્રંથ સાધકને પરિપૂર્ણ રીતે પાળવાનાં છે. કારણ કે તેજ સાધુત્વનાં મૂળ છે. તેમાં કોઈ પણ વ્યક્તિને અપવાદ હોઈ શકે નહિ. ગમે તે સ્થિતિમાં અને ગમે તેવા સંયોગોમાં તેનું યથાર્થ પાલન કરવું એ શ્રમણવરોનું કર્તવ્ય છે.

[૭] એ આચારનાં નીચે પ્રમાણે અઢાર સ્થાનો છે. જો અજ્ઞાની સાધક તે પૈકીના એકની પણ વિરાધના કરે તો તે નિર્ગ્રંથ શ્રમણ ભાવથી ભ્રષ્ટ થાય છે.

[૮] (તે અઢાર સ્થાનો આ પ્રમાણે છે:–) ૭ વ્રતો (પાંચ મહાવ્રત તથા છઠ્ઠું રાત્રિભોજનનો નિષેધ)નું પાલન કરવું, પૃથ્વી, પાણી,

અગ્નિ, વનસ્પતિ, વાયુ અને હાલતા ચાલતા જીવો એમ ૭ પ્રકારનાં પ્રાણીઓ પર દયા રાખવી, અકલ્પ્ય (દૂષિત) આહાર પાણી ન લેવાં, ગૃહસ્થના ભાજનમાં ન ખાવું, તેના પલંગ પર ન બેસવું કે તેની બેઠક ન વાપરવી, સ્નાન તથા શરીરની શોભાનો ત્યાગ કરવો.

નોંધઃ—સાધુજનોએ શરીરની શોભા વધારવા માટે સ્નાન, ગંધ કે ટાપટીપ કરવી ઘટે નહિ, ગૃહસ્થનાં વાસણ, પલંગ, બેઠક કે કોઈ પણ સાધનો પણ વાપરવાં ઘટે નહિ, કારણ કે તેમ કરવાથી વિલાસ અને પરતંત્રતા આવે છે. જ્યાં દેહભાન, વિલાસ અને પરતંત્રતા આવે એટલે ત્યાં સંયમ અને સ્વાલંબનનો નાશજ થાય છે.

[૯] (પ્રથમ સ્થાનઃ—)–બધા જીવો સાથે સંયમપૂર્વક વર્તવું તેજ ઉત્તમ પ્રકારની અહિંસા છે અને ભગવાન મહાવીરે તેનેજ અઢાર સ્થાનકોમાં પ્રથમ સ્થાને દર્શાવેલી છે.

નોંધઃ—સંયમ એજ અહિંસાનું બીજ છે. અહિંસાનો ઉપાસક સંયમી ન રહે તો અહિંસાનું પાલન ન કરી શકે. મન, વચન અને કાયાપર જેમ જેમ સંયમ આવતો જાય તેમ તેમ સાધક અહિંસામાં આગળ વધતો જાય એમ ભગવાન મહાવીર કહે છે.

અહિંસાનું પાલન શી રીતે થાય?

[૧૦] સંયમી સાધક આલોકમાં જેટલા (હાલતા ચાલતા) ત્રસ અને સ્થાવર (સ્થિર જીવો) છે તેને જાણતાં કે અજાણતાં હણે નહિ, હણાવે નહિ કે હણનારને અનુમોદે પણ નહિ.

[૧૧] (શા માટે હણે નહિ તેનું કારણ જણાવે છે કેઃ—) જગતના (નાના કે મોટા) સર્વ જીવો જીવનને ઇચ્છે છે. કોઈ પણ પ્રાણી મૃત્યુને ઈચ્છતું નથી. માટેજ એ ભયંકર પાપરૂપ પ્રાણીહિંસાને નિર્ગ્રંથ પુરુષો સર્વથા ત્યાગી દે છે.

[૧૨] (બીજું સ્થાનઃ—) સંયમી પોતાના સ્વાર્થ માટે કે બીજાને માટે ક્રોધથી કિંવા ભયથી પરને પીડા ઉત્પન્ન કરે તેવું હિંસા-

કારી અસત્ય બોલે નહિ, બીજા પાસે બોલાવે નહિ અને બી[illegible] તેવું અસત્ય બોલતો હોય તો તેને અનુમોદન પણ આપે નહિ.

નોંધ:—વાસ્તવિક રીતે તો કોઈ પણ પ્રકારનું અસત્ય બોલવું સંયમી સાધક માટે ત્યાજ્ય જ છે. સંયમીએ કેવી ભાષા બોલવી તે બ[illegible] અધિકાર સુવાક્યશુદ્ધિ નામના સાતમા અધ્યયનમાં વિસ્તારપૂર્વક આવ[illegible] અસત્ય ન બોલવાની સાથે અસત્ય ન વર્તવું તે ભાવ પણ સાથે જ સમ[illegible] લેવો જોઈએ.

[૧૩] કારણકે આલોકમાં મૃષાવાદને સર્વ સાધુપુરુષોએ નિંદ્યો છે[illegible] અસત્યવાદી પુરુષ પ્રત્યેક જીવોનું અવિશ્વાસપાત્ર બની રહે છે[illegible] માટે અસત્યનો સર્વથા ત્યાગ કરવો ઘટે.

[૧૪+૧૫] (ત્રીજું સ્થાન :—) સજીવ વસ્તુ કે નિર્જીવ વસ્તુ અલ્પ[illegible] પ્રમાણમાં કે બહુ પ્રમાણમાં, વધારે તો શું પરંતુ એક દાંત[illegible] ખોતરવાની સળી પણ માલિકની રજા મેળવ્યા વિના સંયમી પુરુષો[illegible] સ્વયં ગ્રહણ કરતા નથી, બીજા દ્વારા ગ્રહણ કરાવતા નથી કે[illegible] અદત્ત ગ્રહણ કરનારને અનુમોદન સુદ્ધાં આપતા નથી.

નોંધ:—અહીં સંયમી પુરુષ એટલે સર્વ ત્યાગી પુરુષનો ધર્મ કહ્યો છે કારણ કે તે કશું સંઘરી રાખતા નથી. તેણે પોતાની માલિકીની વસ્તુ પણ વિશ્વને અર્પણ કરી દીધી હોય છે. તેથી સામાન્ય વસ્તુ પણ તે આજ્ઞા વિના લઈ શકતા નથી. સંયમી ગૃહસ્થ આવો સંપૂર્ણ ત્યાગ કરી શકે નહિ. માટે તેને [illegible] અમુકની કે પોતાની માલિકી ઉપરાંતની વસ્તુ લેવી નહિ તેવા અદત્તાદાનવ્રતનું પાલન છે. મળેલી વસ્તુમાં પણ સંયમ રાખવો અને અપરિગ્રહની ભાવના કેળવવી તેનો સમાવેશ ગૃહસ્થ સાધકના માર્ગમાં [illegible].

[૧૬] (ચોથું સ્થાન :—) સંયમનો ભંગ કરે તેવાં સ્થાનોથી દૂર રહેનારા (અર્થાત્ બ્રહ્મચર્યમાં સાવધાન) મુનિજનો સામાન્ય જનસમાજથી

દુઃસાધ્ય, પ્રમાદના કારણભૂત અને મહા ભયંકર એવા અપબ્રહ્મચર્યને કદી આચરતા નથી.

[૧૭] કારણ કે આ અબ્રહ્મચર્ય એ જ અધર્મનું મૂળ છે. મૈથુન એ જ મહાદોષનું ભાજન છે. માટે મૈથુન સંસર્ગને નિર્ગ્રંથ પુરુષો ત્યાગી દે છે.

નોંધઃ—મહાપુરુષો બ્રહ્મચર્યવ્રત એ સર્વ વ્રતોમાં સમુદ્ર સમાન માને છે. કારણ કે ઇતર વ્રતો પાળવાં સહેલાં છે. બ્રહ્મચર્ય પાળવું એ જ અતિ કઠિન છે. સારાંશ કે બ્રહ્મચર્યના સંયમમાં અન્ય નિયમોનો સંગ અને તેના પાલનમાં અન્ય વ્રતોના પાલનની સુગમતા થઈ શકે છે.

[૧૮] (પાંચમું સ્થાનઃ—) જે જ્ઞાત પુત્ર (ભગવાન મહાવીર)ના વચનમાં રક્ત રહેલા સાધુપુરુષો હોય છે તે બલવણ (બળેલું મીઠું), અથાણાં વગેરેનું સામાન્ય મીઠું, તેલ, ઘી, ગોળ ઇત્યાદિ કે તેવી કોઈ ખાદ્ય વસ્તુઓનો રાત્રિ સુધી સંગ્રહ (સંચય) કરી રાખતા નથી. તેમ સંચય કરવાની ઇચ્છા પણ ધરાવતા નથી.

[૧૯] આ પ્રમાણે સંચય કરવો તે એક યા બીજા પ્રકારના લોભનો જ અનુસ્પર્શ (અનુસરણ) છે. અર્થાત્ આવી સંચય ભાવનાથી લોભની વૃદ્ધિ થાય છે. તેથી હું માનું છું કે જે કોઈ સાધુ સંગ્રહની ઇચ્છાવાળો છે તે સાધુ નથી પણ ગૃહસ્થ જ છે.

નોંધઃ—વસ્તુતઃ તો તેવો સાધુ ગૃહસ્થની ઉપમાને પણ લાયક નથી. કારણકે ગૃહસ્થ તો ત્યાગ ન કરી શકવાથી પોતાની જાતને પૂર્ણ સંયમી કહેવડાવતો નથી. પરંતુ સાધુજી તો પોતાની જાતને પૂર્ણ સંયમી કહેવડાવે છે. બિરુદ ધારણ કરી ધર્મ ન બજાવે તો બમણો ગુનેગાર ગણાય છે.

[૨૦+૨૧] (અહીં કોઈ પ્રશ્ન કરે કે સાધુજી વસ્ત્ર, પાત્ર ઇત્યાદિ રાખે છે તે સંગ્રહ કે પરિગ્રહ નથી? તેનું સમાધાન નીચેની ગાથામાં સ્પષ્ટ રીતે કહે છેઃ—)

જે કંઈ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપુંછન, રજોહરણ સંયમનાં ઉપકરણોને સંયમના નિર્વાહને માટે જે સંયમી પુરુષે કરે છે કે પહેરે છે તેને જગતના જીવોના રક્ષક જ્ઞાતપુત્ર મહાવીર દેવે પરિગ્રહ કહ્યો નથી. પરંતુ તેમાં સંયમધર્મ જાના પરંતુ તે વસ્ત્રાદિક કોઈ પણ વસ્તુ પર જો મૂર્છા (આસક્તિ તેજ તે પરિગ્રહ છે એમ તે ઋષીશ્વરે ફરમાવ્યું છે.

નોંધઃ—સંયમના સાધનોને નિરાસક્તિથી ભોગવવાં તેમાં સાધક તે સંયમની વૃદ્ધિના હેતુભૂત છે. પણ જ્યારે તેજ પર થાય ત્યારે તે ત્યાજ્ય બને છે. આથી સંયમ તે વસ્ત્રધારણા કે નગ્ન નહિ. પરંતુ ભાવનામાં છે તે સ્વરૂપ સમજાવ્યું છે. વસ્ત્ર તથા શો સા

નોંધઃ—ચાર પદાર્થો એક ભક્ત ગણાય છે. કવચિત્ એક ભક્તનો અર્થ એક વાર ભોજન કરવું એવો પણ થાય છે. પરંતુ અહીં રાત્રિભોજન પૂરતું તેનું સ્થાન છે.

[૨૪] (રાત્રિભોજનના દોષો બતાવે છે—) પૃથ્વીને વિષે એવાં ત્રસ (હાલતાં ચાલતાં) અને સ્થાવર વગેરે સૂક્ષ્મ પ્રાણીઓ હોય છે કે જે રાત્રિને વિષે (અંધારામાં) જોઈ શકાતાં નથી. તો તે સમયે આહારની શુદ્ધ ગવેષણા શી રીતે કરી શકાય?

નોંધઃ—રાત્રે ખોરાક ખાવાથી અનેક સૂક્ષ્મ જીવોની હિંસા તથા જીવો ખોરાકમાં જવાથી શરીરમાં રોગ થવાનો સંભવ છે. તેમજ રાત્રિભોજન કર્યા પછી તુરત સૂઈ જવાનું હોવાથી તે ખોરાક પચી શકતો નથી. એમ શારીરિક અને ધાર્મિક બન્ને દૃષ્ટિબિંદુએ અનેક દોષોની ઉત્પત્તિ હોવાથી જ્ઞાનીઓ માટે રાત્રિભોજનનો પ્રતિબંધ કરેલ છે. તેજ રીતે ગૃહસ્થે પણ તેનો ત્યાગ કરવો ઘટે.

[૨૫] વળી પાણીથી ભિંજાયેલી પૃથ્વી હોય કિંવા પૃથ્વી પર બીજ વેરાયેલાં હોય તેમજ બીજાં ઝીણાં કુંથવા વગેરે ઘણાં પ્રાણીઓ માર્ગમાં હોય છે. તેને દિવસે તો જોઈ શકાય તેથી તેની હિંસા ન થાય. પરંતુ રાત્રે ન દેખાવાથી કેમ ચાલી શકાય? (કારણકે હિંસાનો સંભવ છે.)

[૨૬] આવા આવા અનેક દોષો થવાનું જાણીને જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે કહ્યું છે કે નિર્ગ્રંથ (સંસારની ગાંઠોથી રહિત) પુરુષો રાત્રિ સમયે કોઈ પણ પ્રકારના આહાર કે પાણી ઇત્યાદિને ભોગવતા નથી.

[૨૭] (સાતમું સ્થાનઃ—) સુસમાધિવંત સંયમી પુરુષો મન, વચન અને કાયાથી પૃથ્વીકાયના જીવોને હણતા નથી, હણાવતા નથી કે હણનારને અનુમોદન આપતા નથી.

નોંધઃ—સાધુ પુરુષો જ્યારે સંયમ અંગીકાર કરે છે તે વખતે ત્રણે કરણ ત્રણે યોગે કરીને હિંસાના પ્રત્યાખ્યાન લે છે. પહેલા વ્રતના

૩×૩=૯×૯=૮૧ ભેદો બીજા વ્રતના ૩×૩=૯×૪=૩૬ ભેદો, ત્રીજા વ્રતના ૩×૩=૯×૬=૫૪ ભેદો, ચોથા વ્રતના ૩×૩=૯×૩=૨૭ ભેદો, પાંચમા વ્રતના ૩×૩=૯×૬=૫૪ ભેદો અને છઠ્ઠા વ્રતના ૩૬ ભેદો થાય છે. તેના વિસ્તાર માટે જુઓ દશવૈકાલિક સૂત્રનું ચોથું અધ્યયન.

[૨૮] કારણકે પૃથ્વીકાયની હિંસા કરતો કરતો તે સાધક પૃથ્વીને આશ્રયે રહેલા દ્રષ્ટિએ દેખાય તેવા અને ન દેખાય તેવા ભિન્ન ભિન્ન પ્રકારના અનેક ત્રસ અને સ્થાવર જીવોની પણ હિંસા કરી નાખે છે.

[૨૯] માટે તે દોષ દુર્ગતિને વધારનાર છે તેવું જાણીને પૃથ્વીકાયના સમારંભ (સચેત પૃથ્વીની હિંસા થાય તેવું કાર્ય)ને સાધુપુરુષ જીવનપર્યંત ત્યાગી દે.

નોંધઃ—આવું કઠિનવ્રત માત્ર સાધુ પુરુષોને પાળવાનું હોય છે કારણ કે ગૃહસ્થોનું જીવન એવું હોય છે કે ત્યાં તેમને તેવું સામાન્ય પાપ કર્યા વિના ચાલતું નથી. પરંતુ તેમ છતાં તેણે પણ પોતાના સ્થાનનો વિવેક જાળવીને વર્તવું ઘટે.

[૩૦] (આઠમું સ્થાનઃ—) સુસમાધિવંત સંયમીપુરુષો મન, વચન અને કાયાથી જળકાયના જીવોને હણતા નથી હણાવતા નથી કે હણનારને અનુમોદન આપતા નથી.

[૩૧] કારણ કે જળકાયની હિંસા કરનાર તેની હિંસા કરતો કરતો જળને આશ્રયે રહેલા દ્રષ્ટિએ દેખાતા અને ન દેખાતા તેવા ભિન્ન ભિન્ન પ્રકારના અનેક ત્રસ અને સ્થાવર જીવોની પણ તે હિંસા કરી નાખે છે.

નોંધઃ—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કે વનસ્પતિ જેવા સૂક્ષ્મ જીવોની સતત અહિંસા પાળવી ગૃહસ્થ જીવન માટે સુલભ નથી. તેથી ગૃહસ્થ શ્રાવકના પ્રથમ વ્રતમાં મુખ્યત્વે એવી ત્રસ જીવોનીજ અહિંસા બતાવી છે અને તેમાં પણ પોતાનું કર્તવ્ય જાળવતી વખતે આવે એવા એવા બીજા

કારણ પ્રસંગે અપવાદ નિયમો દર્શાવ્યા છે. પરંતુ તેથી કંઈ મૂર્ખો, જલ-આદિ તત્ત્વોનો સ્વચ્છંદ રીતે તેવો ઉપયોગ કરે તેવી છૂટ નથી. આવા મતમાં સ્વરૂપે જાતિવાર પુદ્ગલ દરેક પદાર્થનો ઉપયોગ કરતાં એમ બતાવ્યું છે. દરેક કાર્યમાં આત્માના અને વિવેક રાખવો જોઈએ.*

[૩૨] માટે તે પાપ દુર્ગતિને વધારનારું છે તેમ જાણીને સાધુપુરુષે જીવનપર્યંત જળકાયના સમારંભને ત્યાગી દેવો.

નોંધ:-જૈન સૂત્રોમાં આરંભ અને સમારંભ શબ્દો હિંસક ક્રિયા અને હિંસક સાધનોમાં વપરાય છે.

[૩૩] (નવમું સ્થાન:—) સાધુપુરુષો અગ્નિને પ્રજ્વલિત કરવા માટે ઇચ્છે નહિ કારણ કે તે પાપકારી અને લોખંડના શસ્ત્રો કરતાં અદ્વિતીય તેમજ અતિ તીક્ષ્ણ શસ્ત્ર છે અને તેને સહન કરવું તે સર્વથા દુષ્કર છે.

[૩૪] તે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એમ ચાર દિશાઓ, ચાર વિદિશાઓ, ઉપર અને નીચે એમ દશે દિશામાં દરેક વસ્તુને બાળીને ભસ્મ કરી નાખે છે.

[૩૫] અગ્નિ પ્રાણીમાત્રનો નાશ કરનાર (શસ્ત્ર) છે, તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી. માટે સંયમી પુરુષો પ્રકાશ માટે અથવા તાપ લેવા માટે પણ કદી લેશમાત્ર અગ્નિકાયનો આરંભ કરે નહિ.

[૩૬] માટે તે પાપ દુર્ગતિને વધારનારું છે તેમ જાણીને સાધુપુરુષ જીવનપર્યંત અગ્નિકાયના સમારંભને ત્યાગી દે.

[૩૭] (દશમું સ્થાન:—) બહુ પાપકારી વાયુકાયના આરંભ (હિંસા)ને પણ જ્ઞાની પુરુષો અગ્નિકાયના આરંભ જેવો દૂષિત માને છે. તેથીજ છ કાયના રક્ષક સાધુઓએ તેનું (વાયુનું) પણ સેવન કર્યું નથી.

* વિશેષ વિગત માટે જુઓ શ્રાવક પ્રતિક્રમણ વિધિ.

[૩૮] માટે તાડપત્રના પંખાથી, સામાન્ય વીંઝણાથી કે વૃક્ષની શાખા હલાવીને સંયમી પુરુષો પોતે પવન નાખતા નથી, બીજાની પાસે પવન નંખાવતા નથી કિંવા કોઈ પવન નાખતો હોય તો તેને અનુમોદન પણ આપતા નથી.

[૩૯] તેમજ સંયમી પુરુષો પોતાની પાસે રહેલાં વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણાદિ (સંયમના સાધનો) દ્વારા પણ વાયુની ઉદીરણા (વાયુ ઉત્પન્ન થાય તેવી ક્રિયા) કરતા નથી. પરંતુ તેને ઉપયોગપૂર્વક સંયમ રક્ષાર્થે ધારણ કરે છે.

[૪૦] આવી રીતે આ દોષ દુર્ગતિને વધારનારો છે. તેમ જાણીને સાધુપુરુષ જીવનપર્યંત વાયુકાયનો સમારંભ ન કરે.

[૪૧] (અગિયારમું સ્થાનઃ—) સુસમાધિવંત સંયમી પુરુષો મન, વચન અને કાયાથી વનસ્પતિની હિંસા કરતા નથી, હિંસા કરાવતા નથી અને હિંસા કરનારને અનુમોદન પણ આપતા નથી.

[૪૨] કારણકે વનસ્પતિની હિંસા કરતો કરતો તે જીવ વનસ્પતિને આશ્રયે રહેલાં દૃષ્ટિથી દેખી શકાય તેવાં તથા ન દેખી શકાય તેવાં પણ અનેક પ્રકારનાં પ્રાણીઓની હિંસા કરી નાખે છે.

[૪૩] માટે આ દોષ દુર્ગતિને વધારનારો છે તેવું જાણીને સાધુપુરુષ જીવનપર્યંત વનસ્પતિકાયના આરંભનો પણ ત્યાગ કરે.

[૪૪] (બારમું સ્થાનઃ—) સુસમાધિવંત પુરુષો મન, વચન અને કાયાથી ત્રસકાયજીવોની હિંસા કરતા નથી, હિંસા કરાવતા નથી અને તેવા જીવોની હિંસા કરનારને અનુમોદન પણ આપતા નથી.

નોંધઃ—ત્રસકાય એટલે હાલતા ચાલતા જીવો. તેમાં બે ઇંદ્રિયવાળાથી માંડીને પંચેંદ્રિયવાળા જીવોનો સમાવેશ થાય છે. કૃમિ, કીડી, ભમરી, પશુ, મનુષ્ય ઇત્યાદિ સૌ ત્રસ જીવો કહેવાય છે.

[૪૫] કારણ કે ત્રસકાયની હિંસા કરનારો તે ત્રસ ને ત્રસકાય ને આશ્રયે રહેલાં, દૃષ્ટિથી દેખી શકાય તેવાં તથા ન દેખી શકાય તેવાં પણ વિવિધ પ્રાણીઓની હિંસા કરી નાખે છે.

[૪૬] માટે આ દોષ પણ દુર્ગતિને વધારનારો છે એવું જાણીને સાધુ પુરુષ જીવનપર્યંત ત્રસકાયની હિંસા ન કરે.

નોંધઃ—ઉપરનાં એ બાર સ્થાનો કહ્યાં તે સાધુપુરુષોના મૂળ ગુણો છે, હવે છ ઉત્તર ગુણોનું વર્ણન કરે છે. ઉત્તર ગુણો તો મૂળ ગુણોની પુષ્ટિ અર્થેજ યોજાયેલા હોય છે.

[૪૭] (તેરમું સ્થાનઃ—) આહાર, શય્યા, વસ્ત્ર તથા પાત્ર એ ચાર પ્રકારમાંથી કોઈ પણ વસ્તુ કે જે સાધુ પુરુષોને અકલ્પ્ય (ન ઉપયોગ કરવા યોગ્ય) હોય તેને ભિક્ષુ કદી ગ્રહણ ન કરે; અર્થાત્ તે ચારેમાંની જે અકલ્પ્ય વસ્તુ હોય તેનો ત્યાગ સંયમી સંયમનું અનુપાલન કરે.

નોંધ—હરિભદ્રસૂરિ બે પ્રકારનો અકલ્પ કહે છે. (૧) શિક્ષા સ્થાપના કલ્પ એટલે પિંડનિર્યુક્તિ તથા આહારાદિની એષણાવિધિ ભણ્યા વિના આહાર ગ્રહણ કરે તેમાં દોષ થવાનો સંભવ હોવાથી તે અકલ્પ્ય છે. તથા (૨) બીજો અકલ્પ તે સ્થાપના કલ્પ આનો વિસ્તાર બીજા ગ્રંથોમાં છે તેથી અહીં વધુ કહ્યો નથી.

[૪૮] આહાર, શય્યા, વસ્ત્ર અને પાત્ર એમ એ ચારે વસ્તુઓ (સંયમી માટે) અકલ્પ્ય (અયોગ્ય) હોય તેને સંયમી ઇચ્છે, પણ જે કલ્પનીય (યોગ્ય) હોય તેનેજ ગ્રહણ કરે.

[૪૯] જે (૧) નિયાગ (નિત્યક)પિંડ એટલે હમેશાં એક આહાર લેવો અથવા "સમાર્પનિ" એટલે સાધુને સ આમંત્રણ આપી ત્યાંજ આહાર લેવો તે. (૨) ક્રિત ખરીદીને લવાયેલો આહાર લેવો તે. (૩) સાધુજીને બનાવેલો આહાર લેવો તે. (૪) દૂર દૂરથી સા

[illegible] આહાર [illegible] દોષિત આહાર પાણીને જે ભિક્ષુ લે છે તે ભિક્ષુઓ (સાધુઓ) જીવહિંસાનેજ અનુમોદન આપે છે એમ ભગવાન મહાવીરે કહ્યું છે.

નોંધ:—પોતાના નિમિત્તે કોઈ જીવની હિંસા ન થાય તેમજ કોઈની લાગણી ન દુભાય તેવી રીતે ભિક્ષા મેળવી સંયમી જીવન ગાળવું તે ભિક્ષુઓનો ધર્મ છે.

[૫૦] તેથી સંયમમાં સ્થિર ચિત્તવાળા ધર્મજીવી નિર્ગ્રંથ પુરુષો ક્રીત, ઔદ્દેશિક કે આહૃત ઇત્યાદિ દોષવાળા આહારપાણીને ગ્રહણ કરતા નથી.

નોંધ:—વિશેષ વિગત જાણવા માટે જુઓ દશવૈ૦ ૩ જું અધ્યયન.

[૫૧] (ચૌદમું સ્થાનઃ—) ગૃહસ્થનાં કાંસુ ઇત્યાદિ ધાતુનાં પ્યાલાં, બીજાં વાસણો (ભાજન, થાળી વગેરે) તથા માટીના લોટા કે કુંડાં વગેરેમાં આહાર કરવાવાળો ભિક્ષુ પોતાના સંયમથી ભ્રષ્ટ થાય છે.

[૫૨] (કારણકે ગૃહસ્થના ભાજનમાં જમવાથી) તેનાં વાસણો ધોવાં પડે તો ઠંડા સચિત્ત (સજીવ) પાણીની હિંસા થાય અને તે પાણીને ફેંકવાથી બીજા પણ ઘણાં પ્રાણીઓનો નાશ થાય માટેજ તીર્થંકરાદિ દેવોએ તેમાં અસંયમ કહ્યો છે.

નોંધ:—ઉપલક દ્રષ્ટિથી તપાસનારને આ સ્થળે એમ લાગે કે આવી સામાન્ય વાતમાં પણ સંયમનો લોપ થાય તો સંયમી શી રીતે જીવી શકે? પરંતુ ગંભીરતાથી વિચારતાં જણાશે કે સામાન્ય દેખાતી સ્ખલના પણ ક્રમશઃ થોડે થોડે બીજી ભૂલોનો જન્મ આપે છે અને આખરે સંયમથી ભ્રષ્ટ પણ થઈ જવાનો સમય આવે છે માટે સામાન્ય દેખાતી ભૂલોથી પણ દૂર રહેવું અને સંયમમાં જાગૃતિ રાખવી તેજ સંયમી પુરુષો માટે જરૂરનું છે.

ગૃહસ્થના પાત્રમાં ભોજન કરવાથી ઈતર દોષો પણ સંયમીમાં જન્મ-

વાનો સંભવ છે તેથી કાષ્ઠનાં, માટીનાં કે તેવાં પોતાનાં પાત્રોમાંજ ભોજન લેવાનું વિધાન કર્યું છે.

[૫૩] વળી ગૃહસ્થના વાસણમાં જમવાથી પશ્ચાત્ કર્મ અને પુરાકર્મ એ બન્ને પ્રકારના દોષો થવાનો પણ સંભવ છે. તેથી સાધુપુરુષોને તેમાં ભોજન કરવું યોગ્ય નથી તેમ ધારી નિર્ગ્રંથ પુરુષો ગૃહસ્થના વાસણમાં ભોજન કરતા નથી.

નોંધ:—પુરાકર્મ અને પશ્ચાત્ કર્મ એ કઇ જાતના દોષો છે ? તે જાણવા માટે પાંચમા અધ્યયનના પ્રથમ ઉદ્દેશકની ૩૨ તથા ૩૫મી ગાથા જુઓ.

[૫૪] (પંદરમું સ્થાન:—) શણનો ખાટલો, પાટીનો પલંગ શણની દોરીથી બનાવેલી માચી તથા નેતરની આરામ ખુર વગેરે આસન પર બેસવું કે સૂવું તે આર્યભિક્ષુઓને માટે યોગ નથી (અનાચીર્ણ છે.)

[૫૫] માટે તીર્થંકરની આજ્ઞાના આરાધક નિર્ગ્રંથો પલંગ, ખાટ માચી કે તેની નેતરની ખુરસી પર બેસતા નથી. કારણ કે સૂક્ષ્મ જીવોનું પ્રતિલેખન (નિરીક્ષણ) થઇ શકતું નથી. (વિલાસી જીવન બની જવાનો પણ સંભવ છે.

[૫૬] તેવાં આસનોના ખુણામાં નીચે કે આજુબાજુમાં અંધારું છે. તેથી તે અપ્રકાશમાં રહેલાં પ્રાણીઓ બરાબર ન દેખ તે પર બેસતાં તેની હિંસા થવાનો સંભવ છે માટે તેવા પ્ર માચા તથા ખાટલા વગેરેનો ત્યાગ કરવાનું મહાપુરુષોએ ક

[૫૭] (સોળમું સ્થાન:—) ગોચરી માટે ગૃહસ્થને ઘેર બેસવું નથી. કારણકે તેથી નીચે પ્રમાણે અનાચાર થવાનો સં છે અને મિથ્યાત્વ (અજ્ઞાન)ની પ્રાપ્તિ થાય છે.

ગૃહસ્થને ઘેર બેસવાથી કયા દોષો સંભવે છે તે બ

[૫૮] બ્રહ્મચર્યવ્રત પાળવામાં વિપત્તિ ઉભી થાય છે. પ્રાણી થવાથી સંયમ પણ હણાય છે. ભિખારી માગવા આ

પર પણ સૂક્ષ્મ પ્રાણિઓ રહેલાં હોય છે માટે તે ભિન્ન ઉષ્ણ પાણીથી પણ સ્નાન કરે તો તેને મળ પહોંચે છે.

[૩] ત્યાગી હો કે ઉષ્ણ (ગચ્છ કે નિર્ગ્રંથ) કોઈપણ પાણીથી (દિગંબરથી પર મનાતા) સંયમી પુરૂષો સ્નાન કરતા નથી. અને બ્રહ્મચર્યને તેઓ કઠણ નિયમને વહન કરે છે.

નોંધ—સ્નાન એ જેમ શરીરશુદ્ધિ કરનારી વસ્તુ છે. તેમ રીતે શરીર સૌંદર્યને વધારનારી પણ વસ્તુ છે અને તેનાં ઇંદ્રિયોદ્વારી માત્ર ત્યાગી આમ માટે આ નિષેધ છે.

જો કે વૈદિક નિયમ પ્રમાણે ત્યાગીને પણ દેહશુદ્ધિની આવશ્ય તો છતાં પણ તે શુદ્ધિ તે સૂર્યનાં કિરણ ઇત્યાદિથી પણ થઇ શકે. સંયમી પુરૂષોના આહાર, વિહાર અને નિદ્રાદિના નિયમો પણ એવા હૈ કે તેમનું શરીર પ્રાયઃ સ્વચ્છ રહે. તેમને તેને બ્રહ્મચર્ય ઇત્યાદિ પાળવાનાં હોય છે તેથી તેનો દેહ અશુદ્ધ થતો નથી. પણ દેહની થાય તો તો પહેલીજ તકે તેને વિચારવાની ત્યાગીને પણ તેમ આવે છે અને તે શુદ્ધિ ન થઇ હોય ત્યાંસુધી સ્વાધ્યાયાદિ પણ ન કરી શકાય તેનો ભાર મૂકે છે.

આ ઉપરથી સ્નાન કઇ દ્રષ્ટિથી હોય માટે અને કઇ સ્થિતિ છે તેનો વિશેષ પ્રકારે વિવેકપૂર્વક વિચાર કરવો ઘટે.

૬૬ મી ગાથામાં ઉલ્લેખ પણ આપી દે છે.

[૪] (અઢારમું સ્થાનઃ–) સંયમી પુરૂષ સ્નાન, સુગ લોધ્રકુંકુમ, પદ્મકેસર વગેરે દ્રવ્યોથી કદીપણ શરીર કે મર્દન વગેરે કરે નહિ.

[૬૫] પ્રમાણોપેત વસ્ત્રવાળા સ્થવિરકલ્પી અવસ્થાવાળા જેવા જિનકલ્પી અવસ્થાવાળા, દ્રવ્યથી તથા (બ્રહ્મચર્યનું પાલન કરનારા), દીર્ઘ રોમ તથા નખવાળા સર્વથા ઉપશાન્ત થયેલા સંયમીને વિભૂષાનું પ્ર

સુવાક્યશુદ્ધિ

(ભાષાની વિશુદ્ધિ)

૭

જેમ કાયિક સંયમ સાધક માટે અનિવાર્ય અને આવશ્યકીય છે તેજ પ્રમાણે વચનશુદ્ધિની પણ સાધકને પરિપૂર્ણ જરૂરિયાત છે.

વાણી એ અંતઃકરણના ભાવોને વ્યક્ત કરવાનું સાધન છે. અને તેટલાજ પુરતી તેની ઉપયોગિતા છે. જે ભાવો એકો સાથે કાર્યમાં ન મૂકી શકાય અને અન્યને પ્રેરણા આપવાની જરૂર હોય ત્યારે અથવા પોતાને જોઈતી વસ્તુ મેળવવી હોય ત્યારે વાણીના ઉપયોગની આવશ્યક્તા રહે છે.

પરંતુ કોઇ પણ કાર્યકારણ સિવાય વાણી વાપરવી તેને વાચાળપણું એટલે કે વાણીનો દુરુપયોગ કહેવામાં આવે છે. આથીજ સવિશેષ કારણ સિવાય સજ્જન પુરુષો બહુધા મૌન સેવે છે.

જે વાણીનો દુરુપયોગ કરે છે તેની પોતાની શક્તિનો દુર્વ્યય થાય છે એટલુંજ નહિ પરંતુ તે વાણીનું સામર્થ્ય પણ એટલું જ હણાય છે કે પછી તે વાણીની સામી વ્યક્તિ પર જોઈએ તેવી અસર થતી નથી. તેમજ તેમાં અસત્ય કે કઠોરતા આવવાનો પણ ભય રહે છે.

આથી વાણી કેવી અને ક્યાં બોલવી ઘટે તેનુંજ આ અધ્યયનમાં ખૂબ વિસ્તૃત વર્ણન છે.

ગુરુદેવ બોલ્યા:—

[૧] પ્રજ્ઞાવાન ભિક્ષુ ચાર પ્રકારની ભાષાના સ્વરૂપને જાણીને તે પૈકી બે પ્રકારની ભાષા વડે વિનય શીખે. બાકીના બે પ્રકારની ભાષાનો વિવેકપૂર્વક ઉપયોગ કરે. પરંતુ બે પ્રકારની ભાષાને તો સર્વથા નજ બોલે.

નોંધ:—સાચી, જૂઠી, મિશ્ર અને વ્યવહારિક એમ ચાર પ્રકારની ભાષાઓ પૈકી પહેલી અને છેલ્લી બે ભાષાઓને ભિક્ષુ વિનયપૂર્વક બોલે. જૂઠી અને મિશ્ર ભાષાનો તો સર્વથા ત્યાગ કરે. સાચી અને વ્યવહારિક ભાષા પણ પાપ અને હિંસારહિત હોય તેજ બોલે.

[૨] (હવે સત્યભાષા પણ કેવા પ્રકારની બોલવી તે સ્પષ્ટ કરે છે:—) બુદ્ધિમાન ભિક્ષુ સત્યભાષા પણ અવક્તવ્ય (ન બોલવા લાયક) હોય તો તે સત્ય હોવા છતાં તેને બોલે નહિ. (જેમકે શિકારી પૂછે કે "પેલા મૃગલા ક્યાં ગયા?" તે ભાષા સત્ય હોવા છતાં હિંસક હોવાથી તેનો ઉપયોગ કરવો ઘટે નહિ.) તેમજ મિશ્ર એટલે થોડી સત્ય અને થોડી અસત્ય અને મૃષા (સાવ અસત્ય) આ ભાષાઓને તીર્થંકરોએ વર્જ્ય ભાષા કહી છે માટે તેવી વાણીને પ્રજ્ઞાવાન સાધુઓ ન બોલે.

[૩] બુદ્ધિમાન ભિક્ષુ અસત્યામૃષા (વ્યવહાર) ભાષા તથા સત્ય ભાષા પણ પાપરહિત, અકર્કશ (કોમળ) અને પુનઃ શંકારહિત (નરો વા કુંજરો વા જેવી સંદિગ્ધ નહિ.) હોય તેવી ભાષા વિચારીને બોલે.

નોંધ:—કઠોર ભાષાનું પરિણામ બહુ વેર અને ઝેર વધારનારું હો[illegible] છે. વાણી એ ભાવને વ્યક્ત કરવાનું અનેરું સાધન છે. માટે પ્રગતિની શુ[illegible] માટે જેટલી ભાવશુદ્ધિની આવશ્યકતા છે તેટલીજ વચનશુદ્ધિની પણ આ[illegible]શ્યકતા છે. સાધકને પણ સંસારમાંજ પ્રવૃત્તિ કરવાની હોય છે અને [illegible] દ્વારા ભાવ વ્યક્ત કરવા માટે ભાષા બોલવાની હોય છે. તે ભાષા ઉપયોગિ[illegible]

અને સર્વ ભાષાઓથી [illegible]
[illegible] આપના ગુણગાથી [illegible]

[૪] (મિશ્રભાષાનો ત્યાગ કરે છે:—) બુદ્ધિમાન ભિક્ષુ આ [illegible]
અને પીડાકારી એવી સત્ય ભાષા ન બોલે [illegible]
સત્યામૃષા એટલે કે મિશ્ર ભાષા પણ કે જે શાશ્વત [illegible]
મોક્ષમાર્ગમાં બાધા કરે છે, તે પણ બોલે ?

નોંધઃ—ખોટી સત્ય અને ખોટી અસત્ય એવી મિશ્ર ભાષા [illegible]
બોલવી કારણ કે મિશ્ર ભાષામાં સત્યનો અંશ હોવાથી જનતા [illegible]
અને પોતે પણ પોતાને સત્યવાદી મનાવી શકે. આવી દંભવૃ[illegible]
અને પારલૌકિક બન્ને પ્રકારના હિતમાં બાધક છે.

[૫] અજાણપણે અસત્ય હોવા છતાં સત્ય લાગે તેવી ભાષા
સાધક બોલે છે તે પાપકર્મથી બંધાય છે. તો જાણી
જૂઠું બોલે તેના પાપનું તો પૂછવું જ શું ?

નોંધ:—જેમ કોઈ પુરુષે સ્રીનું રૂપ ધારણ કર્યું હોય તેને
કહે તો પણ તે તાત્વિક દૃષ્ટિએ પાપમય પ્રયોગ ગણાય. તો પછ
બોલવું તે પાપ હોય તેમાં આશ્ચર્ય શું ?

પાપનો આધાર પ્રવૃત્તિ પર છે. જેવી પ્રવૃત્તિ તેવું તેનું ફળ. ઝે
રનું જેમ મૃત્યુજ થાય છે તેમ પાપકર્મનું પણ દુષ્પરિણામ સ્વ
રહે છે. માત્ર ફેર એટલોજ કે જો તે પાપ આસક્તિપૂર્વક ન થયું હે
તેનું પશ્ચાત્તાપ ઈત્યાદિદ્વારા નિવારણ થઇ શકે છે. અને આસક્તિપૂર્વ
હોય તો તેના ભયંકર પરિણામને ભોગવ્યા વિના છુટકારો થતો નથ

[૬+૭] (હવે નિશ્ચયાત્મક ભાષાનો પણ ત્યાગ કરવો ઘટે તે સં
કહે છે:—) વળી " અમે અવશ્ય જઇશું છીએ કિંવા જ
અમે કહીશુંજ, અમારું અમુકજ કાર્ય થશે અથવા અ
થવાનું છે, હુંજ તે કરીશ અથવા આ માણસજ તે કરશે"
વગેરે ભાષાઓ કે જે ભવિષ્ય, કે વર્તમાનમાં શંકાસ્પદ છે
ભાષાઓને પણ નિશ્ચયાત્મક રીતે ભિક્ષુ ન બોલે.

નોંધઃ—અનિશ્ચયાત્મક વસ્તુને નિશ્ચિત કહેવાથી ઘણા દોષો થવાનો સંભવ છે. વળી સાધુજીની જવાબદારી સામાન્ય જનથી વિશેષ રૂપે હોવાથી તેના વચન પર વિશ્વાસ રાખી કોઇ કંઇ કાર્ય કરી બેસે. માટે તેવી નિશ્ચયાત્મક વાણીનો ઉપયોગ સાધુપુરુષ ન કરે. કેટલીક નિશ્ચયાત્મક વસ્તુ હોય છતાં પોતાને પૂર્ણ નિશ્ચય ન હોય તો તેને પણ નિશ્ચયરૂપે ન બોલે. સારાંશ કે સાધુ બહુ ઉપયોગપૂર્વક પોતાના પદની જવાબદારી સમજી ભાષાનો પ્રયોગ કરે.

[૮] ભિક્ષુ ભૂતકાળ, ભવિષ્યકાળ કે વર્તમાન કાળ સંબંધમાં જે વસ્તુને ન જાણે તે વિષે તે એમજ છે કે થશે એવું કશું પણ ચોક્કસ ન વદે.

[૯] તેમજ ભૂતકાળ, ભવિષ્ય કાળ અને વર્તમાનકાળને વિષે જે કાર્યપરત્વે શંકા હોય (અર્થાત્ જે કાર્યનો નિશ્ચય ન હોય) તે સંબંધમાં તે એમજ છે એવું પણ કશું નિશ્ચિત ન કહે.

[૧૦] પરંતુ ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળમાં જે વસ્તુ (કાર્ય) સંશયરહિત હોય અને અદૂષિત હોય તેનેજ એ આમ છે કે તેમ છે વગેરે વગેરે કહે. અર્થાત્ પરિમિત ભાષાદ્વારા તે સત્ય બિનાને વ્યક્ત કરે.

[૧૧] તેમજ બીજા જીવોની લાગણી દુભાય તેવી હિંસક તથા કઠોર ભાષા સત્ય હોય તોપણ તે ન બોલે. કારણ કે તેવી વાણીથી પાપનું આગમન થાય છે.

[૧૨] કાણાને રે કાણા! નપુંસકને રે નપુંસક! રોગીને એ રોગી! અને ચોરને એ ચોર! આ ભાષા સ્પષ્ટ સત્ય હોવા છતાં ન બોલે.

નોંધઃ—કારણ કે તે વસ્તુ સાચી હોવા છતાં તેમ કહેવાથી સામાની લાગણી દુભાય છે અને લાગણી દુભવવી તે પણ એક પ્રકારની હિંસા છે માટે જ્યાં સુધી નિર્દોષ સત્ય ભાષા બોલી શકાય ત્યાં સુધી તેવી દૂષિત વાણીનો ઉપયોગ ન કરવો ઘટે.

[૧૩] આચાર અને ભાવના ગુણદોષોને સમજનાર વિવેકી સાધુ. અ
રીત કિંવા બીજી કોઈ પણ રીતે સામા માણસની ઘાત થાય
તેનું હૃદય દુભાય તેવી ભાષાને બોલે નહિ.

[૧૪] તેમજ બુદ્ધિમાન ભિક્ષુ રે મૂર્ખ! રે લંપટ (વેશ્યા)! રે કૂત
રે દુરાચારી! રે કંગાળ! રે દુર્ભાગી! આવા આવા સંબોધ
કોઈ પણ સ્ત્રીને ન બોલાવે.

[૧૫] વળી હે દાદી! મોટી દાદી! હે માતા! હે માશી! હે ફ
હે ભાણેજી!, હે બેટી!, હે બેટાની બેટી!,

નોંધઃ—ભલે ગૃહસ્થ જીવનમાં તેની સાથે તેવો સંબંધ હોય
પણ હવે (સબંધનો ત્યાગ કર્યા પછી) સાધુજી તેવી રીતે તેને ન બો
કારણ કે તેમાંથી મોહનો જન્મ થાય છે.

[૧૬] તેમજ અરે ફલાણી, અરે સખી!, અરે છોકરી! વગેરે
તથા અરે ચાકરડી!, અરે શેઠાણી!, અરે ગોમિની (ગા
ધણીયાણી)!, રે મૂર્ખ!, રે લંપટ!, રે દુરાચારી અહીં અ
આવાં આવાં તોછડાં વચનોથી ન જ સંબોધે કે બોલાવે.

નોંધઃ—આવાં તોછડાં અને અવિવેકી વચનોથી સામાના હ
આઘાત ઉત્પન્ન થાય છે. માટે તેવી વાણી સર્વથા સંયમી પુરુષ
ત્યાજ્ય છે.

[૧૭] (આવશ્યક્તા હોય ત્યારે કેમ બોલવું તે કહે છેઃ—) સ્ત્રીની
જ્યારે વાર્તાલાપ કરવાનો હોય તો મધુરભાષામાં તેનું નામ લ
અથવા (નામ ન આવડતું હોય તો) યોગ્યતા પ્રમાણે
ગોત્રરૂપે સંબોધન કરીને તેને એકવાર કિંવા (આવશ્યક કાર્ય
તો) બહુવાર ભિક્ષુ તેની સાથે બોલે.

નોંધઃ—વાર્તાલાપનો પ્રસંગ પડે ત્યારે પોતાની કે સામી વ્યક્તિ
લઘુતા ન થાય તેવી રીતે વિવેકપૂર્વક જ સંયમી પુરુષે બોલવું જોઈએ.

[૧૮+૧૯] તેજ પ્રમાણે પુરુષ સાથે પણ હે બાપા !, મોટા બાપા, પિતા, કાકા, મામા, ભાણેજ, પુત્ર, પૌત્ર એ પ્રમાણે મોહ ઉત્પન્ન કરે તેવા સંબંધવાચક વિશેષણોથી કિંવા હે !, અરે !, રે ફલાણા ! રે સ્વામી ! હે ગોમિક ! હે મૂર્ખ !, હે લંપટ !, રે દુરાચારી ! આવાં આવાં સંબોધનથી પણ ન બોલે.

[૨૦] પરંતુ યોગ્યતા અનુસાર તેનું નામ લઈને અથવા ગોત્ર પ્રમાણે સંબોધન કરીને આવશ્યકતા પ્રમાણે એકવાર અથવા વારંવાર બોલે.

[૨૧] તેમજ મનુષ્ય સિવાય ઈતર પણ પંચેદ્રિયવાળાં પ્રાણીઓ પૈકી જ્યાંસુધી આ નર છે કે માદા છે તેવો નિશ્ચય ન થાય ત્યાંસુધી તે અમુક જાતિનાં છે તેનુંજ કહે પણ આ નર છે કે આ માદા સ્ત્રી જ છે તેવું કશું ચાક્કસ ન કહે.

નોંધઃ—ભાષાનો સીધો સંબંધ માત્ર કર્ણેન્દ્રિય સાથે હોવાથીજ અહીં પંચેંદ્રિય જીવો માટે ખાસ કહ્યું છે. આપણી વાણીની સારી માઠી અસર પશુઓ પર તુરતજ થાય છે. માત્ર તેઓને વાણી ન હોવાથી તે વ્યક્ત કરી શકતાં નથી.

[૨૨+૨૩] તેજ પ્રમાણે મનુષ્ય, પશુ, પક્ષી કે સર્પને આ જાડો છે, એના શરીરમાં માંસ ખૂબ છે માટે વધ કરવા યોગ્ય છે કે પકાવા યોગ્ય છે. એવું એવું પાપી વચન પણ ન બોલે.

પરંતુ તે સંબંધમાં કહેવાનું ખાસ પ્રયોજન પડે તો તેને વૃદ્ધ દેખી તે બહુ વૃદ્ધ છે, સુંદર છે, પુષ્ટ છે, નિરોગી છે, પ્રૌઢ શરીરવાળો છે એ પ્રમાણે નિર્દોષ વચન બોલે. (સવદ્ય ભાષા ન બોલે)

[૨૪] તેજ પ્રમાણે બુદ્ધિમાન ભિક્ષુ ગાયોને જોઈને આ દોહવા યોગ્ય છે તથા નાના વાછડાઓને દેખી આ નાથવા યોગ્ય છે અથવ ઘોડાઓને જોઈ આ રથમાં યોજવા યોગ્ય છે એ પ્રમાણે (સાવ દ્યભાષા) ન બોલે.

[૨૫] પરંતુ " ખાસ બોલવાનો પ્રસંગ પડે તો ભિક્ષુ તેને આ " તરુણ છે, આ ગાય રસાળ (દુઝણી) છે અથવા આ " નાનો કિંવા મોટો છે અને આ ઘોડો રથને યોગ્ય છે એમ

નોંધ:—જે વચનના નિમિત્તે અન્ય પ્રાણીને દુઃખ ન થાય અદૂષિત ભાષા સંયમી બોલે.

[૨૬+૨૭] તેમજ ઉદ્યાન, પર્વતો કે વનોમાં ગયેલો (અથવા જ રહેલો) બુદ્ધિમાન ભિક્ષુ ત્યાં મોટા મોટા વૃક્ષોને જોઈને પ્રમાણે ન બોલે કે " આ વૃક્ષોનાં લાકડાં મહેલના થાંભ ઘરોનાં તોરણો, બારસાખ, ભોગળ, વહાણો અથવા પાણીય વગેરે બનાવવા માટે લાયક છે."

[૨૮] " તેમજ આ વૃક્ષ બાજોઠ, કથરોટ (કાષ્ટપાત્રી), હળના દાં ખેતરમાં અનાજના ઢગલાને ઢાંકવાનાં લાકડાનાં ઢાંકણુ, ઘાણી લાટ, ગાડીના પૈડા વચ્ચેની નાભી કે ચરખાનો લાટ સોનીની એરણ રાખવા માટે યોગ્ય છે."

[૨૯] વળી બેસવાના આસન માટે, સુવાના પલંગ માટે કે ઘર નિસરણી વગેરેને માટે યોગ્ય છે." તેવી હિંસાકારી ભાષ બુદ્ધિમાન ભિક્ષુ કદી ન બોલે.

નોંધ:—એવું એવું બોલવાથી રખે કોઇ વૃક્ષને કાપે! અને જો કપ તો તેથી ભિક્ષુ હિંસાનો નિમિત્ત બને.

[૩૦+૩૧] માટે ઉદ્યાન, પર્વતો અને વનોમાં ગયેલો બુદ્ધિમાન ભિ ત્યાં મોટાં મોટાં વૃક્ષોને જોઈને આ પ્રમાણે બોલે કે " અશોકાદિ વૃક્ષો ઉત્તમ જાતિવાળાં છે, આ નાળિયેરનાં વૃક્ષો મોટાં છે, આ આંબા વિગેરે વૃક્ષો વર્તુલાકાર છે, વડ વગે વૃક્ષ વિસ્તારવાળાં છે તથા તે બધાં શાખા, પ્રતિશાખાઓ ખાસ, રમણીય અને દર્શનીય છે. એવી અદૂષિત ભા પ્રસંગ પડે તો બોલે.

[૩૨-૩૩] તેમજ કેરી વગેરે ફળો પાકી ગયાં છે, અથવા તે પરાળ વગેરેમાં પકાવીને ખાવા યોગ્ય છે કે હવે તે ખાવાયોગ્ય છે, નહિ તો સડી જશે. હજુ આ ફળો તેને ભાંગવા જોઈએ એવાં યોગ્ય થઈ ગયાં છે એવું એવું પાપમય ન બોલે. પરંતુ ખાસ પ્રયોજન પડે તો તેમ કહે કે આ આંબામાં ફળ બહુ આવ્યાં છે, તેથી તે વૃક્ષો ભારભૂત થઈને નમી ગયાં છે, આ વખતે ફળ બહુજ આવ્યાં છે અને તેનાં ફળો અદ્‌ભુત રૂપાળાં છે એવું એવું નિષ્પાપી વચન બોલે.

[૩૪] વળી અનાજના ડૂંડાઓ કે અનાજની ફળીઓ જેવી કે વાલની કે ચોળાફળીઓ સંબંધમાં તે પાકી ગઈ છે, તેની છાલ લીલી થઈ ગઈ છે, એ પાપડી ફૂટી છે, તે લણવા યોગ્ય છે, કિંવા શેકવાયોગ્ય છે. આ અનાજ ઓળા કરીને ખાવાયોગ્ય છે એવું પણ ભિક્ષુ ન બોલે.

[૩૫] પરંતુ વનસ્પતિ ખૂબ થઈ છે. ઘણા અંકુરાઓ ફૂટી નીકળ્યાં છે. તેને મોર, ટીશી વગેરે ઉત્પન્ન થયાં છે, તેને રોગ વગેરેનો ભય ન લાગે તેવી છાલ થઈ ગઈ છે, ફળો ગર્ભમાં છે કિંવા બહાર નીકળ્યાં છે, તેના ગર્ભમાં દાણા બંધાણા નથી કિંવા ચોખા વગેરેના દાણા બંધાણા છે એવી એવી નિર્વદ્ય ભાષા બોલે.

[૩૬] વળી કોઈને ત્યાં જમણ કર્યું હોય તેને જોઈને સુંદર કર્યું છે કે કરવા યોગ્ય છે, વળી ચોરને જોઈને આ ચોર મારવા યોગ્ય છે. તથા નદીઓને જોઈને આ સુંદર કાંઠાવાળી છે, આ નદીઓ તરવા તથા ક્રીડા કરવા જેવી છે એવી એવી સાવદ્ય ભાષા ન બોલે.

[૩૭] પરંતુ પ્રસંગોપાત બોલવું પડે તો જમણને જમણ કહે, ચોરને ધન માટે આણે ચોરી કરી હશે તેમ કહે તથા આ નદીઓના કાંઠા સમાન છે તેટલું અને તેવુંજ પરિમિત વચન બોલે.

કે ન થાઓ" એવું એવું ઉપઘાતજનક દૂષિત કરે તેવું વાક્ય, કશું ભિક્ષુ ન બોલે તેમજ તેવી રીતે વર્તે પણ નહિ.

નોંધઃ—એમ કરવાથી ઇતરજનોને દુઃખ થવાનો સંભવ છે. તે દુઃખના નિમિત્તરૂપ સાધુજને ન થવું ઘટે.

[૫૨] તેમજ વાદળ, આકાશ કે (રાજા જેવા) માનવને આ દેવ છે એવું કહે નહિ. પરંતુ મેઘને દેખીને કહે કે આ મેઘ ચડેલ છે, ઊંચે ઉન્નાઈ રહ્યો છે આ તો જળ આપનાર છે કિંવા વરસે છે. એવું એવું અદૂષિત વચન બોલે.

નોંધઃ—તે કાળમાં વાદળ, આકાશ કે બ્રાહ્મણવર્ગને સામાન્ય જન-સમૂહ દેવ તરીકે માની તેમાં અદ્ભુતતાનો આરોપ કરતો હતો. આવી રીતે ખોટી અદ્ભુતતા માનવાથી વહેમ અને અકર્મણ્ય ઇત્યાદિ દોષોની વૃદ્ધિ થાય. આથી વ્યક્તિ કે વસ્તુપૂજાનો જૈનશાસનના મહાપુરુષોએ વિરોધ કરી ગુણપૂજાનું મહત્ત્વ બતાવ્યું છે.

[૫૩] તથા આકાશને અંતરિક્ષ અથવા ગુહ્ય (દેવની એક જાત) દેવોને જવા આવવાનો આ ગુહ્યમાર્ગ છે તેમ કહે અને ઋદ્ધિમાન કે બુદ્ધિમાન નરને જોઈને તે ઋદ્ધિશાળી કે બુદ્ધિમાન છે તેવું જ કહે.

નોંધઃ—કોઈની ખોટી પ્રશંસા કે ખોટી અદ્ભુતતા વ્યક્ત ન કરે.

[૫૪] તેમજ ક્રોધ લોભ, ભય કે હાસ્યને વશ થઈને પણ પાપકારી, નિશ્ચયકારી કે અન્યની લાગણી દુભાવે તેવી ભાષા સાધક હાંસી કે મશ્કરીમાં પણ ન બોલે

[૫૫] આવી રીતે મુનિ વાક્યશુદ્ધિ, અને વાક્યની સુંદરતાને સમજીને હંમેશાં દૂષિત વાણીથી દૂર રહે. આ વસ્તુનું જે વિવેકપૂર્વક ચિંતન કરીને પરિમિત અને અદૂષિત વાક્ય બોલે છે તેજ સાધક સત્પુરુષોમાં પ્રશંસા (આદર) ને પામે છે.

નોંધઃ—હું બોલું છું તેનું પરિણામ શું આવશે ? એવું એવું ખૂબ વિચારીને જે બોલે છે તેની વાણી સ્વચ્છતા અને સફળતાને આરાધે છે.

[૫૬] ભાષાના ગુણો તથા દોષોને જાણી, વિચારીને તેમાંની દુષ્ટ ભાષાનો હમેશાં ત્યાગ કરનાર, છ કાયના જીવોમાં યથાર્થ સંયમ પાળનાર, સાધુપણામાં સદા ઉપયોગી જ્ઞાની સાધક હમેશાં હિતકારી અને મધુર ભાષા બોલે.

[૫૭] અને આ પ્રમાણે દૂષિત અને અદૂષિત વાક્યની કસોટી કરીને બોલનાર, બધી ઇંદ્રિયોને સંયમમાં રાખનાર, સમાધિવંત, ક્રોધ, માન, માયા અને લોભથી રહિત તથા તેવો અનાસક્ત ભિક્ષુ, (નવાં પાપકર્મોને સંયમદ્વારા રોકી) પૂર્વનાં સંચિત પાપકર્મરૂપી મળને પણ દૂર કરે છે તથા આલોક અને પરલોકની આરાધના સાધ્ય કરી લે છે.

નોંધઃ—આલોકમાં પોતાના સુંદર સંયમથી સત્પુરુષોમાં માન્ય બને છે અને પોતાના આદર્શ ત્યાગ તથા તપશ્ચર્યાના :પ્રભાવે પરલોકમાં ઉત્તમ પ્રકારની દેવયોનિને અથવા સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે.

આવશ્યક્તા વિના ન બોલવું, બોલવું પડે ત્યારે ગળીને બોલવું. અસત્ય ન બોલવું, સત્ય બોલવું પણ તે સત્ય કઠોર અને બીજાની લાગણી ન દુભાય તેવું હોવું જોઈએ. પોતાના પ્રત્યેક વ્યવહારમાં પણ આજે કે પછી તે વચનથી પરને પીડા ન થાય તેવો વિવેક જાળવી વ્યવહારિક સંભાષણ કરવું.

આ વાક્યશુદ્ધિની વસ્તુ જેટલી શ્રમણ ભિક્ષુઓને અગત્યની છે તેટલીજ અથવા તેથી પણ વધુ ગૃહસ્થ સાધકને પણ જરૂરની છે. કારણ કે વાણીની શુદ્ધિ પર ક્રિયાની શુદ્ધિનો બહુ આધાર છે એટલુંજ નહિ પણ ક્રોધાદિ ષડ્રિપુઓ પર કાબુ લાવવા સારુપણ મૃદુ, સ્વલ્પ સત્ય અને સ્પષ્ટ વાણીની જરૂર છે.

એમ કહું છું:—

એ પ્રમાણે સુવાક્યશુદ્ધિ નામનું સાતમું અધ્યયન સમાપ્ત થયું.

આચારપ્રણિધિ

(સદાચારનો ભંડાર-સંગ્રહ)

૮

સદ્ગુણોને સૌ કોઈ ઇચ્છે છે. સૌને સજ્જન થવું ગ
પરંતુ સદ્ગુણોની શોધ કરી સાધના કરવાની તીવ્ર ઇચ્છા,
તમન્ના બહુ વિરલ જનોમાં જ સાંપડે છે.

સદ્ગુણોનો માર્ગ સહેલો નથી તેમ સુસાધ્ય પણ
સદ્ગુણોનો માર્ગ તો દુર્લભ તેમજ દુઃશક્ય છે.

માનસિક વૃત્તિના દુરાગ્રહો, કદાગ્રહો અને આન
બદલવી; તેને મન, વાણી અને કાયાનો સંયમ કરી
જેવા વિકટ પંથે વાળી દેવી તે કાર્ય [illegible]
સંકટ કરતાં પણ આકરું સંકટ છે.

તે સદ્વર્તનની આરાધના કરનારને શકિત હોવા
પણ ક્ષમા રાખવી પડે છે. જ્ઞાન, બળ, અધિકાર અને
હોવા છતાં સામાન્ય જનો પ્રત્યે પણ સમાનતા અને ન
પડે છે. વૈરીને વત્સળ ગણવાં પડે છે. અન્યના દુર્ગુ
કરવાં પડે છે. સેંકડો સેવકો હાજર હોવા છતાં -
સંયમી બનવું પડે છે. સેંકડો પ્રલોભનોના સરળ
પર મીટ ન માંડતાં ત્યાગની સાંકડી અને ગહન
કરવું પડે છે.

આ [illegible] પૂર્વક આગળ વધે જાય તે [illegible] શકે છે, પચાવી શકે છે અને તેનું રક્ષણ કરી શકે છે.

આવા સદાચારી સાધુને ક્યાં ક્યાં અને કેવી રીતે જાગૃત રહેવાનું હોય છે તે માનસિક, કાયિક અને વાચિક એમ સંયમના ત્રણે અંગોની ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુઓથી આપેલી સળંગ વિચારણા આ અધ્યયનમાં આપેલી છે કે જે સાધકના જીવન માટે અમૃત સમાન પ્રાણ પૂરે છે.

ગુરુદેવ બોલ્યા:—

[૧] સદાચારના ભંડારરૂપ સાધુતાને પામીને ભિક્ષુઓએ શું કરવું જોઈએ તે હું આપને ક્રમપૂર્વક કહીશ. હે ભિક્ષુઓ ! તમે મને સાંભળો.

[૨] પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, લીલું ઘાસ, વનસ્પતિ, વૃક્ષો અને બીજ તથા જે હાલતાં ચાલતાં પ્રાણીઓ છે તે બધા જીવો છે એમ મહર્ષિ (સર્વજ્ઞ પ્રભુ)એ કહ્યું છે.

નોંધ:—આ વિશ્વમાં ઘણાં તો એવા સૂક્ષ્મ જીવજંતુઓ હોય છે કે જે આંખથી દેખાતાં નથી છતાં વૃદ્ધિ, હાનિ, લાગણી ઇત્યાદિ પરથી જાણી શકાય છે કે એ જીવો છે. હમણાં વૈજ્ઞાનિક શોધથી વનસ્પતિમાં પણ મોટાં પ્રાણીઓ જેવીજ સુખ, દુઃખ, વિરહ, શોક, પ્રેમ ઈત્યાદિની લાગણીઓ છે તેવું સિદ્ધ થયું છે. સૌ જીવો પછી તે નાના હો કે મોટા, જીવવા ઇચ્છે છે, સૌને સુખ પ્રિય છે. માટે સુખના ઇચ્છુકે તેનું રક્ષણ કરી તેને સુખ પહોંચે તેમ સાવધાનીથી રહેવું અને વર્તવું જોઇએ.

[૩] તે જીવો પ્રત્યે હમેશાં અહિંસક વૃત્તિથી રહેવું જોઇએ. જે મન, વાણી અને કાયા (કર્મ)થી અહિંસક રહે છે તે સાધક તે પ્રમાણે કરવાથી આદર્શ સંયમી બને છે.

નોંધ:—જેમ ઉપયોગિતાઓ (જરૂરિયાતો) ઘટે તેમ હિંસા ઘટે અને જેમ જેમ હિંસા ઘટે તેમ તેમ અનુકંપા જાગૃત થાય. આથી સાચો

સંયમીજ સાચો અહિંસક કે અનુકંપક કહેવડાવવાને લાયક બની શકે છે. જે અસંયમી હોય તે અવશ્ય ઓછાવત્તા પ્રમાણમાં હિંસક હોયજ. પછી તે હિંસા સ્થૂળ જીવોની હો કે સૂક્ષ્મ જીવોની હો, પ્રત્યક્ષ હો કે પરોક્ષ હો, પોતે કરતો હો કે બીજા પાસે કરાવતો હોય તેમાં તે જાણ્યે અજાણ્યે અવશ્ય ભાગીદાર બનતો હોય છે. પછી ભલે તે કર્મથી હિંસક હો કે મનથી હિંસક હો પણ તે સાવ અહિંસક તો ન જ હોઈ શકે.

[૪] (હવે ક્રમપૂર્વક પ્રત્યેક જીવોની અહિંસા જૈન ભિક્ષુઓએ કેમ પાળવી તે બતાવે છેઃ—) સમાધિવંત સંયમી પૃથ્વી, ભીંત, સચિત્ત શિલા કે પૃથ્વીનું ઢેફું પણ પોતે ભાગે નહિ કે ખોતરે નહિ, બીજા પાસે ભંગાવે કે ખોતરાવે નહિ. તેમજ બીજો કોઇ તેવી સજીવ પૃથ્વીને ભાંગતો કે ખોતરતો હોય તો અનુમોદન આપે નહિ. આ પ્રમાણે ત્રણ કરણથી તથા મન, વચન અને કાયા એમ ત્રણ યોગોથી સંયમી હિંસા ન કરે.

[૫] તેમજ સજીવ પૃથ્વીપર કે સજીવ ધૂળથી ખરડાયેલા આસનપ બેસે પણ નહિ. પરંતુ જો આવશ્યકતા હોય તો જેની માલિકી તે વસ્તુ હોય તેની આજ્ઞા માગી લીધા બાદ તેનું પ્રમાર્જન ક પછીજ તે પર બેસે.

નોંધઃ—પ્રમાર્જન કરવાનું પ્રયોજન એ છે કે તેમ કરવાથી ? ધૂળ બાજુ પર થઈ જાય અને તેથી સૂક્ષ્મ જીવોનું પણ સંરક્ષણ ય. ક્રિયા માટે જૈનભિક્ષુઓ રજોહરણ નામનું ઉપકરણ (સંયમનું સાધન) પોતાની પાસે રાખે છે.

[૬] સંયમી ભિક્ષુ ઠંડુ પાણી, કરાનું પાણી કે સચિત્ત બરફનું ન સેવે (અર્થાત્ ન પીએ). પરંતુ અગ્નિથી પૂર્ણ તપાવે ધોવણનું નિર્જીવ થયેલું પાણીજ ગ્રહણ કરે અને વાપ

નોંધઃ—આગળ ચોથા અધ્યયનમાં કહેવાઇ ગયું છે કે પાણ કોઇ પણ શસ્ત્ર પડે તો તે નિર્જીવ થાય આથી ગોળ, અ

બીજી કોઈ વસ્તુ પડી હોય તો તે ઠંડુ પાણી પણ (અમુક કાળ વીત્યા પછી) અચેત (નિર્જીવ) બને છે. અને તેવું પાણી જો નિર્જીવ તેમજ શરીરસ્વાસ્થ્યને અનુકૂળ હોય તો ભલે અગ્નિતપ્ત ન હોય છતાં ભિક્ષુ તેને ગ્રહણ કરી શકે છે.

[૭] સંયમી મુનિ કદાચિત્ કારણવશાત્ પોતાનો દેહ સચેત પાણીથી ભિંજાયેલ હોય તો તેને વસ્ત્રથી ન લૂછે કે હાથેથી ન મસળે. તેમજ સચેત પાણીના જીવોની દયા જાણીને તે ભિંજાયેલા દેહને તે વખતે સ્પર્શ પણ ન કરે.

નોંધઃ—મળશંકા દૂર કરવા જતાં કે અન્ય કારણથી બહાર જઈ આવતાં માર્ગમાં અકસ્માત વરસાદ પડવાથી કાયા ભિંજાય ત્યારે કેમ વર્તવું તે માટે ઉપરની બિના છે. અન્યથા વરસાદ પડતો હોય ત્યારે ઉપરના આવશ્યક કારણ સિવાય પોતાના સ્થાનની બહાર નીકળવાની જૈનશાસ્ત્ર મુનિશ્રીને મના કરે છે.

[૮] મુનિ બળતા અંગારા, અગ્નિ, અગ્નિના કણો કે બળતા કાષ્ઠને સળગાવે નહિ, હલાવે નહિ તેમ ઠારે પણ નહિ.

[૯] વળી તાડના વીંજણાથી, પંખાથી, ઝાડની ડાળે કરીને કિંવા બીજી કોઈ વસ્ત્ર ઇત્યાદિ વસ્તુઓને હલાવીને પોતાના શરીરને વાયુ ન નાખે તેમજ બીજી આહારાદિ વસ્તુને ઠંડી કરવા માટે પણ વાયુ ન નાખે.

[૧૦] સંયમી ભિક્ષુ ઘાસ, વૃક્ષ, ફળ કિંવા કોઈ પણ વનસ્પતિનાં મૂળિયાને છેદે (કાપે) નહિ તેમજ ભિન્ન ભિન્ન પ્રકારનાં બીજો કે તેવી બીજી કાચી વનસ્પતિઓ ખાવાનો મનથી પણ વિચાર ન કરે.

[૧૧] મુનિ વૃક્ષોની ખીચોખીચ ઝાડીઓમાં ઉભો ન રહે તેમજ બીજ, લીલી વનસ્પતિ, પાણી, બિલાડીના ટોપ જેવી વનસ્પતિ તથા લીલ કે ફૂલ પર બેસે પણ નહિ.

[૧૨] સર્વ પ્રાણીઓની હિંસાથી વિરામ પામેલો ભિક્ષુ મન, વાણી કિંવા કર્મથી ત્રસ (હાલના ચાલના) જીવોની પણ હિંસા ન કરે.

પરંતુ આ વિશ્વમાં (નાના મોટા જીવોના) જીવનની જેવી વિભિન્નતા (ભિન્નભિન્નતા) છે તેને વિવેકપૂર્વક જોઈને સંયમમાં વર્તન રાખે.

નોંધ:—પાણી વગેરે સૂક્ષ્મ જીવોની દયા પાળનાર મોટા જીવોની લાગણી ન દુભાવાય તેવી સ્થૂળ વસ્તુને ભૂલી જાય છે. તેથી અહીં મન અને વાણીથી પણ સર્વ જીવોની લાગણી ન દુભવવી એવો સાર આપ્યો છે.

[૧૩] (હવે ભિક્ષુએ સૂક્ષ્મ જીવોની દયા માટે શું કરવું જોઈએ તે કહે છે:—) પ્રત્યેક જીવો પ્રત્યે દયા ધરાવનાર સંયમી ભિક્ષુ આ (કહેવાતા) આઠ (પ્રકારના) સૂક્ષ્મ જીવોને વિવેકપૂર્વક સમજીને તથા તેને જાણીને પછીજ ત્યાં બેસે, ઊભો રહે, અથવા સૂવે.

[૧૪] તે આઠ પ્રકારના કયા સૂક્ષ્મ જીવો છે ? એમ જ્યારે સંયમી ભિક્ષુઓ પ્રશ્ન કરે ત્યારે વિચક્ષણ અને મેધાવી ગુરુ આ પ્રમાણે કહે છે.

[૧૫] (૧) સ્નેહ સૂક્ષ્મ—ઓસ ધુંવર કે તેવું સૂક્ષ્મ પાણી, (૨) પુષ્પ સૂક્ષ્મ—વડ આદિનાં ફૂલો (૩) પ્રાણી સૂક્ષ્મ—સૂક્ષ્મ કુંથવા જેવા જંતુઓ, (૪) ઉત્તિંગ સૂક્ષ્મ—કીડી નગરાનાં દરો, (૫) પનક સૂક્ષ્મ—લીલફૂલ, (૬) બીજ સૂક્ષ્મ—બીજ (૭) હરિત સૂક્ષ્મ લીલા અંકુરાઓ અને (૮) અંડ સૂક્ષ્મ કીડી, માખી વગેરેનાં સૂક્ષ્મ ઈંડાઓ.

[૧૬] બધી ઇંદ્રિયોને નિયમમાં રાખનાર સંયમી ભિક્ષુ ઉપરનાં સૂક્ષ્મ પ્રાણીઓને જાણીને તે ન દુભાય તેમ સર્વ ભાવથી યોગપૂર્વક વર્તે.

[૧૭] સંયમી ભિક્ષુ નિત્ય ઉપયોગપૂર્વક (સ્વસ્થ ચિત્ત રાખી લક્ષ પૂર્વક) પાત્ર, કંબલ, શય્યાસ્થાન, ઉચ્ચાર ભૂમિ, પથારી આસનનું પ્રતિલેખન કરે.

નોંધ:—ચક્ષુથી કોઈ જંતુ છે કે કેમ તે જોઈ લેવું અને જો હોય તો તેને એક બાજુ ઇજા ન પહોંચે તેવી રીતે મૂકવાં તેની

ન પોતાની [illegible] કે જાત [illegible] માને. પરંતુ પોતાના [illegible], [illegible] કે [illegible] તેવી [illegible] [illegible] કરી ન શકે.

[૨૪] સંયમી પુરુષ કદી (ગાળિયાદ) [illegible] પણ વ્યાપારોમાં પ્રમાદ ન કરે અને [illegible] કરનાર જે આપ્ત [illegible] તથા (અકિંચનતાઈ) અનાસક્ત ભાવે સંયમી [illegible] ને વહન કરે.

[૨૫] કામભોગોનો ત્યાગ, [illegible] ઉપસર્ગો અને [illegible] મુનિઓના [illegible] અને [illegible] (મોક્ષને) પ્રાપ્ત કરીને કદી પણ [illegible] (લોભ) ન કરે.

નોંધઃ—[illegible], [illegible] અને [illegible] નિરોધ [illegible] [illegible] સ્વાભાવિક [illegible] પ્રસંગ પડ્યે [illegible] ન કરે. [illegible] ઉત્પન્ન થાય છે. [illegible] [illegible] છે.

[૨૬] સંયમમાં [illegible] સુખ ઉત્પન્ન કરે તેવા (મનોહર) શબ્દો (સાંભળીને તે) [illegible] રાગવૃત્તિ ન ધરે કિંવા [illegible] કે કઠોર સ્પર્શ [illegible] ને [illegible] દ્વેષ ન ધારણ કરે પરંતુ સમભાવથી તેને કેવળ સહન કરે.

નોંધઃ—[illegible] સ્થાનોમાં રાગ અને દ્વેષના નિમિત્તોમાં દ્વેષ થવો તે તો સ્વાભાવિક પ્રકૃતિસિદ્ધ વસ્તુ છે. [illegible] બન્નેમાં સમાનવૃત્તિ [illegible] શકે તેનું [illegible] અથવા તેવી વૃત્તિનો ઉપાસક તેજ [illegible] સાધક.

[૨૭] ભિક્ષુમાર્ગ ભૂખ, પિપાસા (તૃષા), ટાઢ, ગરમી, [illegible], [illegible] ઉત્પન્ન કરે તેવા પ્રસંગ, સિંહ ઇત્યાદિ પશુ કિંવા માનવ તરફનો [illegible] ઇત્યાદિ જે કંઈ પરિષહો (આકસ્મિક આવી

નોંધઃ—સાધક માત્ર ભૂલને પાત્ર છે. પછી તે ગૃહસ્થ હો કે ત્યાગી હો. પરંતુ તે નાની કે મોટી ભૂલ થયા પછી તુરત જ તેનું પ્રાયશ્ચિત કરી લેવું જોઈએ. તેવી ભૂલ ફરીથી ન થવા પામે તેજ પ્રાયશ્ચિતની પાકી કસોટી છે. વારંવાર પ્રાયશ્ચિત લેવા છતાં ભૂલ થઈ જતી હોય તો તે કાંતો સાચું પ્રાયશ્ચિત નથી. અથવા તો પ્રાયશ્ચિત તે ભૂલને માટે યોગ્ય નથી કે ઓછું છે તેમ સમજવું.

[૩૨] જિતેન્દ્રિય, અનાસક્ત અને શુદ્ધ અંતઃકરણવાળો સાધક ભૂલથી અનાચાર (અયોગ્ય કાર્ય) સેવાઈ ગયો હોય તો તેને છૂપાવી ન રાખે પરંતુ તુર્તજ ગુરુજનની સમક્ષ તેને પ્રકટ કરી તેનું પ્રાયશ્ચિત લઈ લે અને હમેશાં શુદ્ધ (નિષ્પાપી) થનો રહે.

[૩૩] વળી પોતાના આચાર્ય (ગુરુદેવ) મહાત્માનું વચન સ્વીકારે અને પછી કાર્યથી પૂર્ણ કરે.

નોંધઃ—આ શ્લોકમાં વિનયિતા બતાવી છે ઘણા સાધકો મહાપુરુષોની શિક્ષા વચનથી સ્વીકારે છે. પરંતુ વર્તનમાં જો તે શિક્ષા ન ઉતરે તો યથાર્થ લાભ થતો નથી. માટેજ વાણી અને વર્તન બન્નેમાં તે વસ્તુ લાવવી તેમ કહ્યું છે.

[૩૪] (ભોગોનાં પ્રત્યક્ષ સુખો શા માટે ત્યાગવાં તેના ઉત્તરમાં કહે છે કે:—) મનુષ્યજીવનનું આયુષ્ય બહુ પરિમિત (ટૂંકું) છે. અને પ્રાપ્ત થયેલું જીવન ક્ષણભંગુર છે માત્ર આત્મસંસિદ્ધ (વિકાસ)નો માર્ગ જ નિત્ય છે. એમ સમજી સાધક ભોગોથી નિવૃત્ત થાય છે.

નોંધઃ—જીવન અનિત્ય હોય તો ભોગોની અનિત્યતા તો સ્પષ્ટજ છે. અનિત્યતામાં આનંદનાં બિંદૂઓ નથી સાંપડતાં તેથી તત્ત્વજ્ઞ સાધક આસક્તિથી સ્વયં વિરમી જાય છે.

[૩૫] માટે સત્યના શોધક સાધકે પોતાનું મનોબળ, શારીરિક શક્તિ, આરોગ્ય, શ્રદ્ધા, ક્ષેત્ર અને કાળ જોઈને યોગ્ય રીતે પોતાના આત્માને ધર્મમાં જોડી દેવો ઘટે.

ગૃહસ્થનો પણ અતિ પરિચય ન કરે પણ સાધુજનોની સાથેજ પરિચય રાખે.

નોંધઃ—એકાંતમાં એકલી સ્ત્રી સાથે વાર્તાલાપ કરવાથી અન્યને શંકા ઉત્પન્ન થવાનો ભય છે. એકલા ગૃહસ્થ સાથેના અતિ પરિચયથી પણ શાસનભેદનો સંભવ છે માટે ભિક્ષુ સ્ત્રીઓ કે પુરુષો સાથે ઉપયોગ પૂરતોજ ધર્મસંબંધ રાખે.

[૫૪] જેમ કૂકડાનાં બચ્ચાંને હંમેશાં બિલાડીથી ભય રહ્યો હોય છે તેજ પ્રમાણે બ્રહ્મચારીને સ્ત્રીના દેહથી ભય રહે છે.

નોંધઃ—આ કથન ઉપરથી તો એકાંતવાદીજ લાગશે. પરંતુ ઊં[ડા] ઊતરી તપાસતાં તેની વાસ્તવિકતાનો ખ્યાલ આવી જશે. સ્ત્રીશરીરનો ભય રાખવો એટલે અતિપરિચય ન કરવો તેજ ભાવ છે. સ્ત્રીજાતિ પ્રત્યે પુરુષ કે પુરુષજાતિ પ્રત્યે સ્ત્રીને ઘૃણા લાવવા માટેનું આ કથન નથી તેમ [તેને હલકી] કહેવા માટે પણ નથી. પરંતુ બ્રહ્મચર્યના સાધક કે સાધિકાને કેટલું રહેવું જોઈએ તેની સાવધાની સૂચક આ કથન છે.

[૫૫] સાધક શૃંગારનાં ચિત્રવાળી દિવાલને (કે તે ચિત્રો પર ધ્યાન દઈને) જુએ નહિ કિંવા તત્સંબંધી ચિંતન કરે નહિ. સુસજ્જિત સ્ત્રીને પણ તેના અભિનય તરફ દૃષ્ટિ કરીને કે ચિંતવવાનો પ્રયત્ન કરે નહિ. કદાચ અકસ્માતથી દ તો સૂર્યની જેમ તેનાથી પણ તુરતજ દૃષ્ટિને પાછી ખે

નોંધઃ—સ્વાભાવિક રીતે સૂર્ય પર દૃષ્ટિ લાંબો વખત ટકી તેજ રીતે બ્રહ્મચારીની દૃષ્ટિ એવી સુમધુર રીતે કેળવાઈ જ તેને ઈરાદા પૂર્વક સ્ત્રીઓનાં રૂપ, લાવણ્ય, અભિનય ઇત્યાદિ ન થાય, અને ઈરાદો ન હોવા છતાં જોવાય તો તે પરથી તો તુરત નજર ખસી જોઈએ. તેજ રીતે સાધ્વી સ્ત્રીને પુ સમજી લેવું.

[૫૬] બ્રહ્મચારી સાધકે જેના હાથ અને પગ છેદાઈ કાન અને નાક કપાઈ ગયાં હોય કે વિકૃત થઈ

પૂરાં સો વર્ષ થઇ ગયાં હોય તેવી વૃદ્ધ અને બડાળ ... સંસર્ગ ત્યાગવો ઘટે.

નોંધઃ—બ્રહ્મચર્ય પાળનાર વ્યક્તિએ પુરુષે સ્ત્રી જોડે કિંવા સ્ત્રીએ પુરુષ જોડે સાથે રહેવાનું તો સર્વથા છોડીજ દેવું ઘટે. એકાંત એ વિકારની વાસનાનું ઉત્તેજક નિમિત્ત છે. વિકારનો રાક્ષસ વય, વર્ણ કે સૌંદર્યનો વિચાર કરવા સારુ થોભી શકતો નથી. કારણકે તે અવિવેકી, કુટિલ અને સર્વભક્ષી છે.

[૫૭] આત્મસ્વરૂપના શોધક માટે શોભા (શરીર સૌંદર્ય), સ્ત્રીનો સંસર્ગ અને રસવાળાં સ્વાદુ ખાણાંઓ એ તાલપુટ (ભયંકર) ઝેર જેવાં છે.

નોંધઃ—રસનેંદ્રિયનો જનનેન્દ્રિય સાથે ખૂબ ગાઢ સંબંધ હોવાથી તેવાં તીખાં તમતમતાં કે અતિ રસાળાં મિષ્ટાન્ન ઈત્યાદિ ભોજનો વિકૃતિ ઉત્પન્ન કરે છે. શરીરસૌંદર્ય અને ટાપટીપ તેમાં ઉત્તેજના લાવે છે. પછી ત્રીજો સ્ત્રીનો ગાઢ સંસર્ગ થાય એટલે આવી સ્થિતિમાં તો મહાસમર્થ મનસ્વી પુરુષોનું પણ પતન થવાનો સંભવ છે. જેમ ઝેર પીધા છતાં અમર રહી શકાય એ અપવાદ જવલ્લેજ હોય તેજ રીતે આ ત્રણ વસ્તુઓનું સતત સેવન હોવા છતાં પતન ન થવું તે તો આકાશકુસુમ જેવી અશક્ય વસ્તુ છે.

[૫૮] સ્ત્રીઓનાં અંગપ્રત્યંગ, આકાર, મીઠાં વેણુ અને સૌમ્ય નિરીક્ષણો (કટાક્ષો) એ કામ, રાગ (મનોવિકાર)ને વધારવાનાંજ નિમિત્તરૂપ છે. માટે શાણો સાધક તેનું ચિંતન ન કરે.

નોંધઃ—વિષયભાવના કિંવા વિકારી દ્રષ્ટિથી સ્ત્રીનાં અંગોપાંગ જોવાં એ પણ મહાન ભયંકર દોષ છે.

[૫૯] બધી પુદ્‌ગલ (જડ) વસ્તુઓનાં પરિણામને અનિત્ય સ્વભાવવાળાં જાણીને શાણો સાધક મનોજ્ઞ વિષયોમાં (મનગમતી ભિન્નભિન્ન પ્રકારની વસ્તુઓમાં) આસક્તિ ન રાખે અને અમનોજ્ઞ પદાર્થો પર દ્વેષ પણ ન લાવે.

[illegible]
[illegible]
[illegible]

વિનયસમાધિ

૯

પહેલો ઉદ્દેશક

વિનય એટલે વિશિષ્ટ નીતિ–વિશિષ્ટ કર્ત્તવ્ય.

સાધક જીવનનાં બે પ્રકારનાં કર્તવ્યો પૈકી સામાન્ય કરતાં વિશિષ્ટ કર્તવ્ય તરફ તેનું વિશેષ લક્ષ્ય હોવું જોઈએ, કારણકે સામાન્ય કર્તવ્ય ગૌણ છે. વિશિષ્ટ કર્તવ્ય એ મુખ્યછે. મુખ્ય ધર્મના પોષણ માટેજ સામાન્ય કર્તવ્યોની યોજના ઉપયોગી છે. જો વિશિષ્ટ કર્તવ્ય હણાતું હોય તો સામાન્ય કર્તવ્યની રક્ષા એ નિષ્પ્રાણ દેહની રક્ષા જેવી નિર્માલ્ય છે.

ગૃહસ્થનાં વિશિષ્ટ કર્તવ્યો, સાધકના વિશિષ્ટ કર્તવ્યો અને ભિક્ષુ શ્રમણનાં વિશિષ્ટ કર્તવ્યો ભિન્ન ભિન્ન હોય છે.

અહીં દરેક જિજ્ઞાસુઓના જીવનને સ્પર્શતા ઉલ્લેખો છે. પરંતુ એમાં પણ વિશેષ ભાર ગુરુકુળના શ્રમણ સાધકોનાં પોતાના ગુરુદેવો તરફનાં શાં શાં કર્તવ્યો છે? તે વર્ણન આ ઉદ્દેશકમાં વિશેષરૂપે છે.

સાધકને માટે ઉપકારક ગુરુને શાસ્ત્રકારો પરમાત્મા જેવી

ઉચ્ચ કોટિના કલ્પે છે, ગુરુદેવ એ સાધકના જીવનપંથના સહચારી ભોમિયા છે અને તેની નૌકાના સુકાન સમા છે. તેથી તેની શિક્ષાનો અસ્વીકાર કરવો અને તેની અવગણના કરવી તે આપત્તિ અને પતનને નોતરવા જેવું અણવિચાર્યું અને અકરણીય કાર્ય છે.

ગુરુદેવ બોલ્યા:—

[૧] જે સાધક અભિમાનથી, ક્રોધથી, છળકપટથી કે પ્રમાદથી ગુરુદેવ (સાધુસમુદાયના આચાર્ય) પાસેથી વિનય (વિશિષ્ટ કર્તવ્ય)ને શીખતો નથી તે અહંકાર વડે ખરેખર પોતાની પડતીનેજ નોતરે છે. અને જેમ વાંસનું ફળ વાંસનેજ નાશ કરે છે તેમ તેની પોતાનીજ પ્રાપ્ત થયેલી શક્તિ તેના પોતાનાજ નાશ તરફ તેને દોરી જાય છે.

[૨] વળી જેઓ પોતાના ગુરુને મંદ કે ઓછી ઉમ્મરના જાણીને અથવા તેમને થોડું જ્ઞાન છે તેમ ધારીને તેમની હીલના કરે છે, તેમને કટુવચનો કહે છે તેઓ ખરેખર ખોટા માર્ગે જઈને પોતાના ગુરુજનોની પણ આશાતના (અપમાન) કરે છે.

[૩] કેટલાક ગુરુઓ (વયના વૃદ્ધ હોવા છતાં) પ્રકૃતિથીજ બુદ્ધિમાં મંદ હોય છે. કેટલાક વયે નાના હોવા છતાં અભ્યાસ અને બુદ્ધિમાં આગળ વધેલા હોય છે. (જ્ઞાનમાં ન્યૂનાધિક ભલે હો) પરંતુ તે બધા સાધુજનોના આચારથી ભરપૂર અને ચારિત્રના ગુણોમાંજ પોતાના મનને લીન રાખનારા તપસ્વી પુરુષો હોય છે. તેઓનું અપમાન કરવું યોગ્ય નથી. કારણકે તેઓનું અપમાન અગ્નિની માફક સદ્‌ગુણોને ભસ્મ કરી નાખે છે.

નોંધઃ—ક્ષમા, દયા ઇત્યાદિ સદ્‌ગુણોના ધારક ગુરુઓ પોતે કોઈનું પણ અકલ્યાણ કરવા ઇચ્છતા નથી. પરંતુ તેવા મહાપુરુષોનું અપમાન

ઉચ્ચ કોટિના કલ્પે છે, ગુરુદેવ એ સાધકના જીવનપંથના સાચા ભોમિયા છે અને તેની નૌકાના સુકાન સમા છે. તેથી તેની શિક્ષાનો અસ્વીકાર કરવો અને તેની અવગણના કરવી તે આપત્તિ અને પતનને નોતરવા જેવું અણુવિચાર્યું અને અકરણીય કાર્ય છે.

ગુરુદેવ બોલ્યા:—

[૧] જે સાધક અભિમાનથી, ક્રોધથી, છળકપટથી કે પ્રમાદથી ગુરુદેવ (સાધુસમુદાયના આચાર્ય) પાસેથી વિનય (વિશિષ્ટ કર્તવ્ય)ને શીખતો નથી તે અહંકાર વડે ખરેખર પોતાની પડતીનેજ નોતરે છે. અને જેમ વાંસનું ફળ વાંસનોજ નાશ કરે છે તેમ તેની પોતાનીજ પ્રાપ્ત થયેલી શક્તિ તેના પોતાનાજ નાશ તરફ તેને દોરી જાય છે.

[૨] વળી જેઓ પોતાના ગુરુને મંદ કે ઓછી ઉમ્મરના જાણીને અથવા તેમને થોડું જ્ઞાન છે તેમ ધારીને તેમની હીલના કરે છે, તેમને કટુવચનો કહે છે તેઓ ખરેખર ખોટા માર્ગે જઈને પોતાના ગુરુજનોની પણ આશાતના (અપમાન) કરે છે.

[૩] કેટલાક ગુરુઓ (વયના વૃદ્ધ હોવા છતાં) પ્રકૃતિથીજ બુદ્ધિમાં મંદ હોય છે. કેટલાક વયે નાના હોવા છતાં અભ્યાસ અને બુદ્ધિમાં આગળ વધેલા હોય છે. (જ્ઞાનમાં ન્યૂનાધિક ભલે હો) પરંતુ તે બધા સાધુજનોના આચારથી ભરપૂર અને ચારિત્રના ગુણોમાંજ પોતાના મનને લીન રાખનારા તપસ્વી પુરુષો હોય છે. તેઓનું અપમાન કરવું યોગ્ય નથી. કારણકે તેઓનું અપમાન અગ્નિની માફક સદ્ગુણોને ભસ્મ કરી નાખે છે.

નોંધ:—ક્ષમા, દયા ઇત્યાદિ સદ્ગુણોના ધારક ગુરુઓ પોતે કોઈનું અકલ્યાણ કરવા ઇચ્છતા નથી. પરંતુ તેવા મહાપુરુષોનું અપમાન

વિષ પણ કદાચિત્ ન મારે. પરંતુ ગુરુનો તિરસ્કાર તો અફળ જાયજ નહિ. એટલે કે તેનાથી તો અવશ્ય મુક્તિનો માર્ગ નજ પ્રાપ્ત થાય. અર્થાત્ સંયમથી ભ્રષ્ટ જ થાય.

નોંધ:—ગુરુજનોનો તિરસ્કાર મોક્ષનો પ્રતિબંધક શત્રુ છે. તેમાં અપવાદને લેશ માત્ર સ્થાન નથી. આથી સાધક પુરુષોએ ઉપકારી ગુરુઓ પ્રત્યે સદા સુવિનીત રહેવું ઘટે.

[૮] જેમ કોઈ મૂર્ખ પોતાના મસ્તકથી પર્વતને ભાંગવા ઇચ્છે (તો પર્વતને બદલે પોતાનું માથુંજ ભાંગે), સૂતેલા સિંહને પાસે જઇ જગાડે અથવા ભાલાની અણી પર લાતનો પ્રહાર કરે (તો ભાલાને કશી ઇજા ન પહોંચે પણ પગના સેંકડો ખંડો થઇ જાય.) તો પોતેજ દુઃખી થાય છે. તેજ રીતે ગુરુજનોના તિરસ્કાર કરનારની પણ તેજ પ્રકારની દુઃખદ સ્થિતિ થાય છે.

[૯] પરંતુ કદાચિત્ (વાસુદેવ જેવા પુરુષો) પોતાની શક્તિથી કોઇ મસ્તક વડે પર્વતને ભેદી નાખે, કોપેલો સિંહ પણ કદાચ ભક્ષણ ન કરે તથા ભાલાની અણી પણ કદાચ ન ભેદે, પરંતુ ગુરુનો કરેલો તિરસ્કાર કે તેની અવગણના તો બરાબર સાધકના મોક્ષમાર્ગમાં બાધા ઉત્પન્ન કરેજ છે.

[૧૦] આચાર્ય દેવોની અપ્રસન્નતાથી અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને અજ્ઞાન આવવાથી મોક્ષમાર્ગમાં અંતરાય ઉભો થાય છે. માટે અબાધિત સુખ (મોક્ષગતિના સુખ)નો ઇચ્છુક સાધક હમેશાં ગુરુની કૃપા મેળવવામાંજ આનંદ માને.

[૧૧] જેમ અગ્નિહોત્રી બ્રાહ્મણ ભિન્નભિન્ન પ્રકારની ઘી, મધ ઇત્યાદિ પદાર્થોની આહુતિઓ તથા વેદના મંત્રપદો વડે અભિષિક્ત કરેલા હોમાગ્નિને નમસ્કાર કરે છે તેમ શિષ્ય અનંત જ્ઞાનને પામવા છતાં પણ પોતાના ગુરુની વિનયપૂર્વક ભક્તિ કરે.

પ્રમાણે ગુરુને પ્રસન્ન કરનાર આ માર્ગે પણ સત્યાર્થી નિર્ગ્રંથ આગમમાં પોતાના ગુણાનુસાર પારમાર્થિક સુખ-ભાજન બને છે.

નોંધ:—અહીં ગુરુ શબ્દ અધ્યયનમાં ગુરુ-આચાર્ય શબ્દ તરીકે આચાર્ય માટેજ વપરાયો છે.

[૧૬] શાસ્ત્રોનો જિજ્ઞાસુ અને તે દ્વારા અનુત્તર (સર્વોત્કૃષ્ટ) જ્ઞાન મેળવવાની ભાવનાવાળો ભિક્ષુ જ્ઞાન, દર્શન તથા શુદ્ધ ચારિત્રના ભંડારરૂપ, તથા શાંત, શીલ તથા બુદ્ધિથી યુક્ત સમાધિવંત એવા આચાર્ય મહર્ષિઓને વિનય અને ભક્તિથી સંતુષ્ટ કરે છે અને તેઓને આરાધી લે છે.

[૧૭] જે બુદ્ધિમાન સાધક હોય છે તે આ ઉપરનાં સુભાષિતોને સાંભળીને અપ્રમત્તપણે પોતાના આચાર્યદેવની સેવા કરે છે અને તે દ્વારા સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ઇત્યાદિ અનેક ગુણોને આરાધીને ઉત્તમ એવી સિદ્ધગતિને પ્રાપ્ત થાય છે.

નોંધ:—બ્રહ્મચર્ય, સંયમ, ગુરુભક્તિ, વિવેક મૈત્રી અને સમભાવ એ છએ મોક્ષાર્થી શ્રમણનાં સહચારી સદ્‌ગુણો હોવા જોઇએ. કારણ કે તેજ ઉન્નતિની સીડીનાં પગથિયાં છે તે વાત મુક્તિનો અધિકારી ન ભૂલે.

એમ કહું છું:—

(આ પ્રમાણે સુધર્મસ્વામીએ જંબૂસ્વામીને કહ્યું હતું.) એમ વિનયસમાધિ નામના અધ્યયનનો પ્રથમ ઉદ્દેશક સમાપ્ત થયો.

બીજો ઉદ્દેશક

જેમ વૃક્ષનું પ્રથમ મૂળ પછી સ્કંધ, શાખા, પ્રતિશાખા, પુષ્પ, ફળ અને રસ એમ ક્રમપૂર્વક સંવર્ધન થાય છે. તેજ પ્રકારે અધ્યાત્મ વિકાસક્રમની પણ ક્રમ પ્રમાણે ભૂમિકાઓ છે.

કોઈ મૂળ સિંચાયનું વૃક્ષ કે પાયા સિવાય ઘર બાંધવા જાય છે તે વૃક્ષનાં ફળ ખાઈ શકતો નથી અને ઘર બાંધી શકતો નથી. તેજ પ્રમાણે જે સાધક વિનયરૂપ મૂળનું યથાર્થ સેવન કર્યા વિના ધર્મવૃક્ષ વાવે છે તે સાધક મુક્તિ માર્ગમાં પૂર્ણ સફળતા પામી શકતો નથી.

ગુરુદેવ બોલ્યા:—

[૧] જેમ મૂળથી વૃક્ષનું થડ, થડમાંથી શાખા, શાખામાંથી પ્રતિશાખાઓ, શાખા અને પ્રતિશાખાઓમાંથી પાંદડાંઓ ઉત્પન્ન થાય છે અને પછી ક્રમથી તે વૃક્ષમાં ફૂલો, ફળો અને મીઠો રસ ઉદ્ભવે છે–

[૨] તેજ પ્રમાણે ધર્મરૂપ વૃક્ષનું મૂળ વિનય છે અને તેનું અંતિમ પરિણામ (એટલે કે રસરૂપ) મોક્ષ છે. તે વિનયરૂપી મૂળદ્વારા વિનયવાન શિષ્ય આલોકમાં કીર્તિ, અને જ્ઞાન પ્રાપ્ત કરી મહાપુરુષો દ્વારા પરમ પ્રશંસાને પામે છે અને ક્રમશઃ પોતાનો આત્મવિકાસ સાધી અને નિઃશ્રેયસ (પરમ કલ્યાણ) અર્થાત્ મોક્ષ પણ પામે છે.

નોંધ:—જે વૃક્ષનું ફળ મોક્ષ હોય તે વૃક્ષ કેવું મહત્ત્વશાળી હોવું જોઈએ તે મહત્ત્વ સમજાય તેવી સ્પષ્ટ વસ્તુ છે. અને તેથીજ તેવા ધર્મનું વર્ણન દશ૦ અ૦ ૧ ના પહેલા શ્લોકમાં ટૂંકરૂપે જ આપી દીધું છે. અહીં ધર્મને વૃક્ષની ઉપમા આપવાનો હેતુ એ છે કે ધર્મની ભૂમિકાઓનો પણ અનુક્રમ હોય છે. અનુક્રમ સિવાય વસ્તુનો સ્પર્શ કરાય તો તે લાભને બદલે અપથ્ય થવાથી ઉલટી હાનિ પહોંચાડે છે. તે સમજાવવા પુરતો આ પ્રયત્ન છે. સદ્ધર્મનું માહાત્મ્ય જેટલું વિશેષ તેટલુંજ વિનયનું પણ માહાત્મ્ય વિશેષજ હોવું જોઈએ. અહીં વિનયનો અર્થ વિશિષ્ટ નીતિ એટલે સજ્જનનું કર્તવ્ય. દયા, પ્રેમ, વિવેક, સંયમ, પરોપકાર, પરસેવા એ બધાં સજ્જનનાં કર્તવ્યો છે. આવાં કર્તવ્યો બજાવનાર વિનીત ગણાય. આવા વિનયથી મહાપુરુષોની કૃપા પ્રસાદી સાધ્ય બને છે. વિશ્વમાં સુયશની

[૬] તેમજ તેજ સેનાપતિની શિક્ષાને આધીન થયેલા હાથી ઘોડાઓ મહા યશ અને સમૃદ્ધિને પામી અતિ અતિ ભોગવતા દેખાય છે.

નોંધઃ—જે ઘોડાઓ તથા હાથીઓ શિક્ષિત નથી હોતા તેમ ભાર વહન કરવો પડે છે અને ત્યાં તેની કશી કદર કે કિંમત હોતી પરંતુ જે શિક્ષિત હોય છે તેની ત્યાં ખૂબ પ્રશંસા થાય છે. તેને સારાં ભોજનો ખાવા મળે છે. તેના ઉપર જરીયા ઝુલો વગેરે આ ગોઠવાય છે. તેની સેવા માટે ચાકરો તૈયાર હોય છે. તેજ દૃષ્ટાંતથી નીત આત્મા અને સુવિનીત આત્માઓનું સમજી લેવું.

[૭+૮] ઉપરના દૃષ્ટાંત પ્રમાણે આ લોકમાં પણ જે નરના અવિનીતપણે વર્તે છે તેને પણ ખૂબ માર પડવાથી કેટલા ઈંદ્રિયો ખોડીલી થઇ જાય છે કિંવા કેટલાક ઘવાયેલા બને

[૯] પરંતુ જે સ્ત્રી પુરુષોએ સુવિનીયની આરાધના કરી હોય છે આ લોકમાં મહા યશસ્વી અને મહાસંપત્તિને પામી સુખ ભો વતા દેખાય છે.

[૧૦] (જેઓ કદાચ દેવયોનિમાં પુણ્યકર્મથી જાય તોપણ વિન ધર્મથી જે વિરૂદ્ધ વર્ત્યા હોય છે તે જીવોની ત્યાં પણ શી ગ થાય છે તે કહે છેઃ—) અવિનીત જીવો દેવ, યક્ષ કે ભવનપ નામના દેવોરૂપે દેવયોનિમાં ઉત્પન્ન થાય તોપણ ચાકરપ પામીને દુઃખ ભોગવતાજ દેખાય છે

[૧૧] પણ જે સુવિનીત જીવાત્માઓ હોય છે તે દેવ, યક્ષ કે ભવન પતિ દેવ થઇને પણ ત્યાં મહા યશસ્વી તથા મહાસંપત્તિને પામીને સુખ ભોગવતાજ દેખાય છે. (આવી રીતે પશુ, માનવ કે દેવ ત્રણે સ્થિતિમાં સુખ અને દુઃખનો આધાર સદ્‌ગુણોની આરાધના પરજ છે.)

નોંધઃ—સુખ અને દુઃખનો અનુભવ આત્મવિશુદ્ધિ પર નિર્ભર છે અને આત્મ વિશુદ્ધિનો આધાર સદ્ધર્મની આરાધના પરજ હોય છે. બાહ્ય સંપત્તિ મેળવવી તે ભલે પુણ્યને આધીન હોય પરંતુ તેમાંથી સાંપડતું સુખ કે દુઃખ તે તો આત્મશુદ્ધિ અને આત્મમલિનતા પરજ આધાર રાખે છે. તેથીજ આત્મશુદ્ધિ કરવી તેજ જીવનનું મુખ્ય ધ્યેય છે એમ મહાપુરુષોએ કહ્યું છે. ઘણા સંપત્તિવાળા જીવો બિચારા પામર અને દુઃખી હોય છે છે ત્યારે કોઈ કોઇ સંપત્તિ ન હોવા છતાં સ્વાધીન અને સુખી હોય છે.

[૧૨] જે સાધકો પોતાના ગુરુ તથા વિદ્યાગુરુની સેવા કરે છે અને આજ્ઞા અનુસાર વર્તે છે તેઓની શિક્ષા (જ્ઞાન) પાણીથી સિંચાયેલાં વૃક્ષોની જેમ પ્રતિદિન વધ્યે જાય છે.

નોંધઃ—સત્પુરુષોની પ્રત્યેક ક્રિયાઓમાં સદ્બોધના ભંડારો ભર્યા હોય છે. તેઓની આસપાસનું વાતાવરણજ એટલું પવિત્ર હોય છે કે તેમાંથી જિજ્ઞાસુ અને સત્યશોધક સાધક જીવનના અગમ્ય કોયડાઓને ક્ષણમાત્રમાં ઉકેલી શકે છે.

[૧૩+૧૪] (હવે ગુરુના વિનયની આવશ્યકતા સમજાવે છેઃ—) ગૃહસ્થ લોકો પોતાની આજીવિકા માટે કે પરના (સગા સંબંધીના ભરણપોષણ) માટે માત્ર લૌકિક (આ લોકમાંજ) સુખોપભોગ અર્થે કળાના આચાર્યો પાસેથી તે તે કળાના નૈપુણ્યને શીખે છે. અને રાજા તથા શ્રીમંતના પુત્રો પણ ત્યાં તે વિદ્યા શીખવા માટે આવીને વધ, બંધન, માર અને દારૂણુ કષ્ટો સહન કરે છે.

[૧૫+૧૬] તેવી બાહ્ય જીવનના ભરણપોષણની શિક્ષા માટે તેવા શ્રીમંતના પુત્રો અને રાજકુમારો પણ તે કળા શીખવા સારુ (ઉપરનું કષ્ટ સહન કરે છે.) તે કળાચાર્યની સેવા કરે છે, તેને નમે છે, તેનો ભારી સત્કાર કરે છે અને પ્રસન્નતાપુર્વક તેમની આજ્ઞાને વશ થઇ વર્તે છે, તો પછી જે મોક્ષનો પરમ પિપાસુ

મુમુક્ષુ સાધક છે તે સાચું જ્ઞાન મેળવવા માટે શું ન
આયોજ મહાપુરુષોએ કહ્યું છે કે ઉપકારી ગુરુઓ જે કંઇ
કારી કહે તેનું ભિક્ષુ કદી ઉલ્લંઘન ન કરે.

નોંધઃ—જે રીતે જૈનદર્શનમાં ગુરુઆજ્ઞાનું માહાત્મ્ય ગાયું છે " આજ્ઞામાં જ ધર્મ બતાવ્યો છે " તે જ રીતે ગુરુની આદર્શતા ઉપર ભાર આપ્યો છે. નિઃસ્વાર્થતા, શુદ્ધ ચારિત્ર અને પરમાર્થ બુદ્ધિ એ ગુ વિશિષ્ટ ગુણો છે.

૧૭] (હવે ગુરુ તરફનો કાયિક વિનય બતાવે છેઃ-) સાધક [શય્યા, આસન, સ્થાન ગુરુ કરતાં નીચે રાખે. ચાલવામાં ગુરુના આગળ ન ચાલે અને નીચે નમીને ગુરુદેવના પાદકમલે વંદન કરે તથા ગુરુને હાથ જોડીને નમન કરે.

૧૮] પોતાનું શરીર કિંવા વસ્ત્ર ઇત્યાદિ જો ગુરુના શરીરે અડ લાગી જાય તો મારા આ " અપરાધને માફ કરો. હવે હું ફરી' તેમ નહિ કરું " એમ બોલી ફરીથી તે પ્રમાણે જ વિનયપૂર્વ વર્તન કરે.

૧૯] ગળિયો બળદ જેમ ચાબુક પડ્યા પછીજ રથને વહન કરે તેજ પ્રમાણે જે દુષ્ટબુદ્ધિ અવિનીત શિષ્ય હોય છે તે ગુરુદેવ વારંવાર કહે ત્યારેજ તે કાર્ય કરે છે.

૨૦+૨૧] પરંતુ ધીર સાધુએ તો ગુરુ એકવાર કહે કે વધુ વખત કહે પણ તે વખતે પોતાની શય્યા કે આસનપર બેઠાં બેઠાં પ્રત્યુત્તર ન આપતાં પોતાનું આસન શીઘ્ર છોડીને સેવાભાવપૂર્વક તેનો પ્રત્યુત્તર આપવો જોઇએ, તેમજ તે બુદ્ધિમાન શિષ્ય તર્કથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ગુરુશ્રીના અભિપ્રાયો અને સેવાના ઉપચારો જાણી તે તે ઉપાયોને સમય પ્રમાણે આદરે.

નોંધ—અહીં વિવેક અને વ્યવસ્થા જાળવવાનું કહી મૂર્ખતા કે ધશ્રદ્ધાને લેશ માત્ર સ્થાન નથી તેમ સમજાવ્યું છે.

તેવી પૂજ્યતાનો રંગ ત્યાં સુધી પ્રજામાં જડતા, મૂર્ખતા અને અદૂરદર્શિતા હોય છે ત્યાં સુધીજ ટકે છે. પરંતુ પ્રજામાં જ્યારે જ્ઞાન, ગુણગ્રાહકતા અને વિવેકબુદ્ધિ જાગે છે ત્યારે તે પૂજ્યતા રંગવિહોણી બની પામરતામાં પલટાઈ જાય છે.

આથીજ મહર્ષિજનો તેવી ક્ષણિક પૂજ્યતાને પ્રાપ્ત કરવાનો લેશમાત્ર નિર્દેશ કરતા નથી.

પૂજ્યતા જે ગુણોથી લભ્ય થાય છે તેજ ગુણોનો અહીં નિર્દેશ કર્યો છે.

ગુરુદેવ બોલ્યા:—

[૧] જેમ અગ્નિહોત્રી બ્રાહ્મણ અગ્નિની શુશ્રૂષા કરવામાં સાવધાન રહે તે પ્રમાણે શિષ્યે પોતાના ગુરુની સેવા કરવા માટે સાવધ રહેવું ઘટે. કારણકે આચાર્યની દ્રષ્ટિ અને ઇશારા પરથીજ જાણીને જે સાધક આચાર્યની ઇચ્છાઓને આરાધી લે છે (સમજી પૂર્ણ કરે છે) તેજ પૂજનીય બને છે.

[૨] જે શિષ્ય સદાચારની આરાધના માટે વિનય કરે, તેમની સેવા કરતો કરતો ગુરુજનોનું વાક્ય સાંભળી તેના કહેવા પ્રમાણે જ કાર્ય કરે અને ગુરુનું અપમાન ન કરે તેજ સાધક પૂજનીય બને છે.

[૩] જે પોતાથી જ્ઞાનમાં કે સંયમમાં વડીલ હોય તે વયમાં નાના હોય તોપણ તેનો વિનય કરે. વળી જે ગુણીજન પાસે નમ્રભાવે વર્તે તથા જે સત્યવાદી, વિનયી અને ગુરુજનોની આજ્ઞા પ્રમાણે ચાલનાર હોય તે પૂજનીય છે.

[૪] જે ભિક્ષુ સંયમયાત્રાના નિર્વાહ માટે હમેશાં સામુદાનિક, વિશુદ્ધ અને અજ્ઞાત ઘરોમાં ગોચરી કરે, પરંતુ ત્યાં આહાર ન મળે તો ખેદ ન કરે તેમ મળે તો બડાઇ ન મારે તે પૂજ્ય બને છે.

નોંધ:—સામુદાનિક ગોચરી એટલે શ્રીમંત કે ગરીબના ઘરનો ભેદ રાખ્યા સિવાય અનેકસ્થાને ભિક્ષા મેળવવી. અજાણ્યા ઘરોમાં પણ ભિક્ષાર્થે જવું. કારણ કે તેમ કરવાથી શુદ્ધ અને અદીન ભિક્ષા મળવી સુલભ થાય છે. કદાચિત્ ભિક્ષા ન મળે તો વિલાપ કરે નહિ અને મળે તો 'મેં મેળવ્યું' એવું અભિમાન લાવે નહિ.

[૫] સંથારો, શય્યાસ્થાન, આસન અને ભાતપાણી સુંદર કે અતિ મળવા છતાં અલ્પની ઇચ્છા રાખી જરૂરિયાત પૂરતુંજ લઇ જે પોતાના આત્માને સંતોષે તથા ન મળે તો પણ સદા ઉત્તમ પ્રકારના સંતોષમાં રક્ત રહે તે પૂજ્ય છે.

[૬] ઉત્સાહી મનુષ્ય વડે ધન કે તેવી કોઇપણ વસ્તુની આશાથી લોખંડના કાંટાઓ પર ચાલવું કે સૂવું શકય છે પણ કાનમાં બાણની માફક ખૂંચે તેવા કઠોર વાણી રૂપ કંટકોને કોઇપણ જાતના સ્વાર્થ વિના સહન કરવા તે બહુ બહુ અશક્ય છે છતાં તેને પણ જે સહન કરે છે તે ખરેખર પૂજનીય છે.

[૭] (લોખંડના કાંટાઓ કરતાં પણ વાણીના કાંટાઓ કેવા ભયંકર દુઃખદ હોય છે તે બતાવે છે:–) વળી લોખંડના કાંટાઓ તો મુહૂર્ત (બેઘડી) જ દુઃખ આપે છે અને તેને અંગમાંથી બહાર કાઢવા પણ સહેલા છે. પરંતુ કઠોર વચનના પ્રહારો હૃદયમાં એવા તો આરપાર પેસી જાય છે કે તેને કાઢવા સહેલા નથી; અને તે એવા તો ગાઢ વૈર કરનારા હોય છે કે તે દ્વારા અનેક અત્યાચારો અને દુષ્કર્મો થઇ જાય છે કે જેના પરિણામે જન્મો સુધી હલકી ગતિઓમાં દુઃખો સહેવાં પડે છે (એવા તે મહા ભયંકર હોય છે.)

નોંધ:—આ અનુભવી પુરુષોનું કેવું અનુભવ અમૃત છે! એક કઠોર વચનના પરિણામે કરોડો માનવોનો સંહાર! એક કઠોર વચનના પરિણામે ધાર્મિક સંસ્કારિતાના વિનાશ! અને એક કઠોર વચનના પરિણામે પવિ-

શસ્ત્રે વિજયી યોદ્ધાઓનાં પરાક્રમ મહાભારતના અને બીજા અનેક ઈતિહાસોમાં નથી નજરે ચડતાં? જ્યારે પણ કઠોર વચનના દુઃખબિંદુઓ ઝીલનારા વિરલા જ હોય છે. આથી જ વાચાની શુદ્ધિ પર મહર્ષિઓએ ખૂબ ભાર મૂક્યો છે.

[૮] કઠોર વચનના પ્રહારો કાને સાંભળવામાં આવતાંજ ચિત્તમાં કોઈ વિચિત્ર પ્રકારનો વિકાર કે જેને વૈમનસ્ય કહેવામાં આવે છે તેવું ઉત્પન્ન કરી દે છે. પરંતુ તેવાં કઠોર વચનોને પણ જે મોક્ષમાર્ગનો શૂરવીર અને જિતેન્દ્રિય ધીમંત સહિષ્ણુતાને પોતાનો ધર્મ માની પ્રેમપૂર્વક સહન કરે છે, તેજ પરમેશ્વર પૂજ્ય છે.

નોંધ:—ક્ષમા એ વીર પુરુષનું ભૂષણ છે. શક્તિ હોય તે જ સહન કરી શકે છે. પામર કદાચ ભયથી સહન કરે પણ તેના મનની વિક્રિયા કદી મટી શકતી નથી. તેવા પણ શસ્ત્રોના ઘા શિર પર ઝીલી લેનારા અને સામે પ્રહાર કરનારા લડવૈયા શૂરવીરો મળી શકે; પ્રતિક્રિયા કર્યા વિના દેહ-દુઃખ સહન કરનારા ત્યાગીઓ પણ મળી શકે; પરન્તુ વિના વાંકે શબ્દના બાણો અડતા હોય તેને પ્રેમપૂર્વક ખમી લેનારા તો વિરલ જ મળવાના.

[૯] જે સાધુ કોઈપણ મનુષ્યની પાછળ તેના કદી અવર્ણવાદ (નિંદા) ન બોલે, પ્રત્યક્ષમાં કદી વેરવિરોધ થાય તેવી ભાષા ન બોલે તથા નિશ્ચયાત્મક અને અપ્રિય કરનારી ભાષા પણ કદાપિ ન બોલે તેજ પરમેશ્વર પૂજ્ય છે.

નોંધ:—નિંદા જેવું કોઈ પણ વિષ નથી. જેની નિંદા કરાતી હોય તે આત્મા કદાચ દૂષિત હોય તો તેના દોષો નિંદા કરવાથી ઘટવાને બદલે વધે છે. જે નિંદા કરે તે પોતે તેવો જ દુષ્ટ બનતો રહે છે અને જેની પાસે નિંદા થતી હોય તે વાતાવરણ ગંદું અને ઝેરી બનાવે છે. આ દુર્ગુણદ્વારા પોતાનું અને સમાજનું એમ બન્નેનું હિત હણાય છે તેથી તે દુર્ગુણનો સર્વથા ત્યાગ કરવો.

[૧૦] જે અલોલુપી, અકૌતુકી (હાથચાલાકીની વિદ્યાથી રહિત), યંત્રઆદિ ઇંદ્રજાળ નહિ કરનાર, અમાયી (નિષ્કપટી) અને

[illegible]
[illegible]
[illegible] તેજ ખરેખર પૂજ્ય છે.

[૧૧] ' હે આત્મન્ ! સાધુ ગુણોથી જ સાધુ થાય છે અને અસાધુ પણ અસદ્‌ગુણોથીજ થાય છે માટે તું સાધુગુણોને ગ્રહણ કર અને અસાધુગુણો (અવગુણો) ને ત્યાગી દે. " આવી રીતે પોતાનાજ આત્માથી પોતાના આત્માને સમજાવીને જે રાગ અને દ્વેષના નિમિત્તોમાં સમભાવ રાખી શકે છે, તેજ ખરેખર પૂજનીય છે.

નોંધઃ—સદ્‌ગુણોની સાધનામાં જ સાધુતા છે અન્ય ચિહ્નોમાં નહિ. આવી વિચારણા જે જે સાધકમાં જાગૃત થાય છે તે જ સાચું સાધુત્વ આરાધી પોતાના દોષોને દૂર કરી શકે છે.

[૧૨] પોતાથી વડીલ હો કે નાની ઉમ્મરનો હો, સ્ત્રી હો કે પુરુષ હો, શિક્ષિત હો કે ગૃહસ્થ હો. કોઇની પણ જે નિંદા કે તિરસ્કાર ન કરે તેમજ અહંકાર અને ક્રોધને તિલાંજલિ આપી દે તેજ ખરેખર પૂજ્ય છે.

[૧૩] ગૃહસ્થ જેમ પોતાની કન્યાને યત્નપૂર્વક યોગ્યઠેકાણું મેળવી ત્યાં વરાવી દે છે તેજ પ્રમાણે શિષ્યથી પૂજાયેલા ગુરુદેવ પણ યત્નપૂર્વક જ્ઞાનાદિ સદ્‌ગુણોની પ્રાપ્તિ કરાવી ઉચ્ચ ભૂમિકાપર સાધકને મૂકી દે છે. એવા ઉપકારી અને માન આપવાને યોગ્ય મહાપુરુષોને જે જિતેન્દ્રિય, સત્યમાંજ સદા રક્ત અને તપસ્વી સાધક પૂજે તેજ ખરેખર પૂજનીય બને છે.

[૧૪] સદ્‌ગુણોના સાગર સમા તે ઉપકરી ગુરુઓનાં સુભાષિતો સાંભળીને જે બુદ્ધિમાન મુનિ પાંચ મહાવ્રતો અને ત્રણ ગુપ્તિઓ (મન, વચન અને કાયાના સંયમ)થી યુક્ત થઇ ચારે કષાયોનો ક્રમશઃ ત્યાગ કરતો રહે છે તેજ ખરેખર પૂજ્ય છે.

નોંધ:—અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું સંપૂર્ણ પાલન કરવું તે મહાવ્રતો છે.

[૧૫] આવી રીતે ગુણસાગર ગુરુજનની સેવા કરીને જૈનદર્શનનું રહસ્ય જાણવામાં નિપુણ અને જ્ઞાનયુક્ત વિનીત ભિક્ષુ પોતાના પૂર્વે કરેલાં પાપકર્મના મેલને પણ દૂર કરીને અનુપમ પ્રકાશવાળી મોક્ષગતિને પામે છે.

નોંધ:—લાભ કે હાનિમાં, તથા નિંદા કે સ્તુતિમાં સમાનતા, સંતોષ, જિતેન્દ્રિયતા એવા એવા સદ્ગુણોનો સ્વીકાર અને હીનવૃત્તિ, નિંદા, અને તિરસ્કાર જેવા દુર્ગુણોનો ત્યાગ તે જ પૂજ્યતાના લક્ષણ છે.

શ્રમણ કદી પૂજ્યતાને ચાહતો નથી. છતાં ગુણની સુવાસ પૂજ્યતાને ખેંચી આણે છે. આવો શ્રમણ શીઘ્ર પોતાનું સાધ્ય સાધી નિર્વાણના અનુપમ આનંદનો ઠીક ઉપભોગ કરી શકે છે.

એમ કહું છું:—

એ પ્રમાણે વિનયસમાધિ નામના અધ્યયનનો ત્રીજો ઉદ્દેશક પૂર્ણ થયો.

ચોથો ઉદ્દેશક

સમાધિ એટલે અધ્યાત્મશાન્તિનો અનુભવ. અધ્યાત્મશાંતિના પિપાસુ સાધકો સમાધિને સાધવા ઇચ્છે છે તે સમાધિનાં અહીં ચાર સાધનો સમજાવ્યાં છે. જે સાધુઓ તે સાધનોનો સાવધાનીથી ઉપયોગ કરે છે અને ભૂલચૂકોને સમજી સાથે સાથે તેના પરિહાર કરે છે તેજ સાધકો આગળ વધે છે. જે સાધનોનો દુરુપયોગ કરે છે તે પોતે પટકાઈ પડે છે અને સાથે સાથે સાધનોને પણ ગુમાવી બેસે છે. આ વસ્તુ બરાબર સમજાવવા સારુ શિષ્યને સંબોધીને

ગુરુદેવ બોલ્યા:—

શ્રી સુધર્મસ્વામીએ પોતાના શિષ્ય જંબૂસ્વામીને ઉદ્દેશીને આ પ્રમાણે કહ્યું હતું કે:—

હે આયુષ્મન્ ! ભગવાન મહાવીરે આ પ્રમાણે કહેલું તે મેં સાંભળ્યું છે. તે સ્થવિર (પ્રૌઢ અનુભવી) ભગવાને વિનયસમાધિનાં ચાર સ્થાનો વર્ણવ્યાં છે.

શિષ્યે કહ્યું:—હે પૂજ્ય ! તે સ્થવિર ભગવાનોએ કયાં ચાર સ્થાનો વર્ણવ્યાં છે ?

ગુરુદેવે કહ્યું:—તે સ્થવિર ભગવાનોએ આ ચાર વિનયસમાધિનાં સ્થાનો વર્ણવ્યાં છે તે આ પ્રમાણે છે:-(૧) વિનયસમાધિ, (૨) શ્રુત સમાધિ, (૩) તપસમાધિ અને (૪) આચારસમાધિ.

[૧] જે જિતેન્દ્રિય સંયમીઓ હમેશાં પોતાના આત્માને વિનયસમાધિ, શ્રુતસમાધિ, તપસમાધિ અને આચારસમાધિમાં આત્માને રમાડે છે તેજ ખરેખર પંડિત પુરુષો છે.

તે વિનયસમાધિના પણ જે ચાર ભેદો છે તે આ પ્રમાણે છે:- (૧) જે ગુરુની પાસેથી શિક્ષણ પ્રાપ્ત થયું છે તે ગુરુને મહા ઉપકારી જાણી તેની સેવા કરે, (૨) તેની સમીપમાં રહી વિનય જાળવે, (૩) ગુરુના વચનનું યથાર્થ પાલન કરે અને (૪) વિનયી હોવા છતાં અહંકારી ન બને. તે પૈકી ચોથું પદ ખાસ યાદ રાખવું. અહીં આ પ્રમાણે તે વિષયનો શ્લોક કહે છે:—

[૨] મોક્ષાર્થી સાધક હિતશિક્ષાને સદા ઇચ્છે. ઉપકારી ગુરુની સેવા કરે, ગુરુની સમીપમાં રહી વચનનું પાલન કરે અને અભિમાનના મદથી અહંકારી ન બને તેજ વિનયસમાધિનો આરાધક ગણાય છે.

"ચાર પ્રકારની શ્રુતસમાધિ કહેવાય છે તે આ પ્રમાણે મેં સાંભળી છે" એમ ગુરુદેવ બોલ્યા: તે આ પ્રમાણે છે:—(૧) "અભ્યાસ કરવાથી મને સૂત્રસિદ્ધાંતનું પરિપક્વ જ્ઞાન થશે" તેમ [illegible] અભ્યાસ કરે, (૨) "અભ્યાસ કરવાથી મારા ચિત્તની એકા-

અતા કેળવાશે" તેમ ધારી અભ્યાસ કરે, (૩) "મારા આત્માને સદ્ધર્મમાં બરાબર સ્થિર કરીશ" એમ માની અભ્યાસ કરે અને (૪) જો હું ધર્મમાં બરાબર સ્થિર હોઈશ તો અન્યને પણ ધર્મમાં સ્થાપી શકીશ. તે પ્રમાણે ચાર પદો થાય છે. તે પૈકી ચોથું પદ ખાસ યાદ રાખવું. અહીં તે વિષયનો શ્લોક કહેવાય છેઃ—

[૩] શ્રુતસમાધિમાં રક્ત થયેલો સાધુ સૂત્રોને ભણીને જ્ઞાનની, એકાગ્રચિત્તની, ધર્મસ્થિરતાની અને અન્યને ધર્મમાં સ્થિર કરવાની શક્તિ કેળવે છે. માટે સાધકે શ્રુતસમાધિમાં રક્ત થવું ઘટે.

ચાર પ્રકારની ખરેખર તપસમાધિ પણ થાય છે અને તે આ પ્રમાણે છેઃ-(૧) સાધક ઐહિક સ્વાર્થ (આલોકના સુખ) સારુ તપ ન કરે, (૨) પારલૌકિક (સ્વર્ગાદિ) સુખ સારુ તપ ન કરે, (૩) કીર્તિ, વર્ણ, (શ્લાઘા) શબ્દ કે શ્લોકને માટે તપ ન કરે અને (૪) નિર્જરા (પાપકર્મને વીખેરવું તે) સિવાય કોઈપણ બીજા કારણે તપ ન કરે.તે પૈકી ચોથા પદને બરાબર યાદ રાખે. તેનો શ્લોક આ પ્રમાણે છેઃ-

[૪] તપસમાધિમાં હમેશાં જોડાયેલો સાધક ભિન્નભિન્ન પ્રકારના સદ્‌ગુણોના ભંડારરૂપ તપશ્ચર્યામાં હમેશાં રક્ત થાય અને કોઈપણ પ્રકારની આશા રાખ્યા સિવાય તે નિર્જરાર્થીજ (કર્મને ક્ષીણ કરવાની ભાવના રાખનાર) બને તો તે સાધુ તપદ્વારા તે પ્રાચીન પાપોને પણ દૂર કરી શકે.

નોંધઃ—સર્વ દિશાવ્યાપી યશને કીર્તિ, અમુક દિશાવ્યાપી યશને વર્ણ. ગામમાં જ ફેલાતાં યશને શબ્દ અને કુળમાં જ ફેલાતા મર્યાદિત યશને શ્લોક કહેવાય છે.

આચારસમાધિ પણ ચાર પ્રકારની હોય છે. તે આ પ્રમાણે છેઃ— કોઈ પણ સાધક (૧) ઐહિક સ્વાર્થ સારુ શ્રમણના સદાચારોને ન સેવે, (૨) પરલૌકિક સ્વાર્થ સારુ પણ સદાચારોને ન સેવે, (૩) કીર્તિ, વર્ણ, શબ્દ કે શ્લોકને માટે પણ સાધુના આચારો ન પાળે અને (૪) (અર્થાત્)

આર્હંત દેવોએ ફરમાવેલા નિર્જરાના હેતુ સિવાય બીજા કોઈ માટે આચાર ન પાળે. તે ચોથું પદ આચાર સમાધિ છે. આનો શ્લોક આ પ્રમાણે છે:—

[૫] જે સાધુ જિતેન્દ્રિય બની આચારથી (ચારે સમાધિથી) આત્મસમાધિને અનુભવે છે, જિનેશ્વરોના વચનમાં અનુરક્ત થઈ ગયો હોય છે, વાદવિવાદોથી વિરક્ત અને સંપૂર્ણ સાધક બનીને જે આત્મમુક્તિની નિકટ ગયેલો હોય છે—

[૬] તે સાધુ ચાર પ્રકારની આત્મસમાધિને આરાધી, સુવિશુદ્ધ મન તથા ચિત્તની સુસમાધિ સાધીને પરમ હિતકારી અને એકાંત સુખકારી એવું પોતાનું કલ્યાણસ્થાન સ્વયં પ્રાપ્ત કરે છે.

[૭] આથી તે જન્મ અને મરણના ચક્રથી તથા દુઃખની લાગણી સર્વથા મુક્ત થઈ શાશ્વત (કાયમી) સિદ્ધ થાય છે. અથવા થોડાં પૂર્વકર્મ બાકી રહી ગયાં હોય તો મહાન ઋદ્ધિશાળી સર્વોત્તમ કોટિનો દેવ બને છે.

નોંધ:—જે તપમાં ભૌતિક વાસનાની ગંધ નથી, જે તપમાં કીર્તિ કે પ્રશંસાની આકાંક્ષા નથી, માત્ર કર્મમળથી મુક્ત થવા સારુ જ જે આદરે છે તે જ આદર્શ તપશ્ચર્યા છે. જે આચારમાં આત્મદમન, મૌન સમાધિ છે એ જ સાચો આચાર છે.

જે વિનયમાં નમ્રતા, સરળતા અને સેવાભાવ છે એ જ વિનય છે. જે જ્ઞાનથી એકાગ્રતા અને સમભાવ સધાય છે તે જ સાચું જ્ઞાન છે.

એમ કહું છું:—

એ પ્રમાણે વિનયસમાધિ નામનું નવમું અધ્યયન પૂર્ણ થયું.



ભિક્ષુ નામ

આદર્શ સાધુ

૧૦

વૈરાગ્યના ઉદ્રેકથી જ્યારે હૃદય વાસિત બને છે ત્યારેજ ત્યાગ પર પ્રેમ જાગે છે, ત્યાગની લગની લાગે છે અને તે મુમુક્ષુ હોઇ ગુરુદેવને શોધી ત્યાગમાર્ગની વિશાળ વાટિકામાં વિહાર કરે છે.

આસક્તિ અને સ્વચ્છંદતાના ત્યાગનો એકરાર કરી, પ્રતિજ્ઞા લઇ કડક નીતિનિયમો સ્વીકારે છે.

આવી યાવજ્જીવનની તીવ્ર પ્રતિજ્ઞા લેનાર ત્યાગીની આધ્યાત્મિક, ધાર્મિક અને સામાજિક દૃષ્ટિએ કેટલી જવાબદારી હોય છે તે આ અધ્યયનમાં વર્ણવ્યું છે.

ગુરુદેવ બોલ્યાઃ—

[૧] (બુદ્ધ પુરુષોના ઉપદેશ કે કોઇ નિમિત્તથી) ગૃહસ્થાશ્રમને છોડીને ત્યાગી થયેલો ભિક્ષુ હમેશાં જ્ઞાની પુરુષોના વચનમાં રક્ત રહે અને તેની આજ્ઞા પ્રમાણે વર્તે, નિત્ય ચિત્તસમાધિ જાળવે, સ્ત્રીઓના પાશમાં ન પડાય અને વમેલા ભોગોને પાછા ભોગવવા ન ઇચ્છે તેજ આદર્શ ભિક્ષુ છે.

[illegible] * [illegible] જીવોની [illegible] છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ તેમજ ત્રસ છે. પરંતુ [illegible] તેની વ્યાખ્યા પ્રમાણે જોવાની નથી. [illegible] અહિંસા સંપૂર્ણ [illegible] [illegible] સાધ્ય નથી. માટેજ ગૃહસ્થાશ્રમમાં તેની મર્યાદા છે. [illegible] ત્યાગી જીવનમાં આવી અહિંસા જરૂર સાધ્ય છે. તેથી ત્યાગી સાધુ તેવી સૂક્ષ્મ અહિંસા પણ સર્વથા પાળતા આવ્યા છે.

[૩] પંખા વગેરે સાધનથી પવન પોતે ન નાખે, ન બીજાને નંખાવે અને વનસ્પતિઓને પણ ન છેદે કે ન છેદાવે; માર્ગમાં સચેત બીજો પડ્યાં હોય તો તેને છોડીને ચાલે અને ભિક્ષા સચેત હોય તો ન લે તે આદર્શ ભિક્ષુ ગણાય છે.

[૪] જે પોતાને (માટે) ઉદ્દેશીને બનાવેલી ભિક્ષા ન લે તેમજ સ્વયં ભોજન ન પકાવે કે અન્યદ્વારા પણ ન પકાવે તેજ અ અહિંસક ભિક્ષુ છે, કારણ કે ભિક્ષા પકાવવાથી પૃથ્વી, કાષ્ઠ અને તેને આશ્રયે રહેલા ઇતર જીવોની પણ હિંસા માટે ભિક્ષુ તેવી હિંસક પ્રવૃત્તિને છોડી દે.

નોંધઃ—અહીં શંકા થાય કે સાધુજીવનમાં પણ ખોરાકની અપેક્ષા તો છે જ તો પોતે ન પકાવે તો તેને માટે બીજા પકાવશે અને બીજો પકવે તો તે પકાવનાર માણસનો ઉપયોગી સમય, તકલીફ અને પદાર્થનો વ્યય થશે અને સાધુ મહારાજોના નિમિત્તે તે તેટલો વધુ પાપનો ભાગી બનશે; તો આટલી ઉપાધિમાં બીજાને નાખી પોતાનો સ્વાર્થ સાધવો તેમાં વિશ્વોપકારક ભગવાન મહાવીરની અહિંસા કેવી રીતે જળવાઇ શકશે ?

આનું સમાધાન સ્પષ્ટ છે કે સાધુજીવન એટલે નિઃસ્વાર્થી, નિઃસ્પૃહી અને સ્વતંત્ર જીવન. નિઃસ્વાર્થતા, નિઃસ્પૃહતા અને સ્વતંત્રતા એટલી બધી નિર્લેપી વસ્તુઓ છે કે તે પોતે પોતાના ભારપર ટકી રહે છે એટલુંજ નહિ બલ્કે બીજાનો ભાર પણ ખેંચી શકે છે. જે હલકી વસ્તુ હોય તે ઉપર જ રહે અને પોતા પ્રત્યે અન્યને પણ આકર્ષે. આમ હોવાથી જ્યાં સાધુજીવન હોય છે ત્યાં શાંતિ હોય છે. વિશ્વના જીવ માત્ર શાંતિના પિપાસુ હોવાથી તે તરફ સ્વયં આકર્ષાય છે. ત્યાગ તરફનું આ આકર્ષણ તે જ ભક્તિતત્ત્વ. આ ભક્તિતત્ત્વ માનવહૃદયમાં રહેલા અર્પણતાના ગુણને બહાર ખેંચી લાવે છે.

જગતના પદાર્થોનો જે જીવાત્મા જેટલો ઉપભોગ કરતો હોય છે તેમાં તેની અધિક મેળવવાની સતત સ્વાર્થવૃત્તિ (તૃષ્ણા) તેના હૃદયની ઉંડાણમાં રહેલી હોય છે. તેથી તે પોતાની આવશ્યકતા કરતાં વધુને વધુ પદાર્થોનો સંચય કરી બેઠો હોય છે. અથવા પૂરતું મળ્યું હોય તો તેથી અનેકગણું મેળવવાની ઈચ્છા સેવતો હોય છે. જ્યારે તેનામાં અર્પણતાનો ગુણ પ્રકટ થાય છે ત્યારે તેની સ્વાર્થવૃત્તિ પ્રથમ તો દાન કે પરોપકારનું રૂપ પકડે છે. આવી આવી વૃત્તિના પ્રભાવે આ જગતમાં સાધનહીન અને અશક્ત જીવોના નિર્વાહો થયા કરે છે.

પરન્તુ તે દાનવૃત્તિ કે પરોપકારવૃત્તિનો આદર્શ ભિક્ષુઓ જો લા લે તો તેટલો જ ઇતર એટલે કે અશક્ત જીવોમાંથી ભાગ પડે, આથી તેથી આગળ વધી જ્યારે માનવહૃદયમાં સંયમવૃત્તિ જાગે છે, અર્થા પોતાની જાત માટે ઓછો ઉપભોગ લઇને એટલે કે તેમાંથી જ વધા પોતાના પૂજ્ય પાત્રને અર્પે છે ત્યારે તે ભિક્ષુઓ તેટલા અર્પેલા ખોરાક [illegible]નો નિર્વાહ કરી લે છે. આથી જૈનભિક્ષુઓ કેવી વૃત્તિયો [illegible] તે માટે ભ્રમરનું દ્રષ્ટાંત આપ્યું છે. જુઓ દશ૦ સૂ૦ અ૦ ૧

સંગ ન કરે) અને કોઇની કુતૂહલ, હાંસી કે મશ્કરી પણ ન કરે તેજ સાચો ભિક્ષુ છે.

૨૧] (તેવો ભિક્ષુ શું પામે છે?) તેવો આદર્શ ભિક્ષુ હમેશાં કલ્યાણમાર્ગમાં પોતાના આત્માને સ્થિર રાખી નશ્વર અને અપવિત્ર દેહવાસને છોડીને અને જન્મમરણનાં બંધનોને સર્વથા છેદીને અપુનરાગમન (જ્યાંથી પુનઃ આગમન થતું નથી તેવી મોક્ષસ્થિતિની) ગતિને પ્રાપ્ત થાય છે (પામે છે).

નોંધ:—પોતાના અંતરાત્માની વંચના થાય તેવાં કોઇપણ કાર્યો ન કરે અને જે કાર્ય ઇતર ગૃહસ્થ કે ભિક્ષુ જાણીને ઘૃણા લાવે તેવાં કાર્યોનો પણ સદંતર ત્યાગ કરી ભિક્ષુસાધક કેવળ સમાધિ માર્ગમાંજ વિચરે અને અંતરાત્માની મોજમાં મસ્ત રહે.

એમ કહું છું:—

એ પ્રમાણે ભિક્ષુ નામ નામનું દસમું અધ્યયન પૂર્ણ થયું.



રતિવાક્ય ચૂલિકા

(સંયમથી કંટાળેલા સાધકને પ્રેમ ઉત્પન્ન કરનારાં વાક્યો)

૧૧

ભિક્ષુજીવન એ ગૃહસ્થજીવન કરતાં સંયમ અને ત્યાગની દૃષ્ટિએ સોગણું ઉચ્ચ અને સાત્વિક છે. તેમ છતાં તેની પણ સાધક સ્થિતિ જ છે.

સાધક દશાની ભૂમિકા ગમે તેવી ઉચ્ચ હોવા છતાં જ્યાં સુધી તે સાધક આત્મ સાક્ષાત્કારની સ્થિતિમાં સ્થિર થયો ન હોય, જ્યાંસુધી તેની વાસનાનાં ઊંડાં ઊંડાં બીજ બળી ને ખાક ન થઈ જયાં હોય ત્યાંસુધી તેને પણ નિયમોની વાડને સુરક્ષિત રાખી અનુસરવાનું રહે છે. લાખો કરોડોનો પૂજ્ય અને પ્રેરક હોવા છતાં ધાર્મિક નિયમોની સત્તા આગળ તેને પણ શિર નમાવવાનું હોય છે. કારણ કે અધ્યાસની અસરનો લેપ એટલો તો ચિરસ્થાયી અને મજબૂત હોય છે કે જે ચીજનો વર્ષો થયાં ત્યાગ કર્યો હોય, જેનો સંકલ્પ પણ ન હોય તેવી સ્થિતિમાં પણ સહજ નિમિત્ત મળતાં મનને દુષ્ટ વૃત્તિ તરફ દોરી લેવામાં તે અધ્યાસ ફતેહમંદ નીવડી પડે છે. આવી વૃત્તિનો વેગ શિથિલ મનના સાધક પર તુરત અસર કરી મૂકે છે. જ્યારે મન આવી ચંચળ અને પામર સ્થિતિમાં હોય ત્યારે તેના દુષ્ટ વેગને દબાવી પુનઃ સંયમમાર્ગમાં સ્થિર શી

...સ્વરૂપની ઉપમા તે કેવું બંધબેસતી છે કે ક્યાં તે અમરીક સુખ અને ક્યાં તે નારકીઓનાં દુઃખ! તે જ રીતે ક્યાં તે સંયમી જીવ-નો આનંદ અને ક્યાં તે પતિત જીવનની સ્થિતિ! સંયમજીવનની ઉચ્ચતામાં જ આનંદ હોય છે અને તેના હૃદયમાં ખરું ઉલ્લાસપૂર્ણ થઈ રહ્યા કરે છે.

[૨] પ્રથમ જે ત્રિદશોનો વંદનીય હોય છે અને ભ્રષ્ટ થયા પછી અવંદ્ય (તિરસ્કારને પાત્ર) બને છે ત્યારે પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયેલી (સ્વર્ગથી ચ્યુત થયેલી) દેવીની માફક તે ખૂબ પરિતાપ પામે છે.

[૩] પ્રથમ જે સદા પુરુષોનો પણ પૂજ્ય હોય છે અને પછી તેજ અપૂજ્ય બને છે ત્યારે રાજ્યથી ભ્રષ્ટ થયેલા રાજાની માફક તે ખૂબ પરિતાપ પામે છે.

[૪] પહેલાં જે માન્ય હોય છે અને પછી તેજ (ત્યાગાશ્રમથી ભ્રષ્ટ થઈ) અમાન્ય થાય છે ત્યારે એકુની જીંદગીમાં પટકાયેલા (અથવા સાવ નાના ગામડામાં અનિચ્છાએ મૂકાયેલા) ધનિક શેઠની માફક પરિતાપ કરે છે.

નોંધ:—પતિત થઈ હલકા કુળમાં ગયેલો અથવા ધનહીન બની હલકા સ્થાનમાં ગયેલો શેઠ જેમ પૂર્વની સ્થિતિ સંભારીને જીવન પર્યન્ત ખેદ કર્યા કરે છે તેમ મુનિવેશ ત્યાગી ગૃહસ્થજીવનમાં ગયેલો સાધક પરિતાપ કરે છે.

[૬] ભોજનની લાલચે ત્યાગાશ્રમને તરછોડી ગૃહસ્થ જીવનમાં ગયેલો સાધક જ્યારે યૌવન વયથી પરવારીને જરાવસ્થાથી ગ્રસ્ત થયેલો બૂઢો બને છે ત્યારે જાળમાં મૂકેલી વસ્તુ ખાવાની લાલચે લોખંડના કાંટામાં ફસાયેલ માછલાંની માફક ખૂબ પીડા પામે છે.

[૭] અને જ્યારે તે પોતાના મળેલા ક્લેશકારી કુટુંબની ચારેકોરની ચિંતાઓથી ઘેરાય છે–દબાય છે ત્યારે તો બંધનમાં ફસાઈ પડેલા હાથીની માફક ખૂબ પરિતાપ કર્યા કરે છે.

ઉત્તમ સુખ અને ત્યાગમાર્ગથી ભ્રષ્ટ થયેલા પતિતોનું નરક સમાન અત્યંત દુઃખ એ બન્નેની તુલના કરીને પંડિત સાધુએ ત્યાગ માર્ગમાં આનંદપૂર્વક રહેવું ઘટે.

નોંધઃ—ત્યાગથી પ્રાપ્ત થતું આધ્યાત્મિક સુખ એ તો અનુપમ સુખ છે. તેની તુલના સ્વર્ગીય સુખ સાથે ન જ કરી શકાય. પરન્તુ અહીં તો જેમ મનુષ્યજીવન કરતાં દેવજીવન ઉત્કૃષ્ટ છે તેમ ગૃહસ્થજીવન કરતાં ત્યાગી જીવન ઉત્કૃષ્ટ છે અને માનવજીવન કરતાં નરકજીવન નિકૃષ્ટ છે તેમ આદર્શ જીવન કરતાં પતિત ગૃહજીવન નિકૃષ્ટ છે તે બતાવવા પૂરતું ઉપરનું ઉપમાવાક્ય છે.

[૧૨] ધર્મથી ભ્રષ્ટ અને આધ્યાત્મિક સંપત્તિથી પતિત થયેલા દુર્ગંધ મુનિનો; અલ્પ તેજ થઇ ઠરી ગયેલા યજ્ઞના અગ્નિ અને ભયંકર ઝેરી છતાં દાઢો ખેંચી લીધેલા સર્પની માફક, દુરાચારીઓ પણ તિરસ્કાર કરે છે.

નોંધઃ—સર્પનું ઝેર ઠાલવવાનું સાધન ગયા પછી તેને બાળકો પણ સતાવે છે, યજ્ઞનો અગ્નિ પવિત્ર મનાય છે છતાં તેજ ગયા પછી તેની કશી કિંમત રહેતી નથી અને દેહમાંથી ચેતન ગયા પછી તે દેહની કિંમત પણ રહેતી નથી તેમ સાધુધર્મરૂપ આત્મા ગયા પછી તે સાધક નિશ્ચેત બની જાય છે તેથી તેની દશા એક હલકા વર્તનવાળા ગૃહસ્થ કરતાં પણ ઘૃણાપાત્ર બની જાય છે

[૧૩] ધર્મથી પતિત થયેલા અધર્મને સેવનારા અને પોતાના વ્રત નિયમોથી ભ્રષ્ટ થયેલા સાધુને આ લોકમાં પણ ચારિત્રની ક્ષતિ, અધર્મ, અપયશ અને હલકાં માણસોમાં પણ નિંદા ઇત્યાદિ ગેરલાભો થાય છે. અને જીવનના અંતે પરલોકમાં પણ અધર્મના ફળસ્વરૂપે તેને અધમગતિ મળે છે.

] જે સાધક બેદરકાર (દુષ્ટ) ચિત્તના વેગને વશ થઈ ભોગોને ભોગવવા સારુ તે તે પ્રકારના અસંયમ (સંયમથી વિરૂદ્ધ વર્તનને આચરીને જેની કલ્પના ન કરી શકાય તેવી દુઃખદ (નરક)

રિક ચક્ષુઓ ઉઘડી ગયાં છે અને જેના પ્રાણોમાં ચેતનાશક્તિની ઝણઝણાટી લાગી છે તે પોતાના કષ્ટપ્રદ ભાવીને સ્પષ્ટ જોઈ શકે છે. અને પોતાના વીર્યનો ઉપયોગ તેને વધાવવામાં કરવાને બદલે તેની જીવનનૌકાનું આખું સુકાન ફેરવી લે છે અને પોતાનું ધ્યેય નક્કી કરી સેંકડો સંકટોને દૂર કરવા માટે શસ્ત્રસજ્જિત શૂર, વીર અને ધીર લડવૈયો બને છે. સંસારના ઇતર શૂરવીરો પોતાનું સત્ત્વ અને માયા મુડી રક્ષવા બાહ્ય સંગ્રામ ખેડે છે. જ્યારે આ યોદ્ધો તે વસ્તુની ઉપેક્ષા કરી આત્મસંગ્રામમાંજ ખેલવાનુ પસંદ કરે છે. તેજ તેની બીજાથી ભિન્ન એવી વિવિક્ત ચર્યા.

ગુરુદેવ બોલ્યાઃ—

[એકાંત ચર્યા એટલે વિશ્વના પ્રવાહથી પોતાના આત્માને બચાવી લેવો. તેવી એકાંતચર્યાના લાભો અને ઉદ્દેશનું નિદર્શન.]

[૧] સર્વજ્ઞ પ્રભુએ ફરમાવેલી અને ગુરુદ્વારા સાંભળેલી આ (બીજી) ચૂલિકાને હું કહીશ કે જે ચૂલિકાને સાંભળી સદ્‌ગુણી સજ્જન પુરુષોની બુદ્ધિ શીઘ્ર ધર્મ તરફ ઉત્સાહિત બને છે
આ પ્રમાણે જંબુસ્વામીને ઉદ્દેશીને સુધર્મ સ્વામીએ કહ્યું હતુ તેજ મનક નામના શિષ્યને ઉદ્દેશીને શય્યંભવ ગુરુદેવ બોલ્યાઃ—

[૨] (નદીના પ્રવાહમાં તણાતા કાષ્ઠની પેઠે) સંસારના પ્રવાહમાં બહુ બહુ જનો વહેતા હોય છે. તે પ્રવાહની પર થવા માટે જેનું લક્ષ્ય જાગૃત થયું હોય તે મોક્ષાર્થી સાધકે જે પ્રવાહમાં સંસારી જીવો વહેતા હોય તેની સામી બાજુ એટલે કે તેનાથી ઉલટી પ્રવૃત્તિમાં પોતાના આત્માને યોજવો ઘટે.

નોંધ—મનુષ્યજીવન, યોગ્ય સમય અને સાધનો મળવા છતાં ઘણા મનુષ્યોને ભૌતિક જીવન સિવાયના ઇતર જીવનનો કશો ખ્યાલ હોતો નથી. તે બધા ઓઘા ઓઘિક પ્રકારના જીવો હોય છે. અર્થાત્ તેમની બધી ક્રિયાઓ પરંપરા પ્રમાણે બીજા કરતાં હોય છે તેમ થતી રહે છે. તે પૈકી કોઇક મોક્ષાર્થી સાધક જાગૃત થાય છે અને તે લોક પ્રવાહમાં ન તણાતાં પ્રત્યેક ક્રિયાઓમાં

[૩] જગતના પામર જીવો ભિખારી સુખ શોધવા માટે સંસારના પ્રવાહમાં ઘસડાઇ રહ્યા છે ત્યાં વિચક્ષણ સાધુઓની મન, વચન અને કાયાની એકવાક્યતા (શુભ વ્યાપાર)જ માત્ર તે પ્રવાહની વિરૂદ્ધ જાય છે. સારાંશ કે દુન્યવી જીવન હમેશાં એકજ પ્રવાહમાં વહેતું હોય છે, માટે સંસારથી પાર ઉતરવું હોય તો શ્રેયાર્થીએ માર્ગ બદલી નાખવો જોઇએ.

નોંધઃ—ચાલુ પ્રવાહમાંથી વેગ બદલતી વખતે સાધકને ખૂબ સાવચેતી રાખવાની હોય છે. દુન્યવી લોકોથી તેનું લક્ષ્ય ભિન્ન દેખાતાં કરોડો જનોની કરડી નજરો તેના પર ફરી વળે છે. તેથી કહ્યું છે કે " હરિનો મારગ છે શૂરાનો કાયરનું નહિ કામ જોને." પરન્તુ આખરે સંકટો સહી એક તેના અંતરાત્માનું બળ પૂરૂં પડી જાય છે અને તે સાધક પોતાનું કાર્ય સાધી શકે છે.

[૪] (હવે તેવા સાચા સુખના જિજ્ઞાસુ સાધકે લોકપ્રવાહની સામે જવામાં કયા બળને ખીલવવું જોઇએ તે કહે છે:–) પ્રથમ તો તેવા સાધકે સદાચારમાં માનસિક બળ કેળવી, સંયમ અને ચિત્ત-સમાધિની બરાબર આરાધના કરી લેવી ઘટે અને પછી ત્યાગી પુરુષોનાં જે ચર્યા, ગુણો અને નિયમો છે તે જાણી તે અનુસાર વર્તન બનાવવું જોઇએ.

નોંધઃ—ચર્યા એટલે કેમ સંયમીજીવન ગાળવું તે; ગુણો એટલે મૂળ તથા ઉત્તર ગુણોની આરાધના અને ભિક્ષાદિના નિયમો તે નિયમો. આ બધું જાણી આચરવા માટે સાધકે તૈયાર રહેવું ઘટે.

હવે નીચે તે વસ્તુ સ્પષ્ટ કરે છે

[૫] (૧) અનિયતવાસ (કોઈ પણ નિયત ગૃહ કે આશ્રમ કરી ન રહેવું અર્થાત્ વસુધામાં સર્વત્ર વિચરવું.) (૨) સમુદાનચર્યા (જુદા જુદા ઘરોમાંથી ભિક્ષા મેળવવી.) (૩) અજ્ઞાતોઞ્છ (અપરિચિત ગૃહસ્થોના ઘરોમાંથી બહુ અલ્પ અલ્પ ભિક્ષા મેળવવી.) (૪) એકાંતનું સ્થાન (જ્યાં સંયમની બાધક વસ્તુ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

(૭) [illegible] ([illegible] [illegible]) [illegible]

(૮) [illegible], [illegible], [illegible], નિશાળો [illegible] સ્થાનો) તથા [illegible] પાણી વગેરે પર મમત્વ [illegible] આપણે જીવનને [illegible] કરીને આવું ત્યારે [illegible] તેમજ કોઈ કામ, [illegible] પ્રતિજ્ઞા ન કરાવે. [illegible] મમત્વ ભાવ પણ કરી ન દે.

સમાજને વિશ્વાસપાત્ર રહેવા પામતો નથી. એવા એવા અનેક દોષોનો સંભવ છે એમ છતાં જૈનદર્શન એ અનેકાંતદર્શન છે. તેમાં પ્રાપ્ત થતાં કથનો એકાંત હોતાં નથી. અને તેથીજ તે ઉપરના શ્લોકમાં બતાવે છે કે જેનો સંગ આત્મ(સંયમ)ઘાતક થતો હોય તેવા સંગથી વિમુક્ત રહેવું એજ સમુચિત છે. સારાંશ કે એકચર્યા પ્રશંસનીય નથી તેમ એકાંતનિંદ્ય પણ નથી. છતાં વર્તમાન સમયે તો એકચર્યાનો પ્રશ્ન ખૂબજ ચિંતનીય અને વિવાદગ્રસ્ત છે. કારણકે વર્તમાન સાધુવર્ગમાં દેખાતી એકચર્યા બહુ મોટા પ્રમાણમાં સ્વચ્છંદવૃત્તિથી જન્મેલી નજરે પડે છે, અને જ્યાં સ્વચ્છંદ છે ત્યાં સાધુતાનો આદર્શ લુપ્ત થાય છે. આવે સ્થાને આ દૃષ્ટિએ એકચર્યા ત્યાજ્ય બને છે. પરંતુ જો તેમાં પણ કોઈ અપવાદિત એકચર્યા હોય અને આત્મસાધનાર્થે ઉત્પન્ન થઇ હોય તો તે અતિ પ્રશંસનીય છે. સારાંશ કે એકચર્યાની ઇષ્ટતા કે અનિષ્ટતાનો તોળ સંયોગબળો પર વિવેકની તુલાથી માપી લેવો ઘટે.

[૧] (ચાતુર્માસ્યમાં) જૈનભિક્ષુને એક સ્થાને વધારેમાં વધારે ચાર માસ સુધી અને અન્ય ઋતુઓમાં એક માસ સુધી રહેવાની આજ્ઞા છે, અને જે સ્થળે ચોમાસું કરેલું હોય ત્યાં બીજાં બે વર્ષો છોડી અને ત્રીજે રહી શકાય અને તેજ પ્રમાણે એક માસ જે સ્થળે રહ્યા હોય તેનાથી બમણો વખત બીજા ક્ષેત્રમાં ગાળી પછી ત્યાં માસ ભર રહેવું હોય તો રહી શકાય. એમ જૈન શાસ્ત્ર આજ્ઞા કરે છે. સારાંશ કે સૂત્રનો પરમાર્થ જે પ્રકારની આજ્ઞા કરે છે તે સૂત્રનાજ ફરમાવેલા માર્ગે ભિક્ષુ વિચરે.

નોંધઃ—શારીરિક વ્યાધિ કે બીજા કોઇ તેવા અનિવાર્ય અને મહાન કારણે કદાચ તે પ્રમાણમાં અપવાદ હોઈ શકે છે. કારણ કે એક સ્થળે વધુ રહેવાથી આસક્તિ કિંવા રાગ બંધન થાય અને આસક્તિ કે રાગબંધન એ સંયમનાં ઘાતક છે. તેથી સંયમની રક્ષાના હેતુએ જ તેમ કરવા ફરમાવ્યું છે તે વિવેક ભૂલવો ન જોઈએ.

એક માસ કે ચાતુર્માસ્ય જેટલો કાળ જે સ્થાને રહેવાનું ... તેનાથી બમણો કાળ બીજે સ્થળે પસાર થયા પછી ત્યાં તેટલે શકાય. એ પ્રમાણે સૂત્રની આજ્ઞા છે જુઓ આચારાંગ સૂત્ર.

[૧૨] વળી ભિક્ષુ રાત્રિને પહેલે પ્રહરે કે અંતિમ પ્રહરે પોતાના આત્માની પોતાના આત્માદ્વારા આલોચના (નિરીક્ષણા) કરે. કે મે આજે શું કર્યું ? બાકી શું કરવાનું છે ? મારાથી આચરવાનું શક્ય હોવા છતાં મે શું આચર્યું નથી ? બીજાજનો મને કેવો માને છે (ઉચ્ચ કે નીચ) ? મારો આત્મા દોષ પાત્ર તો નથી ને ? હું મારી કઇ ભૂલને છોડી શકતો નથી ? આ પ્રમાણે ખૂબખૂબ સંભાળપૂર્વક (સૂક્ષ્મ દોષને પણ જતો કર્યા વિના) વિચારીને ફરીથી ભવિષ્યમાં સંયમનું ઉલ્લંઘન (દોષો) ન થવા પામે તેવી ચીવટ રાખે.

[૧૩] ધૈર્યવાન ભિક્ષુ; કદાપિ (ભૂલથી) કોઇપણ કાર્યમાં મન, વચન કે કાયાથી લેશમાત્ર પણ દોષ થઇ જાય તો તેજ વખતે ઉત્તમ ઘોડો જેમ લગામથી તુરત વશ થાય છે તેમ પોતાના આત્મા (મન)ને વશ કરી સન્માર્ગમાં સ્થાપે.

[૧૪] જે ધૈર્યવાન અને જિતેન્દ્રિય સાધકોનું ઉપર કહ્યાં પ્રમાણે હમેશાં વર્તન રહે છે તેનેજ આ લોકના ઉત્તમ પુરુષો તરીકે જ્ઞાનીજનો માને છે અને તેજ સાચા સંયમમય જીવનથી જીવી જાણે છે.

નોંધઃ—થોડા વખત માટે સદ્વર્તન જાળવવું એ શક્ય છે. આપત્તિ ન આવે ત્યાં લગી તેવા લાંબા કાળ સુધી પણ વૃત્તિને સુરક્ષિત રાખવી શક્ય છે. પરંતુ સંકટોની અપાર ઝડીઓમાં પણ મન, વચન અને કાયાથી વ્રતમાં અડગ રહેવું તે જ ખરેખર દુઃશક્ય છે.

મન, વચન અને કાયાની એકવાક્યતા એ સંયમ જીવનનું આવશ્યક અંગ છે.

[૧૫] ખરેખર સમાધિવંત પુરુષોએ આ આત્માને જ ઈંદ્રિયો સહિત હમેશાં અસન્માર્ગમાં જતાં બચાવી લેવો જોઇએ. કારણ કે જો આત્મા અરક્ષિત (અવશ) હશે તો જન્મજરા મરણરૂપ સંસારના માર્ગમાં ભમવું પડશે અને આત્માજ જો વશ હશે તો તે સંયમી આ બધા દુઃખોથી મુક્તિ પામી શકશે.

નોંધઃ—શાસનના નિયમોને આધીન નહિ રહેતાં એકલા ફરવું, ગુરુકુળ વાસ ને છોડી જુદા વિહરવું એ કંઈ વિવિક્તચર્યા નથી અને એકચર્યા પણ નથી. આ તો કેવળ અનેકાંત ચર્યા જ છે.

જે એકચર્યામાં વૃત્તિની પરાધીનતા અને સ્વચ્છંદતાનો અતિરેક હોય તે એકચર્યામાં ત્યાગના વિકાસને બદલે દુરાચારની વૃદ્ધિ થવાનો જ વધુ સંભવ છે.

સ્વયં પોતાના જ પાપનું પ્રક્ષાલન, પોતાની જ શક્તિથી વિપત્તિઓનું વિદારણ અને પોતાનું જ પોતાને અવલંબન બનાવી એકાંત આત્મદમન કરવું તે જ આદર્શ એકચર્યા.

આત્મરક્ષાનો પ્રબળ ઉપાસક એ વીરસાધક આવી એકાંત (રાગદ્વેષ રહિત) ચર્યાનું રહસ્ય સમજી ઇંદ્રિયોની ચપળતા અને મનના દુષ્ટ વેગને આધીન ન થતાં કેવળ એકજ લક્ષ્ય રાખી પોતાનું સાધ્ય સાધી અને વીતરાગ ભાવની પરાકાષ્ઠા પામી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય એ જ સંયમ અને ત્યાગનું અંતિમ ફળ છે.

એમ કહું છું:—

એ પ્રમાણે વિવિક્તચર્યા નામની બીજી ચૂલિકા પૂર્ણ થઈ.



તુરતમાં બહાર પડનારાં પુસ્તકો

તમારા જીવનપથમાં પગલે ને પગલે પ્રેરણા પાનારી;
દરેક જિજ્ઞાસુને એક સરખી ઉપયોગીઃ

સાધક સહચરી

ેમાં ઉત્ત૦ દશ૦ તથા સૂય૦ સૂત્રના ચૂંટેલાં શ્લોકપુષ્પોનું
સુંદર વર્ગીકરણ કરી સુમધુર પુષ્પમાળા બનાવી છે.

ર પ્રાકૃત મૂળ શ્લોકો; તેની નીચે સમશ્લોકી ગૂર્જરગિરામાં
અનુવાદિત અનુષ્ટુપ શ્લોકો અને તેની નીચે ભાવવાહી
સંક્ષિપ્ત વિવરણ

卐

—પાપનું પ્રાયશ્ચિત—

આધુનિક યુગોચિત પ્રતિક્રમણ
બારે વ્રતોને લગતા દોષોનું પ્રાયશ્ચિત

જેની એક બાજુ પ્રાકૃત ભાષામાં મૂળ પદ્યો; તેની નીચે સંસ્કૃત
છાયાયુક્ત શ્લોકો, અને બીજી બાજુ ગુજરાતી ભાષામાં
અનુવાદિત પદ્યો અને તેની નીચે અસરકારક
વિસ્તૃત વિવરણ

કિંમત એક આ
ઠક આનો પૃષ્ઠ સંખ્યા ૧૦૦

